# મહારાજાશ્રી સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડની સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ



ડૉ. નરેશ જે. પરીખ

# ‘મહારાજાશ્રી સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડની સમાજ સુધારણાની પ્રવૃતિઓ’

ડૉ. નરેશ. જે. પરીખ
પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ,
કડી

Maharajashri Sayajirao (III) Gaikwad Ni Samaj Sudharnani Pravutio

Written by Dr. Naresh J. Parikh

2015

ISBN : 978 - 93 - 5126 - 047 - 9

© નરેશ જે. પરીખ

પ્રથમ આવૃતિ : જાન્યુઆરી, ૨૦૧૫
મૂલ્ય રૂ. ૧૨૦/-

ટાઈપ સેટીંગ : પટેલ વિશાલ બી.
મુદ્રણ : ન્યુ ભાગ્યલક્ષ્મી પ્રિન્ટર્સ
સ્ટેશન રોડ, કડી
(M) 9979139791

પ્રાપ્તિ સ્થાન :
ડૉ. નરેશ જે. પરીખ
એસોસિએટ પ્રોફેસર,
ઈતિહાસ વિભાગ,
પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટસ કોલેજ,
કડી(ઉ.ગુજરાત)
Email : navkar. naresh@gmail.com
(M) 9824344674

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના આર્થિક સહયોગથી પ્રકાશિત

# અર્પણ

પૂજ્ય છગનભા

તથા

પૂજ્ય માણેકલાલ એમ. પટેલ (સાહેબ)

## હું આભારી છું ................

પૂજય સ્વ. માતા અને પિતા.
મારા ગુરૂ ડૉ. ઈશ્વરલાલ ઓઝા....
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સર્વે મુરબ્બીઓ
પ્રિ. ડૉ. અજયભાઈ ગોર (સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ, કડી)
મારા સાથી મિત્રો બબાભાઈ, બાબુભાઈ, રમેશભાઈ, જયેશભાઈ, હરિભાઈ
જીવનસંગિની મયુરી
વ્હાલી દિકરી નૈયા

## આવકાર

મને અત્યંત પ્રસન્નતા થાય છે કે પ્રસ્તૃત પુસ્તક વાંચકોની વચ્ચે પહોંચી રહ્યું છે. મહારાજા સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડની સમાજ સુધારણાની પ્રવૃતિઓ ઇતિહાસ સબંધીત અનેક બાબતો આ પુસ્તકમાં રજૂ થયેલ છે. ડૉ.નરેશ જે. પરીખે ઐતિહાસિક સામગ્રીના ઉપયોગથી વિષય- વિશેષજ્ઞતાનો પરિચય આપ્યો છે. આ બાબત અભિનંદનીય છે અને ગ્રંથના સબંધમાં થોડા શબ્દો લખવા આ મારૂ પણ સૌભાગ્ય છે.

બ્રિટિશ શાસન સમયમાં ગાયકવાડ સયાજીરાવ ત્રીજાએ પોતાના શાસનકાળમાં પ્રજા સુસંસ્કારી, સુશિક્ષિત અને સુખી થાય તેવા હંમેશા પ્રયાસો કર્યા હતા. તેઓ વિદેશ પ્રવાસ દરમિયાન ત્યાંના સમાજનું ઝીણવટપૂર્વક નિરિક્ષણ કરી પોતાના રાજ્યની પ્રજા માટે ત્યાંની સારી બાબતો દાખલ કરી કઇ રીતે યોગ્ય સુધારા લાવી પ્રજાનું ઘડતર કરવું તે માટે સતત ચિંતન કરતા હતા. પોતાના રાજ્યમાં સમાજને પાયમાલ કરતા રીતરિવાજોની બેડીમાંથી મુક્ત કરાવવા કરેલા પ્રયાસોને લીધે તેઓ સમગ્ર દેશમાં સમાજ સુધારક તરીકે ઓળખાયા હતા. સયાજીરાવ ત્રીજાએ સામાજિક અરાજકતા જોઇ કહ્યું હતું કે,"રાજ્ય કારભાર ગમે તેટલો સુંદર હોય, સુવ્યવસ્થિત ચાલતો હોય, પણ જ્યાં સુધી લોકોને ઘર ન સુધરે ત્યાં સુધી સમાજરૂપી બાંધેલી ઇમારત કાચી જ ગણાય" સયાજીરાવ ત્રીજાએ આવા વિચારોના પરિપાકરુપે પોતાના શાસનકાળમાં સમાજ સુધારાને લગતા કેટલાક કાયદાઓ ઘડી અમલમા મુક્યા હતા. આથી તેમને લોકોની ટીકાઓ અને કુટુંબીજનોનો વિરોધ સહન કરવા પડ્યો હતો.

પુસ્તક્ના લેખકે આ પુસ્તકને કુલ છ પ્રકરણોમાં વિભાજીત કરીને ગુજરાતીમાં ગાયક્વાડી શાસન પૂર્વેની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતી કેવા પ્રકારની હતી  અને ક્રમશઃ ગુજરાતમાં ગાયકવાડ સત્તા કેવી રીતે સ્થાપાઇ જેમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને અમરેલી વિસ્તારનો સમાવેશ થાય છે. જે "મહાલ" તરીકેની ઓળખ ધરાવતો હતો. આ વહિવટી વિભાગો હતા વાસ્તવમાં પ્રત્યેક જગ્યાએ સમાજ ઉત્થાનની પ્રક્રિયા સમાન રહી હોવા છતાં સ્થાનિક સામાજિક, આર્થિક માળખા અને સ્થિતી અનુસાર તેને પ્રતિભાવ સમાજ તરફથી વધતે ઓછે અંશે પ્રાપ્ત થયો હતો. જે ઔતિહાસિકતથ્યો પર આધાર રાખે છે. આવી નાની અને મહત્વની બાબતોનો અભ્યાસ લેખતે હાથ-ધરીને આપણી સમક્ષ તેને લાવવાનો પ્રસંસનીય પ્રયાસ કર્યો છે.

ગાયકવાડી વિસ્તારોમાં ક્રમશઃ શાસકોએ ઉત્તરો ઉત્તર સ્થિતીમાં સુધારો લાવવાનો અને લાંબાગાળા સુધી તેની અસરો પડે તેવા પ્રકારની પણ કામગીરી કરી તે બાબતોને પોતાના પુસ્તકમાં લેખકે સમાવી છે.

પુસ્તકનો મધ્યવર્તી વિચાર સમાજસુધારાને સ્પર્શનારો રહ્યો છે. આ કાર્ય માટે હું ડૉ.નરેશ જે. પરીખને અભિનંદન આપવાનું પોતાનું કર્તવ્ય સમજુ છું. તેઓએ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિભિન્ન ઘટનાઓ, પરંપરાઓ, વ્યક્તિઓ, સામાજિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેની છણાવટ પોતાના પુસ્તકમાં કરી છે. માત્ર ઐતિહાસિક દ્રષ્ટિએ જ નહીં પરંતુ સમાજશાસ્ત્રીય, સાહિત્યીક દર્ષ્ટિએ પણ આ પુસ્તકનું મહત્વ સ્વીકૃતી મેળવનારૂ બની રહેશે.

આશા છે કે વાચનાર તથા ઇતિહાસવેત્તા પણ આ પુસ્તકમાં રહેલી માહિતીના મહત્વને સમજશે અને તેને ઇતિહાસની એક પુરક સામગ્રીના રૂપમાં તેનો સ્વીકાર કરશે.

અસ્તુ
તા. ૩-૩-૨૦૧૫
વલ્લભવિદ્યાનગર
સ્થાપના દિન (૭૦ મો)

ડૉ.પ્રો. જિગીષ એમ.પંડ્યા
પ્રોફેસર અને અધ્યક્ષ
અનુસ્નાતક ઇતિહાસ વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભવિદ્યાનગર

## લેખકના બે બોલ :

ગુજરાતના દેશી રજવાડાઓમાં વડોદરા રાજયના ગાયકવાડ શાસકો આધુનિક વિચારસરણી ધરાવતા હતા. તેમણે કરેલા લોકોપયોગી કાર્યોને લીધે વડોદરા રાજયે અદ્દ્ભૂત પ્રગતિ કરી હતી. સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના સાધનોની સગવડ તો મહારાજા સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ પહેલા થઈ ગઈ હતી. કેટલાક સામાજિક - ધાર્મિક કુરિવાજોને દૂર કરવાના પ્રયત્નોના બી રોપાઈ ચૂકયા હતા. ગણપતરાવ ગાયકવાડે ઉત્તર ગુજરાતમાં લેઉઆ પાટીદારોમાં દૂધપીતીનો રિવાજ બંધ કરાવ્યો હતો. આ ઉપરાંત ગરીબ મા - બાપ દ્વારા થતાં બાળકોના વેચાણ પર પ્રતિબંધ મૂકયો હતો. રેલ્વેની શરૂઆત પણ તેમના સમયમાં થઈ હતી. મોટા ભાગના ગાયકવાડ શાસકોએ પ્રાંતોની મુલાકાત લઈ પ્રજાના પ્રશ્નો સાંભળીને તેને નિવારવા અથાગ પ્રયત્નો કર્યા હતા.

મહારાજા સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડે લાંબા સમય સુધી રાજ કરી, વિવિધ ક્ષેત્રેમાં આમૂલ પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ અવાર - નવાર વિદેશની મૂલાકાતે જતા અને ત્યાં તેમણે જે જોયું - માણ્યું તેના સારા પાસાઓનો અમલ તેમણે તેમના વડોદરા રાજયમાં દાખલ કર્યા હતા. તેઓ પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા હતા. તેમણે રાજયનો વહીવટ સુંદર અને વ્યવસ્થિત ચાલે તે માટે લાયકાત ધરાવતા અધિકારીઓને વિવિધ ખાતાઓ આપ્યા. પોતાના વિશાળ રાજયને જુદાં જુદાં વિભાગોમાં વહેંચીને ત્યાં કાર્યક્ષમ દિવાનોની નિમણૂક કરી. મહારાજા સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ અવાર - નવાર પ્રાંતોની મુલાકાત લેતા હતા.

તેઓ માનતા હતા કે સમાજ સુધરશે તો જ દેશ સુધરશે. તેથી તેમણે સમાજ સુધારણાની પ્રવૃતિ શરૂ કરવા કાયદાઓનો સહારો લીધો. સમાજમાં વિવિધ સામાજિક કૂરિવાજોને દૂર કરવા માટેની જાગૃતિ આવી ન હતી તેથી મહારાજા સયાજીરાવે (ત્રીજા) સમાજના મોભી માણસોને બોલાવી તેમની સાથે ખુલ્લા દિલથી ચર્ચા કરી, તેમનો મત સાંભળ્યા પછી રાજયમાં કાયદો લાગુ કરતા. પ્રસ્તુત મારા આ પુસ્તકમાં મહારાજા સયાજીરાવ (ત્રીજા) ાાયકવાડે તેમના સમયમાં લાગુ કરેલ વિવિધ સામાજિક ધાર્મિક સુધારણા ના કાયદાઓ રજૂ કર્યા છે. આ વિષયનો અભ્યાસ કરવા માટે મે વડોદરા, કોઠી બિલ્ડીંગમાં સચવાયેલ તેમના સમયના વિવિધ દસ્તાવેજો, ફાઈલોનો છૂટથી અભ્યાસ કર્યો છે. આ દફતર કચેરીમાંથી કેટલાંક મૂળ પત્રો મળ્યા છે તેને અહીં રજૂ કરેલ છે.અપ્રગટ મહાશોધ અને લઘુશોધ નિબંધો, પ્રાચીન અને અર્વાચીન પુસ્તકો, વોલ્યુમર્સ, ગેઝેટિરયર્સ તથા ઈતિહાસના સંશોધનકારો સાથે ગોઠવેલ મુલાકાતો ધ્વારા

પણ મારા વિષયને ન્યાય આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. ઈતિહાસ રસિકોને આ પુસ્તક જરૂરથી ગમશે એમ મારુ માનવું છે, અંતે પુસ્તક લખવામાં ઉપયોગમાં લેવાયેલ સાધન સામગ્રીનો ઉલ્લેખ કરેલ છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર તરફથી આ પુસ્તકના પ્રકાશન માટે આર્થિક સહાય મળી છે તે માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબ તથા કુલપતિ શ્રી ડી.ટી. કાપડીયા સાહેબનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

ડૉ. નરેશ. જે. પરીખ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. ભૂમિકા | ૧૦ |
| ૨. પ્રારંભના ગાયકવાડ શાસકો | ૧૬ |
| ૩. મહારાજાશ્રી સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ | ૩૦ |
| ૪. વહીવટીતંત્ર | ૩૯ |
| ૫. સામાજિક - ધાર્મિક સુધારણા | ૪૭ |
| ૬. ઉપસંહાર | ૭૫ |
| ૮. પરિશિષ્ટો | ૭૮ |
| ૭. સંદર્ભગ્રંથ સૂચિ | ૧૨૫ |

# ૧. ભૂમિકા

## : ગુજરાત અને શિવાજી :

મરાઠાઓ અને ગુજરાત વચ્ચેના સંબંધનો પ્રારંભ સત્તરમી સદીના ઉત્તરાર્ધ પછી થયો. ગુજરાત ઉપર શિવાજીએ ઈ.સ. ૧૬૬૪માં પ્રથમ આક્રમણ કર્યું એ પહેલા તેમણે બહિરજી નાયકને જાસૂસ તરીકે ગુજરાતમાં મોકલ્યો હતો. આ મરાઠા જાસૂસે નાસિકની યાત્રાનું બહાનું કાઢીને ડાંગના જંગલનો ખૂદીને સૂરતમાં પ્રવેશ કર્યો હતો. બાહિરજીના જાસૂસી અહેવાલ ને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પ્રથમ મરાઠા આક્રમણ સુરત પર થયેલું. કારણ કે, સુરત મુઘલ સામ્રાજયનુ સૌથી સમૃધ્ધ અને સંપત્તિવાન નગર હતું. પરિણામે ૬ઠ્ઠી જૂન, ૧૬૬૪માં રોજ સુરત પર હુમલો કરી આશરે એક કરોડ જેટલા રૂપિયાની લૂંટ કરીને મહારાષ્ટ્ર ભેગી કરવામાં આવી.

એક વર્ષ બાદ અલીબાગ પાસે શિવાજીના નૌકાકાફલાએ ખંભાતના અખાતના મૂળમાં પ્રવેશ કરીને હાજીઓથી ભરેલા એક જહાજનો કાફલો લૂંટયો કારણ કે એ કાલમાં સૂરત 'બાબ-ઉલ-મકકા' તરીકે ઓળખાતું હતું. ત્યારબાદ ઈ.સ. ૧૬૬૬ માં શિવાજીના એક અધિકારીએ સુરત જિલ્લાના કેટલાક પ્રદેશો પર આક્રમણ કર્યું. તેને પગલે પગલે ઈ.સ. ૧૬૭૦ માં શિવાજીએ ૧૫,૦૦૦ ના લશ્કર સાથે સુરત ઉપર આક્રમણ કરીને પુષ્કળ લૂંટ કરી. આ લશ્કરી સાહસે ગુજરાતમાં મરાઠી સત્તા સ્થાપવાનો માર્ગ સરળ બનાવ્યો.

ઈ.સ. ૧૬૭૧માં પણ શિવાજીએ સુરત લૂંટવા પોતાના લશ્કરને હુકમ કરેલો પરંતુ પાછળથી આ વિચાર માંડી વાળ્યો. એક વર્ષ પછી પારડી પાસેના પારનેર અને બગવાડના કિલ્લાઓ જીતીને તેમણે ગુજરાતમાં મરાઠી શાસનનો પ્રારંભ કર્યો. આજ અરસામાં હસાજી મોહિતેને ભરુચ મોકલવામાં આવ્યો એટલું જ નહી ઔરંગઝેબના શાહજાદા અકબરને પકડીને પોતાના કબજે કર્યો આ ઘટના પછી શિવાજીએ ગુજરાત તરફ દષ્ટિ કરી નહિ.

## : છત્રપતિ શાહુ અને ગુજરાત :

અઢારમી સદીના પૂર્વાર્ધમાં લગભગ સમગ્ર ભારતમાં મુઘલ સત્તાના પાયા ડગમગી ગયા હતા. ગુજરાતમાં પણ લગભગ અરાજકતા જેવી સ્થિતિ હતી. તેથી જ છત્રપતિ શાહુ એ પોતાના ખંડેરાવ દાભાડે નામના એક અત્યંત વિશ્વાસુ સરદાર ને ગુજરાતમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવા માટે નિયુક્ત કર્યો. આ પહેલા પણ ગુજરાતમાંના મુઘલ સામ્રાજયની નિર્બળ સ્થિતિનો દાભાડે એ બરાબર લાભ ઉઠાવ્યો હતો. તેણે ઈ.સ. ૧૭૦૦ થી ૧૭૦૪ દરમ્યાન ગુજરાત ઉપર બે આક્રમણો કરીને મુઘલ લશ્કરને હરાવવામાં સફળતા મેળવી હતી. ઈ.સ. ૧૭૦૫ માં તો તેણે નર્મદા પાર કરીને ગુજરાતના હાર્દમાં પ્રવેશ કર્યો.

ગુજરાતનો હવાલો તેને સોંપાતાં ઈ.સ. ૧૭૭૩ માં દાબાડે એ ગુજરાતમાં મહેસૂલ લઈને દિલ્હી જતા ખજાનાને રસ્તામાં લૂંટી લીધો. પરિણામે તેની સામે મુઘલ સમ્રાટે ઝૂલ્ફીકાર બેગને મોકલ્યો પરંતુ તે પણ મરાઠાઓ સામે હારી ગયો. દાભાડેની આવી જલવંત સફળતાની કદરરુપે પેશ્વાએ તેને ગુજરાતના સેનાપતિ તરીકે નિયુક્ત કર્યો.

## : ગાયકવાડ અને ગુજરાત :

આ અરસામાં ગાયકવાડના પ્રથમ સરદાર દામાજીરાવે ગુજરાત પ્રવેશ થયોં. આ દામાજીરાવે દાબાડે સાથે નિઝામ સામેના બાલાપુરના યુધ્ધમાં અત્યંત બહાદુરી બતાવેલી.

પરિણામે છત્રપતિ શાહુનું ધ્યાન આ ગાયકવાડી સરદાર તરફ ખેંચાયું. તેમના પરાક્રમથી ખુશ થઈને શાહુએ દામાજીરાવે 'સમશેર બહાદુર' નો ઈલ્કાબ અને દાબાડે પછીનું સ્થાન આપ્યું. આમ, દામાજીરાવ દાભાડેના નાયબ બન્યા. બાલાપુરના યુધ્ધને મરાઠાઓના ઉદયમાં સિમાચિન્હ તરીકે ઓળખવામાં આવે છે.

એજ રીતે આ ઘટનાને ગાયકવાડ કુટુંબના ઉદય માટે પરિવર્તનકારી ગણવામાં આવે છે. આમ આ યુદ્ધ વખતે ગાયકવાડ કુટુંબનો પ્રથમ ઉલ્લેખ થયો.

ગાયકવાડનું મૂળ ગામ 'દાવડી' હતું જે પૂના જિલ્લાના ખેડ તાલુકામાં આવેલું છે. ગાયકવાડોના મૂળ પુરુષ નંદાજીરાવના ચોથી પેઢીએ પિલાજીરાવ દાવડીના પરંપરાગત 'પાટીલ' બનવામાં સફળ થયા. નંદાજીએ માવળ પ્રદેશના ભોર નામના

સંસ્થાનના એક જિલ્લાના એક અધિકારી તરીકે પોતાની કારકીર્દિનો પ્રારંભ કર્યો હતો. એમ કહેવાય છે કે, એક વખત એક મુસલમાન કસાઈ ગાયોનું ટોળું લઈને કિલ્લા પાસેથી પસાર થતો હતો. ત્યારે નંદાજીએ દયા વશ થઈ ને કિલ્લાની બાજુમાં આવેલા દરવાજામાં ગાયોને દાખલ કરી તેનું રક્ષણ કર્યું અને ગાયો ને બચાવી લીધી. મરાઠી ભાષામાં દરવાજા ને 'કવાડ' કહેવાય છે.

તેથી તેમના કુટુંબને ગાયકવાડ પરથી 'ગાયકવાડ' ના નામે ઓળખવાનો પ્રારંભ થયો.

નંદાજીની આ પેઢીમાં પિલાજીરાવ પછી જેની નોંધ લઈ શકાય તેવુ વ્યકિતત્વ દામાજીરાવ જ હતું ઈ.સ. ૧૭૨૧ માં તેમનું અવસાન થયું.

## : પિલાજીરાવ ગાયકવાડ અને વડોદરાની પ્રાપ્તિ :

દામાજીરાવના મરણ પછી તેમના ભત્રીજા અને દત્તકપુત્ર પિલાજીરાવ વારસ બન્યા. તેમણે દામાજીરાવના પગલે ગુજરાતમાં આગળ વધવાનું નક્કી કર્યું અને તુરત જ સુરતના મુઘલ સેનાપતિને હરાવવામાં સફળતા મેળવી. ત્યારબાદ બીજી વખત મુઘલોને હરાવીને સોનગઢમાં ગુજરાત ખાતેનું વડું મથક સ્થાપ્યું. તેમણે તો જોતજોતામાં નાંદોદ અને સાગબાર વચ્ચેનો પ્રદેશ જીતી લીધો. આમ, પિલાજીરાવ ગુજરાતમાં મરાઠા સત્તાને સ્થિર કરવામાં સફળ રહયા. ઈ.સ. ૧૭૨૩માં તે ગુજરાતના કેટલાક ભાગોમાંથી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવામાં સફળ થયાં કારણ કે, કંથાજી બાંડે સાથેના સંઘર્ષને અંતે થયેલ સમજૂતી અનુસાર મહી નદીના દક્ષિણના વિસ્તારમાં ચોથ ઉઘરાવાનો અધિકાર પિલાજીને મળ્યો હતો. આ પ્રકારની વહેંચણીથી વડોદરા પિલાજીને મળ્યું જે પાછળથી ગાયકવાડના શાસનની રાજધાની બન્યું.

## : સેના ખાસ ખેલ :

આ સમય દરમિયાન પેશ્વાની ગુજરાતમાં દિલચશ્પી વધી ગઈ. મુઘલ સૂબા શેરબુલંદખાન ને મદદ કર્યાના બદલામાં ચોથ અને સરદેશમુખીનો અધિકાર મેળવ્યો. આ પ્રકારના હક પેશ્વાને મળવાથી ગુજરાતમાંના ગાયકવાડ જેવા મરાઠા સરદારોનુ નુકશાન થતું હતું. પરિણામે પેશ્વા સાથે તેમને યુદ્ધ થયું. જેમાં પિલાજીરાવનો પુત્ર વીરગતી પામ્યો પરિણામે પિલાજીરાવએ પેશ્વા સાથે સમાધાન કરી દીધું.

આ સમાધાન પ્રમાણે દાભાડેના પૌત્ર યશવંતરાયને ગુજરાતનો હવાલો

સોપાયો. યશવંતરાવ સગીર હોવાથી પિલાજીરાવને તેના રક્ષક તરીકે નીમીને છત્રપતિ શાહુએ પિલાજીરાવને 'સેના ખાસ ખેલ' નો ઈલ્કાબ આપ્યો. મજબૂત બનેલા પિલાજીરાવએ હવે ગુજરાતના મુઘલ સુબા અભયસિંહ ધ્વારા પઠાવી લેવાયેલા પોતાના વિસ્તારો પુનઃ જીતી લીધા. ઈ.સ. ૧૭૩૫ માં તેના ભાઈ મલ્હારરાવ ધ્વારા વડોદરા પર કાયમી ધોરણે કબજો કરાયો. પરંતુ અભયસિંહે પાછળથી દગો કરીને ડાકોર મુકામે પોતાના માણસો ધ્વારા પિલાજીરાવનો ઘાત કરાવ્યો.

## : દામાજીરાવ :

પિલાજીના અવસાન પછી તેમના પુત્ર દામાજીરાવે (બીજા) ગુજરાતનો હવાલો સંભાળ્યો અને પિતાના ઘાતનું વેર વાળવા અમદાવાદ ઉપર આક્રમણ કર્યું એટલુ જ નહિ અભયસિંહ ના રાજય જોધપુર ઉપર પણ હલ્લો લઈ જવાયો, પરિણામે અભયસિંહ ને જોધપુર બચાવવા માટે અમદાવાદ છોડીને આવવું પડયું. તેની જગ્યાએ નિમાયેલા નવા મુઘલ સૂબા મોમિનખાન ને અમદાવાદ જીતવામાં મદદ કરવાના બદલામાં દામાજીરાવે મહી નદીના ઉત્તર ભાગના પ્રદેશોમાંથી મહેસૂલ ઉઘરાવવાના અધિકારો પ્રાપ્ત કરી લીધા. આમ ગાયકવાડોના ઉત્તર ગુજરાત પ્રવેશનો માર્ગ મોકળો થયો.

આમ દામાજીરાવની તાકાતમાં ઘણો જ વધારો થયો. તેમણે ઈ.સ. ૧૭૪૦ માં બોરસદ જીતી લીધું અને નિઝામના કબજાના ભરુચ ને ઘેરો ઘાલ્યો. આને પરિણામે દક્ષિણ ગુજરાતમાં પણ જંબુસર, દહેજ, કોરલ પરગણું અને ભરુચનુ મહેસૂલ જકાતનો ૩/૫ ભાગ ગાયકવાડ ને મળતો થયો. ઈ.સ. ૧૭૪૬ માં તેમણે સોરઠમાંથી પણ ખંડણી ઉઘરાવી અને કાનોજી ટાકપર નામના પ્રતિનિધિ ને સૌરાષ્ટ્રમાં રાખ્યો.

## : મરાઠાઓનો અમદાવાદમાં વિજય પ્રવેશ :

પૂના ખાતે છત્રપતિ શાહુ નું અવસાન થતાં પેશ્વા અને શાહી વારસ તારાબાઈ વચ્ચે આંતર સંઘર્ષ નો આરંભ થયો. દામાજીરાવ પેહેલેથી જ પેશ્વાના વિરોધી હતા. તેથી સ્વાભાવિક છે કે તે આ આંતર વિગ્રહમાં તારાબાઈના પક્ષકાર બને ! પરિણામે દામાજીરાવ ગુજરાતમાંથી મોટું લશ્કર લઈને તારાબાઈની મદદે પૂના આવવા નીકળ્યા. શાલ્પીઘાટ ઓળંગીને તેમણે પેશ્વા સાથે યુધ્ધ શરૂ કર્યું. ખાનદેશમાં બહાદુરપુર ખાતે ૧૮મી ફેબ્રુઆરી, ૧૮૫૧ માં તેમણે પેશ્વાના લશ્કરને હરાવવામાં સફળતા મળી. પરંતુ સતારા પાસેના યુધ્ધમાં તેમની હાર થઈ અને બાલાજીએ તેમને પકડી ને પૂણે ના

લોહગઢના કિલ્લામાં પૂરી દીધા. છેવટે પેશ્વાની કડક શરતો સ્વીકારીને કેદમુક્ત બન્યા.

આ અરસામાં અમદાવાદ પર જર્વામર્દખાન બાબી નો કબજો હતો. સાબરકાંઠા અને બનાસકાંઠા ના અંતરિયાળ વિસ્તારોમાં જયારે આ છેલ્લો મુઘલ સુબો ખંડણી ઉઘરાવવા ગયો ત્યારે પેશ્વા બાબાજીના ભાઈ રઘુનાથરાવે અને દામાજીરાવે અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. મરાઠાઓના આક્રમણના સમાચાર મળતાં જ જર્વામર્દખાને અમદાવાદ આવીને મરાઠાઓનો સામનો કર્યો. છ અઠવાડિયા સુધીના અવિરત સંઘર્ષ પછી પણ તે હાર્યો અને તેને અમદાવાદ મરાઠાઓ ને હવાલે કરવાની ફરજ પડી.

એપ્રિલ, ૧૭૫૭ સુધીમાં મરાઠાઓનો અમદાવાદ પર મજબૂત કબજો થઈ ગયો. રઘુનાથરાવે દામાજીરાયના પુત્ર સયાજીરાવ ને અમદાવાદ માં પોતાના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કર્યો. આમ ગાયકવાડોના અમદાવાદ પ્રવેશ પછી ઉત્તર ગુજરાત જીતવાનું સરળ બની ગયું.

## : ઉત્તર ગુજરાતમાં ગાયકવાડનો પ્રવેશ :

ઈ.સ. ૧૭૬૧ માં પાણીપતના ત્રીજા યુધ્ધમાં અહમદશાહ અબ્દાલીનો મૂકાબલો કરવા માટે ગયેલ મરાઠા લશ્કરમાં દામાજીરાવનો પણ સમાવેશ થતો હતો. આ યુધ્ધમાં મરાઠા સેનાપતિ સદાશિવરાવ ભાઉની ભૂલો ને કારણે વિજય મળી શકયો નહિ. પરિણામે દામાજીરાવે (બીજા) પણ સમય સૂચકતા વાપરીને યુધ્ધનું મેદાન છોડીને ગુજરાત તરફ પ્રયાસ કર્યું.

## : દામાજીરાવ વિસનગર (ઉ.ગુજરાત) માં :

મરાઠાઓએ અમદાવાદ કબજે કરીને મુઘલોના છેલ્લા અવશેષ જર્વામર્દબાન બાબીને દૂર કર્યો હતો. આમ છતાં ઉત્તર ગુજરાતના મહત્વના વિસ્તારો હજુ પણ બાબીઓ પાસે હતા. એ સમયે વિસનગર બાબીઓનો ગઢ ગણાતો હતો. આ વિસ્તારમાં વિસનગરને મુખ્ય મથક બનાવીને બાબી સરદાર જોરાવરખાન વહીવટ કરતો હતો. પરિણામે દામાજીરાવે જોરાવરખાન બાબી પર આક્રમણ કર્યું. ગાયકવાડના લશ્કરે જે દરવાજાથી વિજય પ્રવેશ કર્યો તે દરવાજો ફતેહ દરવાજા તરીકે ઓળખાયો. આઝાદી પછી આ દરવાજાને પાડી નાખવામાં આવ્યો હતો. છતાં આ વિસ્તાર 'ફતેહ દરવાજા' તરીકે ઓળખાય છે.

બાબીઓ અને મરાઠાઓ વચ્ચે થયેલા આ યુધ્ધમાં જોરાવનખાન બાબી અત્યારના વિસનગરના મીરાંના ખાંચા (દરબાર રોડ) પાસે કામ (શહીદ) થયો આજે પણ તેનો

મકબરો દેળિયા તળાવને કિનારે આવેલો છે. આમ, વિસનગર પર ગાયકવાડે કબજો મેળવીને ઉત્તર ગુજરાતમાં પોતાની સત્તાનાં મંગળાચરણ કર્યા. દામાજીરાવ ગાયકવાડ ઈ.સ. ૧૭૬૩ થી ૧૭૬૬ સુધી ત્રણ વર્ષ વિસનગર રહયાં. તેણે પોતાના ઉત્તર ગુજરાતના રાજયની રાજધાની વિસનગરને બનાવી અને બાબીઓ સામે લડવા માટે એક શસ્ત્રાગારની સ્થાપના કરી. તેમાં તોપો, દારુગોળા, બંદૂકો વગેરે રાખવામાં આવ્યાં હતા. આ વખતે પેશ્વા સાથે કરેલ દામાજીરાવનો પત્ર વ્યવહાર મહત્વનો છે.

## : રાજધાની ફેરબદલી :

વિસનગર જીત્યા બાદ દામાજીરાવે પાટણ ઉપર ચઢાઈ કરીને ઉતર ગુજરાતની આ મહત્વની નગરી પણ જીતી લીધી. એટલું જ નહી સોનગઢથી પોતાની રાજધાની ખસેડીને પાટણમાં લાવવામાં આવી. (ઈ.સ.૧૭૬૬ - ૬૭) ત્યારબાદ ઈ.સ. ૧૭૬૭ - ૬૮ માં જર્વાંમર્દખાન બાબીના પુત્રો પાસેથી ત્રણ તાલુકાઓ સમી, મુજપુર અને રાધનપુર પણ લઈ લીધા, આ તાલુકાઓમાં બાબીવંશના શાસકોનું શાસન હતું. આમ અહી બાબીઓની સતાઓનો અંત આવ્યો. તા. ૧૮મી ઓગસ્ટ, ૧૭૬૮ માં દામાજીરાવનું અવસાન પાટણમાં થયું.

## : દામાજીરાવનું અવસાન :

એમ કહેવાય છે કે દામાજીરાવનું અવસાન કોઈ રસાયણિક પયોગથી થયું હતું. તેમના અવસાન બાદ તેમના સ્મારક તરીકે કોઠી કૂઈ દરવાજા પાસે કોટની અંદર ભાગમાં આવેલા બગીચામાં છતરડી ઉભી કરવામાં આવી છે. આ છતરડી પથ્થરબંધી છે. છતરડીના ગર્ભગૃહ પર દક્ષિણી પ્રકારનું પિરામીડ આકારનું શિખર બાંધવામાં આવેલું છે. આમ દામાજીરાવ ગાયકવાડે મરાઠી સત્તાને - ગાયકવાડી સત્તાને મજબૂત કરવાનો પ્રયત્ન કર્યો હતો તેમાં તેઓ સફળ રહયા હતા. તેમની પ્રવૃતિઓ ઉતર ગુજરાત પૂરતી મર્યાદિત રહી એમ કહી શકાય.

# ૨. પ્રારંભના ગાયકવાડ શાસકો

## : સયાજીરાવ પહેલા :
## (ઈ.સ. ૧૭૬૮ થી ૧૭૭૮)

આગળ જોયું તે મુજબ દામાજીરાવે (બીજા) બાબીઓ પાસેથી સત્તા લઈને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારો પર કબજો જમાવી લીધો અને પાટણને પોતાની રાજધાની બનાવી શાસન કર્યું. જોકે તેમનો શાસનકાળ ટૂંકો હતો. દામાજીરાવ(બીજા) ના મરણ બાદ રાજગાદી માટે અંદરો અંદર ઝઘડાઓ, તકરારો શરૂ થઈ. દામાજીરાવને ત્રણ પત્નીઓ અને છ પુત્રો હતા. તેમની પ્રથમ પત્ની મનુબાઈનો પુત્ર ગોવિંદરાવ હતો. તેમની બીજી પત્ની કાશીબાઈનો પુત્ર સયાજીરાવ હતો. જ્યારે ત્રીજી પત્ની ગંગાબાઈને ફતેસિંહરાવ, પિલાજીરાવ, માનાજીરાવ, અને મુરારરાવ એમ ચાર પુત્રો હતા.

આ બધાયમાં સૌથી મોટો સયાજીરાવ હોવાથી તે ગાદી માટે ખરો હકદાર હતો. પરંતુ રાજ્ય ચલાવવામાં તદ્દન બિન આવડતવાળો હતો. પહેલી પત્નીનો પુત્ર ગોવિંદરાવ તો પૂણેમાં પેશ્વાની કેદમાં હતો. જ્યારે ત્રીજી પત્નીના પુત્રોમાં ફતેસિંહરાવ ખૂબ જ બાહોશ, ચંચળ અને ખટપટોથી કાબેલ હતો.

ગોવિંદરાવે પ્રથમ પત્નીનો પુત્ર હોવાથી ગાદી માટે દાવો રજૂ કર્યો. ફતેસિંહરાવે તેને ટેકો આપ્યો. ગોવિંદરાવે રઘુનાથરાવ, અંગ્રેજો, પૂર્ણે દરબાર, સિંધિયા અને કડીના ભત્રીજા પાસે મદદ માગી. પરંતુ કોઈએ તેને મદદ કરી નહી. ફતેસિંહરાવ ગુજરાતમાં હોવાથી તેણે વડોદરાની આજુબાજુના પ્રદેશો જીતી લીધા. આ રીતે તેણે પોતાનો પક્ષ મજબૂત બનાવ્યો. કેદમાં રહેલ ગોવિંદરાવ ગાદી માટે અનેક દાવાઓ રજૂ કરી શકે તેમ હતો. આથી પેશ્વાએ તેની પાસે રઘુનાથરાવને મદદ કરવા બદલ અને પોતાની સામે બંડખોર પ્રવૃતિ કરવા બદલ ૨૩,૦૦,૦૦૦/- લાખ રૂપિયા દંડ તરીકે, અગાઉના વર્ષની ખંડણી પેટે ૫ ૧/૪ લાખ રૂપિયા અને બાબીઓ પાસેથી નવા પ્રદેશો મેળવેલા તે બદલ ૧,૦૦,૦૦૦/- લાખ રૂપિયા આપવા જણાવ્યું. ગોવિંદરાવે ઉપરોક્ત બધી જ કડક શરતો સ્વીકારી વધુમાં 'સેના-ખાસ-ખેલ' નું બિરુદ માન્ય રખાવવા બદલ ગોવિંદરાવે ૨૦,૦૦,૦૦૦/- લાખ રૂપિયા અને દરબારી ખર્ચ માટે ૫૦,૦૦૦/- હજાર રૂપિયા અને બીજી વસ્તુઓ આપવાનું કબલ્યું.

આટલી બધી રકમની કબૂલાત આપવા છતાંયે ગોવિંદરાવ ઈ.સ. ૧૭૬૮ સુધીમાં પૂણે છોડીને વડોદરા આવી શકયો નહી. આ રીતે ગોવિંદરાવે રાજયગાદી મેળવવા ઘણા ધમપછાડા કર્યા પરંતુ તે રાજગાદી મેળવી શકયો નહી.

ઈ.સ. ૧૭૭૧માં સયાજીરાવના હકક માટે ફતેસિંહરાવે પૂણેના પેશ્વા સાથે વાટાઘાટો શરૂ કરી પેશ્વાએ અગાઉના ગોવિંદરાવની તરફેણમાં જે નિર્ણય હતો તે ફેરવીને પોતાના દરબારમાં રહેલ ન્યાયાધીશ રામરાવ શાસ્ત્રીની સલાહ મુજબ સયાજીરાવને કાયદેસરના હક્કદાર ઠેરવીને 'સેના - ખાસ - ખેલ' જાહેર કર્યા. સયાજીરાવના નાયક તરીકે ફતેસિંહરાવની નિમણુંક પેશ્વાએ માન્ય રાખી. ગોવિંદરાવને મનાવવા વાર્ષિક ૨,૦૦,૦૦૦/- લાખ રૂપિયા અને વડોદરાની પાસે આવેલ પાદરા ગામની જાગીર આપવામાં આવી. હવે ગોવિંદરાવ અને ફતેસિંહરાવ એકબીજાના દુશ્મન બન્યા અને બન્ને વચ્ચે આંતરિક સંઘર્ષો પણ શરૂ થયા.

આ બાજુ પૂણેમાં ઘણા ફેરફારો થયા. પેશ્વા માધવરાવનું ૧૮ મી નવેમ્બર ૧૭૭૨ ના રોજ અવસાન થયું. માધવરાવની જગ્યાએ હવે તેમનો નાનો સાઈ નારાયણરાવ સત્તર વર્ષની વયે પેશ્વા પદે આવ્યો. પરંતુ રઘુનાથરાવની પત્ની એ નારાયણરાવની હત્યા કરાવી. રઘુનાથરાવ જાતે પેશ્વા બની બેઠો. થોડો સમય બાદ નારાયણરાવની પત્નીએ પુત્રને જન્મ આપતાં મરાઠા મંત્રી મંડળે નારાયણરાવના પુત્રને પેશ્વા જાહેર કર્યો અને રઘુનાથરાવને પૂણેમાંથી કાઢી મુકવામાં આવ્યો. રઘુનાથરાવે વડોદરા ઉપર હુમલો કર્યો. આ આંતર સંઘર્ષમાં કડીના જાગીરદાર ખંડેરાવે તેને પૂરેપૂરી મદદ કરી. તદ્ઉપરાંત તેણે અંગ્રજોની પણ મદદ લીધી. આમ છતાં ફતેહિરાવ હારવાની અણી પર જ હતા, તે જ સમયે પૂણે થી હરીપંત ફડકે, મહાદજી સિંદે વધારાની કૂમક સાથે તેની મદદે આવી પહોંચતાં ગુજરાતમાં આણંદ નજીક રઘુનાથરાવને હરાવવામાં સફળતા મળી. રઘુનાથરાવ હારી જતા ખંભાત થઈને સુરત આવ્યો.

ઈ.સ. ૧૭૭૫માં સુરતના કરાર થયા બાદ ગોવિંદરાવ અને રઘુનાથની મદદમાં મુંબઈના અંગ્રેજ ગવર્નર કર્નલ કીર્ટિંગને મોકલ્યો. કર્નલ કીર્ટિંગ ખંભાત નજીક રઘુનાથ રાવના લશ્કર સાથે જોડાયો. ગોવિંદરાવના પણ આઠસો પાયદળ અને ઘોડેસ્વાર દળ સાથે આવી તે મળ્યો. પરંતુ બરાબર અણીના સમયે જ કડીના જાગીરદાર ખંડેરાવે પાટલી બદલી અને ફતેસિંહરાવના પક્ષમાં સામેલ થયો. પેશ્વાનું લશ્કર જેવું પાછુ ફર્યું કે

તરત જ ફતેસિંહરાવ ઉપર ઘેરો ઘાલવાનો ગોવિંદરાવે કર્નલ કીર્ટિંગ ને હુકમ કર્યો. કર્નલ કીર્ટિંગ હુકમનો અનાદર કરીને ફતેસિંહરાવને ડભોઈ-વડોદરા વચ્ચે ઢાઢર નદીને કિનારે આવી મળ્યો. અહિંયા બન્ને વચ્ચે સમજૂતી થઈ. આમ હવે ફતેસિંહરાવના પક્ષમાં અંગ્રેજો પણ આવી ગયા. ફતેસિંહરાવે રઘુનાથરાવને પોતાના પક્ષમાં લેવા પ્રયત્ન કર્યા. આ માટે તેણે રઘુનાથરાવ ને ત્રણ હજાર ઘોડેસ્વાર અને આઠ લાખ રૂપિયા આપવાનુ કબુલ્યું. અંગ્રેજોને પણ ભરુચ, ચીખલી, સુરત, વરીયાળી અને નર્મદા નદી પરનુ કોરલ પરગણું આપવાનુ નક્કી કર્યું. આમ, કૂટનીતિથી ફતેસિંહરાવે અંગ્રેજો અને રઘુનાથરાવને પોતાની તરફેણમાં કર્યા. આ સમય દરમ્યાન ઈ.સ. ૧૭૭૮ માં સયાજીરાવનું અવસાન થયું.

સયાજીરાવના મરણ બાદ ફતેસિંહરાવને ગાદી આપવામાં આવી, પોતાના હક્કનો સ્વીકાર કરાવવા ફતેસિંહરાવે પેશ્વાના દરબારના મંત્રીઓને એક લાખ રૂપિયાની ભેટ આપી અને સાડા દસ લાખ રૂપિયા પેશ્વાને આપ્યા. આમ સયાજીરાવના મૃત્યુ બાદ ફતેસિંહરાવ ગુજરાતમાં સત્તાધીશ બન્યો. સયાજીરાવના સમયમાં ગોવિંદરાવે ગાદી મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં સફળતા મળી નહિ.

## : ફતેસિંહરાવ :
## (ઈ.સ. ૧૭૭૮ થી ઈ.સ. ૧૭૮૯)

આમ, સયાજીરાવ પછી ફતેસિંહરાવ ગાદી ઉપર આવ્યો. તેણે પેશ્વા સરકારને અગાઉની ખંડણી અને પેશ્વાના પ્રધાનો તથા અન્ય દરબારીઓને નજરાણું આપીને ખુશ કર્યા. હવે ગોવિંદરાવ માટે ગુજરાતની સત્તા મેળવવાની કોઈ આશા રહી નહી. ફતેસિંહરાવે પોતાની રીતે મજબૂત થવા અંગ્રેજો પાસે મદદ માગી. મુંબઈના ગવર્નરે કલકત્તાની વડી સરકારને ફતેસિંહરાવ સાથે કરાર કરવા તથા ગાયકવાડને પેશ્વાથી સ્વતંત્ર બનાવવાની ભલામણ કરી. આ વાત વડી સરકાર ને પસંદ આવતાં કર્નલ ગોડાર્ડને કરાર કરવા માટે મોકલ્યા.

કર્નલ ગોડાર્ડની ફોજ આવતાં ફતેસિંહરાવ ગભરાયા અને તેમને લાગ્યુ કે જો હુ કરાર કરીશ તો પેશ્વા મારી ઉપર આક્રમણ કરશે અને હેરાન કરશે. આથી કરાર માટે આનાકાની કરી બીજી બાજુ કર્નલ ગોડાર્ડ પેશ્વા સાથે લડાઈ કરીને જાન્યુઆરી, ૧૭૮૦ માં ડભોઈ જીતી લીધું. તેથી બદલાયેલા સંજોગોમાં ભયમુક્ત થયેલા ફતેસિંહરાવે અંગ્રેજો સાથે કરાર કર્યો.

## : કર્નલ ગોડાર્ડ સાથેની સમજૂતી :

ફતેસિંહરાવ ગાયકવાડે કર્નલ ગોડાર્ડ સાથે કરેલ સમજૂતીમાં નીચેની મહત્વની બાબતો સમાવિષ્ટ હતી.

૧. ગાયકવાડે પેશ્વાથી સ્વતંત્ર થવું અને કંઈ પણ ખંડણી આપવી નહી.

૨. પેશ્વા જો ગાયકવાડ પર હુમલો કરે તો અંગ્રેજો એ ગાયકવાડો ને મદદ કરવી, મદદના બદલામાં સિનોર તથા ભરૂચની આજુબાજુના ગાયકવાડી ગામો અંગ્રેજોને આપવા.

૩. ગુજરાતનો પ્રદેશ બન્નેએ અંદરો-અંદર વહેચી લેવો.

૪. અંગ્રેજોને જરૂર પડયે ગાયકવાડ સરકારે ત્રણ હજાર ઘોડેસ્વારની મદદ કરવી.

૫. અંગ્રજોએ અમદાવાદ પેશ્વા પાસેથી જીતીને ગાયકવાડને આપવું.

ઉપરોકત સમજૂતી બાદ અંગ્રેજોએ અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. અમદાવાદ પેશ્વાના સુબેદાર પાસેથી જીતી લઈને સમજૂતી મુજબ ફતેસિંહરાવને આપવામાં આવ્યું. ફતેસિંહરાવ જીવ્યા ત્યાં સુધી અમદાવાદ સહિત તમામ પ્રદેશો પોતાને કબજે રાખ્યા. ફતેસિંહરાવને લોકો ‘બાવા સાહેબ’ પણ કહેતા હતા. આને કારણે તેમના શાસનકાળના ચલણને બાબાશાહી (બાવાશાહી) કહેતા હતા.

રાજમહેલના ઉપરના મેડા ઉપરથી પડી જતાં ફતેસિંહરાવનું અવસાન ૨૧ મી ડિસેમ્બર, ૧૭૮૯ ના રોજ થયું.

## : માનાજીરાવ ગાયકવાડ :
## (ઈ.સ. ૧૭૮૯ થી ઈ.સ. ૧૭૯૩ )

ફતેસિંહરાવના મરણ બાદ રાજગાદી માટે ફરીથી સંઘર્ષ શરૂ થયો. ફતેસિંહરાવના મરણ બાદ ગાદીએ આવેલા સયાજીરાવ સગીર હતા. તેથી માનાજીરાવે તુરત જ સત્તા હાથમાં લઈ લીધી. ગોવિંદરાવે આનો વિરોધ આ સમયે ગોવિંદરાવ પૂણે હોવાથી પેશ્વા સમક્ષ ગુજરાત પરની ગાદીનો પોતાનો દાવો રજૂ કર્યો. પરંતુ પેશ્વાએ આ દાવો માન્ય રાખ્યો નહી. માનાજીરાવે પેશ્વાને રૂપિયા ૩૩,૧૩,૦૦૦ /- ની ભારે રકમનું નજરાણું આપી પેશ્વા પાસેથી ગાદી વારણ તથા ‘સેના-ખાસ-ખેલ’ નો ઈલ્કાબ મેળવ્યો. તદ્‌ઉપરાંત ફતેસિંહરાવની બાકી ખંડણીની રકમ પણ આપવાનું કબૂલ્યું. ગોવિંદરાવ હજી પણ ગાદી પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરી રહ્યા હતા. પેશ્વા એ તેમનું

સમર્થન નહી કરતાં ગોવિંદરાવે સિંધીયાને પોતાના પક્ષે લેવાનો પ્રયાસ કર્યો. । માટે તેમણે લગ્નની રાજનીતિનો આશ્રય લીધો અને પોતાના પુત્ર આનંદરાવનું લગ્ન સિંધીયાની પુત્રી સાથે કરાવ્યું. આ ઉપરાંત રૂપિયા ત્રણ લાખ સિધીયાને દહેજ પેટે આપ્યા.

આ પ્રમાણે સંબંધો દ્રઢ બન્યા પછી સિંધીયા એ પોતાની ભરૂચ ખાતેની લશ્કરી ટુકડીને ગોવિંદરાવના પુત્ર કાન્હોજીરાવ સાથે વડોદરા પહોંચી જવાનો હુકમ કર્યો. બીજી બાજુ માનાજીરાવે ગોવિંદરાવની કાર્યવાહી સામે મુંબઈની અંગ્રેજ સરકારને ફરિયાદ કરી પરંતુ મુંબઈની સરકારે દરમ્યાનગીરી કરવાનો ઈન્કાર કરતાં એકલા પડેલા માનાજીરાવે, ગોવિંદરાવ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેના પ્રથમ સોપાન તરીકે પૂણેમાં રહેલાં પોતાના પ્રતિનિધિને ગોવિંદરાવ પાસે મોકલ્યો. પરંતુ એનું કોઈ પરિણામ આવે તે પહેલા જ ૧ લી ઓગસ્ટ, ૧૭૯૩ ના રોજ માનાજીરાવનું અવસાન થયું. ગોવિંદરાવને હવે ગાદી મેળવવામાં તકલીફ પડી નહી. ઈ.સ. ૧૭૯૩ માં ગોવિંદરાવ વડોદરાની ગાદીએ આવ્યો.

## : ગોવિંદરાવ ગાયકવાડ :
## (ઈ.સ. ૧૭૯૩ થી ઈ.સ. ૧૮૦૦ )

માનાજીરાવના મરણ બાદ પણ ગોવિંદરાવને સહેલાઈથી ગાદી મળી શકી નહી., ગોવિંદરાવ પૂણેમાં હોવાથી જ્યાં સુધી નવો કરાર કરી ન આપે ત્યા સુધી વડોદરાની રાજગાદી સંભાળી લેવાની પરવાનગી ન આપવી તેવુ નાના ફડનવીસના નેતૃત્વ નીચેના પ્રધાન મંડળે નક્કી કર્યું. ગોવિંદરાવને ગમે તે સંજોગોમાં ગાદી મેળવવી હતી. તેથી તેમણે નવા કરાર કર્યા. આ કરાર મુજબ માનાજીરાવ ના ચુકવવાના બાકી રહેલા વીસ લાખ રૂપિયા , 'સેના - ખાસ - ખેલ' ના ઈલ્કાબ બદલ નજરાણા તરીકે રૂપિયા ૫૬,૩૮,૦૦૧/- અને ઈ.સ. ૧૭૮૧ થી ૧૭૯૩ ના વર્ષોની ખંડણીની બાકી રકમ તરીકે કુલ રૂપિયા ૭,૭૯,૦૦૦ /- તથા લશ્કરી સેવાના બદલામાં રૂપિયા ૬,૭૫,૦૦૦/- આપવાનું કબૂલ્યું. વધુમાં નાના ફડનવીશના મંત્રી મંડળે વડોદરા રાજયની રકમ, રાજપોષાક, ત્રણ હાથી, પાંચ ઘોડા, એક લાખનું ઝવેરાત અને સાવલી (જિલ્લો - વડોદરા) તથા તાપી નદીના દક્ષિણે આવેલા ગાયકવાડના બધા જ પ્રદેશો સુરતના મહેસુલનો થોડો હિસ્સો પણ માગ્યો તે પણ ગોવિંદરાવે આપવાનું કબુલ્યું.

આમ નાના ફડનવીશનો ઈરાદો ગાયકવાડી સત્તાને નબળી પાડવાનો હતો. પરંતુ તેમનો ઈરાદો પૂર્ણ થયો નહી. કારણ કે, પૂણેના બ્રિટિશ રેસિડેન્ટ ને આવા કડક અને જોહુકમી ભર્યા કરારની ખબર પડતાં જ તેમણે અંગ્રેજ સરકાર વતી ગાયકવાડની તરફેણમાં દરમ્યાનગીરી કરી અને છેવટે નાના ને ઉપરોક્ત દરખાસ્તો પાછી ખેંચી લેવી પડી.

૧૯મી ડિસેમ્બર, ૧૭૯૩ ના રોજ ગોવિંદરાવને 'સેના-ખાસ-ખેલ' નો ઈલ્કાબ આપવામાં આવ્યો. ગોવિંદરાવની સાથે દિવાન તરીકે રાવજી આપાજી અને મદદનીશ તરીકે મજમુંદાર તથા ફડનવીશ વગેરે વડોદરા આવવા નીકળ્યા. હજુ ગોવિંદરાવની ધરમપુરની રાજપુત પત્ની ગજરાબાઈ થી થયેલ પુત્ર કાન્હોજીરાવે ભરુચમાં રહેલા સિંધીયાના પ્રતિનિધિનો સાથ લઈને વડોદરા ઉપર હુમલો કર્યો હતો. કાન્હોજીરાવે બે હજાર આરબ અને છસ્સો પઠાણ સવાર દળની મદદથી વડોદરા પર કબજો જમાવી રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાન્હોજીરાવના જ લશ્કરે તેમની સાથે દગો કરીને તેમને કેદ કરી ગોવિંદરાવને સોપ્યા. ગોવિંદરાવે કાન્હોજીરાવને પકડીને કેદ કર્યો. કેદી તરીકે રહેલા કાન્હોજીરાવ થોડા સમય બાદ સ્ત્રી વેશ પલટો કરીને નાસી છૂટયો અને થોડા વિરામ બાદ ડુંગરાળ પ્રદેશમાં જઈ ભીલોનો સાથ લઈ સંખેડા-બહાદરપુરના વિસ્તારોને લૂટવાનું શરૂ કર્યું. કાન્હોજીરાવની સાથે કડીના જાગીરદારના પુત્ર મલ્હાવરાવ પણ જોડાયા હતા.

કાન્હોજીરાવ ગુજરાતનો સત્તાધીશ બનવા ઈચ્છતો હતો. તેથી તેણે મલ્હાવરાવનો સાથ મળવાથી ફરીથી વડોદરા પર હુમલો કર્યો. જો કે આ હુમલામાં કાન્હોજીરાવ ફાવી શકયા નહી. મલ્હાવરાવને સજા કરવા માટે ગોવિંદરાવે કડી ઉપર આક્રમણ કર્યું. મલ્હાવરાવે અને કાન્હોજીરાવે સંયુક્ત રીતે ગોવિંદરાવનો સામનો કર્યો. આ સામનો એટલો બધો જોરદાર હતો કે ગોવિદરાવને તેના લશ્કર સાથે ત્રણ વખત પીછેહઠ કરવી પડી. મલ્હાવરાવને હરાવવા ગોવિંદરાવે બન્ને વચ્ચે યુક્તિપૂર્વક મતભેદ ઉભા કર્યા. અંતે કાન્હોજીરાવને નાસી જવું પડયું અને તેમને સાપૂતાળાના ડુંગરાઓમાં સહારો લેવો પડયો. પરંતુ પાછળથી ગોવિંદરાવે લાલચો આપીને કાન્હોજીરાવને બોલાવ્યો અને છેતરીને કેદ કર્યો જયારે કડીના મલ્હાવરાવને ૫,૦૦,૦૦૦/- રૂપિયા નો દંડ કર્યો. આમ, ગોવિંદરાવ રાજયારોહણની મહત્વની મુશ્કેલીઓ સફળતાપૂર્વક બહાર આવ્યા.

પેશ્વા માધવરાવ બીજાના અવસાન બાદ રઘુનાથરાવના પુત્ર બાજીરાવ બીજાએ ઈ.સ. ૧૭૯૬ માં પેશવા પદ ધારણ કર્યું અને તેના ભાઈ ચિમણાજીની ગુજરાતના સુબેદાર તરીકે નિમણૂંક કરી. મરાઠા વહીવટી પધ્ધતિ પ્રમાણે સુબેદારના નાયબ તરીકે આબાશે લુકરને અમદાવાદ મોકલવામાં આવ્યો. બાજીરાવ બીજો ઈચ્છતો હતો કે શેલૂકર અને ગોવિંદરાવ વચ્ચે સંઘર્ષ થાય.

શેલુકરની નિમણૂંક નાના ફડનવીસે કરાવી હતી. તેથી પેશ્વા શેલૂકરને નાનાનો પ્રતિનિધિ ગણતો હતો. પેશવા ગુજરાત પ્રાંતમાં પોતાનો હિસ્સો પાછો લેવા માગતો હતો. તદ્ ઉપરાંત ગોવિદરાવને પેશવાને ચૂકવવાની રકમ ઘણી બાકી હતી. બીજીબાજુ શેલૂકરના અમલદારોએ ગાયકવાડના ગામડાઓમાંથી રકમ ઉઘરાવવાનું ચાલુ કર્યું. ગોવિંદરાવે તે ઉઘરાવી ને રકમ પોતાને સુપરત કરવા જણાવ્યું. જે શેલૂકરે આપવાની ના પાડી તેથી ગોવિંદરાવે શિવરાજ ગાદી ને લશ્કર સાથે મોકલ્યો. શિવરાજ ગાદીએ અમદાવાદને ઘેરો ઘાલ્યો. આ સંઘર્ષને અંતે શેલૂકરને કેદ કરી બોરસદ લઈ જવામાં આવ્યો. જયાં એ સાત વર્ષ સુધી નજરકેદ જેવી સ્થિતિમાં રહયો. શેલૂકરને કેદ કર્યા બાદ ગાયકવાડે ઉત્તર ગુજરાતમાં પેશ્વાને આધીન અડધા ભાગના પ્રદેશનું વહીવટી તંત્ર પોતાના અધિકારમાં લઈ લીધું આ રીતે ગુજરાતમાં ભાગીદાર તરીકે પેશ્વાની સત્તાનો અંત આવ્યો. બીજી બાજુ પેશ્વાએ ચિમણાજીની સુબા તરીકેની નિમણૂંક ને રદ બાતલ કરતાં ગોવિંદરાવને વાર્ષિક પાંચ લાખ. રૂપિયા પાંચ વર્ષ સુધી ખંડણી ભરવાની શરતે ગુજરાત પરના તમામ હક્કો આપવામાં આવ્યા.

પેશ્વા અને અંગ્રેજો વચ્ચેના સબંધોમાં તીરાડ પડવા લાગી હતી.તેથી તેનો લાભ ઉઠાવવાના પ્રયત્નો ગાયકવાડ કરી રહયા હતા. પેશ્વા પોતાના ગુજરાતમાંના પ્રદેશોનો ઈજારો ગોવિંદરાવને સુપરત કરે તે પહેલાં જ ૧૯ મી ડિસેમ્બર, ૧૮૦૦ ના રોજ ગોવિંદરાવ મરણ પામ્યો.

## : આનંદરાવ ગાયકવાડ :

## (ઈ.સ. ૧૮૦૦ થી ઈ.સ. ૧૮૧૯)

ગોવિંદરાવનુ અવસાન થતાં ફરીથી વડોદરાની ગાદી માટેનો સંઘર્ષ શરૂ થયો. ગોવિંદરાવને કુલ અગિયાર પુત્રો હતા. તેમાં સાત પુત્રો અનૌરસ હતા. જેઓ તમામ ગાદીના હક્કદાર ન હતા. ગોવિંદરાવના અનૌરસ પુત્ર કાન્હોજીરાવે તો તેમના

સમયમાં રાજગાદી માટે વડોદરા ઉપર હુમલાઓ કરેલા તેમાં અસફળ રહયા હતા. ગોવિંદરાવના મૃત્યુ બાદ તેમની પત્ની ગહનાબાઈએ સતી થવાનો પ્રયત્ન કરેલ પરંતુ રાવજીના ભાઈ બાબાજી, આરબોના સરદાર મીર કમાલુદીન, મંગળ પારેખ અને શામળ પારેખે તેમને સતી થતા અટકાવી હતી.આનંદરાવ નિર્બળ અને વ્યસની હતા. રાજય ચલાવવામાં તદ્દન અયોગ્ય હોવા છતાંયે વડોદરાની ગાદી તેને આપવામાં આવી. વડોદરાનો કારબાર આનંદરાવ વતી રાવજી અને બાબાજીએ સંભાળ્યો. આ સમયે કડીના મલ્હાવરાવે અનેક જગ્યાએ તોફાનો શરૂ કર્યા તે લૂંટફાટ કરી. ગાયકવાડી વિસ્તારના લોકોને હેરાન પરેશાન કરતો હતો. તેણે ઈ.સ. ૧૮૦૧ માં વિસનગર અને વિજાપુર પણ લઈ લીધા.

તેને સમજાવવા માટે ગાયકવાડનો જૂનો નોકર શિવરામ ગાર્દી મલ્હાવરાવને જઈને મળ્યો. પરંતુ તેઓ માન્યા નહી. આથી રાવજીના ભાઈ બાબાજીએ મલ્હાવરાવ પર ચઢાઈ કરી. મલ્હાવરાવ પોતાની ફોજનો એક ભાગ લઈને કડીમાં જ રહયો. અને ફોજનો બીજો ભાગ હનમંતરાવને આપ્યો અને બાબાજીનો સામનો કરવાનું કહયું. હનમંતરાવની ફોજે કડીથી આશરે વીસ કીલો મીટર દૂર કલોલ આગળ છાવણી નાંખી. છેવટે ગાયકવાડી ફોજ અને મલ્હાવરાવની ફોજ વચ્ચે કલોલ નજીક લડાઈ થઈ તેમાં ગાયકવાડી ફોજની હાર થઈ.આવી નાની નાની લડાઈઓ બે વખત થઈ તેમાં મલ્હાવરાવના ભાઈ હનમંતરાવની ફોજની જીત થઈ.

કાન્હોજીરાવની માતા ગજરાબાઈએ પોતાના પુત્રને ગાદી માટે અંગ્રેજો પાસે મદદ માગી જયારે બીજી બાજુ મલ્હાવરાવને પાઠ ભણાવવા આનંદરાવ વતી રાવજી અને બાબાજીએ પણ અંગ્રેજો પાસે મદદ માગી અને મદદના બદલામાં ચોર્યાસી પરગણું અને સુરતની ચોથ આપવાનો ઠરાવ અંગ્રેજો આગળ મૂકવામાં આવ્યો. મુંબઈ ના ગવર્નર મિ. ડંકન પાસે બન્ને પક્ષોની અરજીઓ આવતા અંગ્રેજ સરકાર માટે પ્રશ્નનો ગૂંચવાડો ઉભો થયો. ગવર્નર ડંકને મેજર વૉકરને વડોદરા મોકલી મલ્હારરાવને બાબાજી સાથે સમાધાન કરવા મોકલ્યા. પરંતુ તેનું કોઈ જ પરિણામ આવ્યું નહી. આથી બાબાજીરાવ ગાયકવાડનું લશ્કર લઈને મેજર વૉકર સાથે ઈ.સ. ૧૮૦૨માં યુધ્ધ કરવા કડી તરફ રવાના થયો. આશરે ચાર મહિના સુધી યુધ્ધ ખેંચાયું. ૩૦મી એપ્રિલ, ૧૮૦૨ ના દિવસે કડીમાં અંગ્રેજ અને મલ્હાવરાવની વચ્ચે ભયંકર યુધ્ધ થયું. આ યુધ્ધમાં મલ્હાવરાવની હાર થઈ. તેથી તેમને કેદ કરી ગાયકવાડના દિવાનની અનુમતિથી માન મરતબા સાથે નડિયાદ પરગણાની ઉપજમાંથી જ તેમના ખર્ચ માટે સવા લાખ

રૂપિયાનું સાલીયાણું બાંધી આપવામાં આવ્યું. કડીનો અલગ જાગીર તરીકેનો અંત આવ્યો. અને કડીને ગાયકવાડી રાજયમાં ભેળવી દેવામાં આવ્યું.

અંગ્રેજ સત્તાએ આપેલી મદદના બદલામાં રાવજીને ચોર્યાસી પરગણાની અને સુરતની ચોથનો હિસ્સો બક્ષિસ તરીકે અંગ્રેજ સરકારને આપવામાં આવ્યો. સાથે સાથે અંગ્રેજ સેના એ મલ્હાવરાવની સામે યુધ્ધ કરવા માટે મદદ કરી ને માટે ૨૦૦૦ સૈનિકોના અને તેના તોપખાના વગેરેનો મહિનાનો ખર્ચ રૂપિયા ૬૫,૦૦૦/- નો થયો તે ખર્ચ પણ ગાયકવાડને ભોગવવો પડયો. ઉપરાંત કડી જીતવા બદલ ચીખલી અંગ્રેજો ને ભેટ આપવામાં આવ્યું. અને મુંબઈ તેમજ વડોદરામાં પરસ્પર રેસીડેન્ટ રાખવાનું નક્કી કર્યું.

ઈ.સ. ૧૮૦૨ ના રોજ ગાયકવાડે અંગ્રેજોની સહાયકારી યોજનાનો સ્વીકાર કર્યો. આમ, ગાયકવાડના શાસનમાં કડીની લડાઈનો પ્રસંગ એક મહત્વનો રાજકીય ફેરફાર સાબિત થયો. આ ઘટનાએ અંગ્રેજો માટે ગુજરાતના અન્ય ભાગોમાં પગપેસારો કરવાનો રસ્તો ખુલ્લો કર્યો અંગ્રેજોએ તો આ ઘટના પછી અનેક દેશી રાજાઓને ધીરે ધીરે સહાયકારી યોજના સ્વીકારવા ફરજ પાડી પરિણામે અંતે તો ગુજરાતના રાજવીઓ કઠપૂતળી જેવા શાસકો બની ગયા.

અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચે બદલાયેલા સંજોગોમાં નવા કરાર કરવાની આવશ્યકતા ઊભી થઈ, તેથી નવા કરાર કરવામાં આવ્યા. આ કરારથી ગાયકવાડ અંગ્રેજોને ખર્ચ પેટે રૂપિયા ૭,૮૦,૦૦૦/- થતી હતી તે આપવામાં આવી. ઈ.સ. ૧૮૦૫માં સહાયકારી યોજનામાં પાયદળની સંખ્યા ૩૦૦૦ સુધી વધારવામાં આવી. એક યુરોપીય તોપખાનાની ટૂકડી રાખવામાં આવી અને અંગ્રેજ સત્તાને જરૂર લાગે ત્યારે સૌરાષ્ટ્રમાં લશ્કરીની એક ટૂકડી મોકલવાનું ઠરાવવામાં આવ્યું. એના ખર્ચ માટે અગાઉ અપાયેલા ચોરાસી, ચીખલી સુરતની શોધ અને ખેડા ઉપરાંત બીજી વધારાની રૂપિયા ૧૧,૭૦,૦૦૦/- ની ઉપજવાળા જિલ્લા આપવામાં આવ્યા. એમાં નડિયાદ, ધોળકા, વિજાપુર, માતર તથા મહુધાનો સમાવેશ કરવામાં આવ્યો. કડીનો ટપ્પો તથા કીમ - કહોદરા પણ આપવામાં આવ્યાં. આ પ્રદેશોની ઉપજ રૂા. ૧૦,૭૦,૦૦૦/- ની મૂકવામાં આવી. અને બાકીની ખૂટતી રકમ માટે સૌરાષ્ટ્રમાંથી જોગવાઈ કરવામાં આવી.

અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચે નવા કરાર થતાં ગાયકવાડની રાજનીતિ અને પરદેશનીતિનું સંચાલન અંગ્રેજ સત્તા વડે થવા લાગ્યુ આમ, ગાયકવાડનું શાસન અંગ્રેજોનું

આશ્રિત બન્યું. ફતેસિંહરાવને વડોદરાની ગાદી મળતાં વહીવટ પોતે ચલાવવા લાગ્યા.

આથી ઉપજની બાબતમાં અંગ્રેજો સાથે ચર્ચા કરી. પ્રદેશોની અદલા-બદલી કરવામાં આવી. ૬ઠ્ઠી નવેમ્બર, ૧૮૧૭ રોજ નવા કરાર પ્રમાણે ગાયકવાડે કપડવંજ, ભોલજ, કડોદા, અને બીજા પરગણાં અંગ્રેજો ને આપી વિજાપુર, કડી અને તેના વિસ્તારના ગામો અંગ્રેજ સત્તા પાસેથી મેળવી ગાયકવાડી રાજ્યમાં સમાવી લીધા. આથી ૧૮૧૭ માં કડી પાછુ ગાયકવાડ રાજ્યનું એક વહીવટી એકમ બન્યું.

## : સયાજીરાવ બીજા :
## (ઈ.સ. ૧૮૧૯ થી ઈ.સ. ૧૮૪૯)

૨૩મી ઓગસ્ટ, ૧૮૧૮ ના રોજ ૨૬ વર્ષની ભરયુવાનીમાં ફતેસિંહરાવ નું અવસાન થયું. ત્યારબાદ શ્રી આનંદરાવ ગાયકવાડનું પણ ઈ.સ. ૧૮૧૯ માં ૫૫ વર્ષથી વયે અવસાન થયુ. ફતેસિંહરાવ અપુત્ર મરણ પામ્યા હતા. તેથી તેમની પત્નિ રાધીબાએ સતી થવાનો પ્રયત્ન કરેલ પરંતું પાછળથી દત્તકપુત્ર લેતા આ વિચાર માંડી વાળ્યો હતો.રાધોબાના પુત્ર ગોવિંદરાવે પણ ગાદી પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો.

આનંદરાવના મરણબાદ તેમના ભાઈ સાયાજીરાવે આનંદરાવનો ખજાનો પોતાના હસ્તક કરી લીધો. ગોવિંદરાવે આનંદરાવના ભાઈ સયાજીરાવને ગાદી પરથી દૂર કરવા પ્રયાસો કર્યા. આથી બન્ને વચ્ચે કલહ થયો. સયાજીરાવે હવે ગોવિંદરાવનું સાલિયાણું પણ બંધ કર્યું અને તેમના કેટલાક માણસોને કેદ કર્યા. છતાંયે ગોવિંદરાવે તોફાનો ચાલુ જ રાખ્યા. છેવટે અંગ્રેજોની મદદથી ગોવિંદરાવને કેદ કરવામાં આવ્યો. હવે સયાજીરાવનો કોઈ જ પ્રતિસ્પર્ધી રહયો નહી, કેદી બનેલા ગોવિંદરાવને સુરત રાખવામાં આવ્યો. ત્યારબાદ ઈ.સ. ૧૮૩૫ માં અમદાવાદ લઈ ગયા.

સયાજીરાવ બીજા રાજ્ય વહીવટમાં કુશળ હતા. આમ છતાં રાજ્ય ચલાવવામાં તથા વહીવટમાં સલાહસૂચનો આપી શકે તેવા દિવાનની જરૂર હતી. તેથી દિવાન તરીકે ધાકજી દાદાજીની નિમણૂંક કરવામાં આવી. પરંતુ આ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને પૈસા સંબંધી ગરબડો કરી આથી સયાજીરાવે તેને ઈ.સ. ૧૮૨૦ માં દિવાનપદે થી દૂર કર્યા.

રાજ્ય ચલાવવાને શકિતમાન, દ્રઢ મનના અને ચતુર એવા સયાજીરાવે હવે અંગ્રેજ સત્તાના અંકુશો ફગાવી દીધા અને રેસિડેન્ટની સલાહથી ઉપરવટ જઈને કામ

કરવાનું શરૂ કર્યું. સયાજીરાવના આવા વર્તનથી અંગ્રેજ સત્તામાં સંઘર્ષ શરૂ થયા. ઈ.સ. ૧૮૨૦ માં સંઘર્ષને ખાળવા માટે મુંબઈના ગવર્નર એલ્ફીસ્ટને વડોદરાની મુલાકાત લીધી સયાજીરાવ સાથેની મુલાકાત બાદ તેમણે ઠરાવ્યું કે,

૧. સયાજીરાવને આંતરિક શાસન પુરતી સંપૂર્ણ સત્તા છે પરંતુ બ્રિટિશ સરકારની ગેરંટીવાળા શરાફો સાથે કરારોનો અમલ કરવો.

૨. દર સાલનું અંદાજપત્ર રેસિડેન્ટને બતાવવું, તેને હિસાબ જોવા દેવો અને કંઈક વિશેષ ખર્ચ કરવા માટે તેની સલાહ લેવી.

૩. વિદેશો સાથેના રાજયના સંબંધો અંગ્રેજ સત્તા હસ્તક રહેશે.

૪. ગાયકવાડે રેસિડેન્ટની સલાહથી જ દિવાન નીમવો.

દિવાન પદેથી ધાકજી દાદાજીને દૂર કર્યા બાદ વિઠ્ઠલરાવ દેવાજીને દિવાન પદ આપવામાં આવ્યું. પરંતુ તે ગાયકવાડનો પક્ષ લેવાને બદલે રેસિડેન્સીનો પક્ષ લેતા હતા. આથી તેમના પ્રત્યે સયાજીરાવ નારાજ હતા. તેઓ સુધારાવાદી હતા. તેમણે ઈ.સ. ૧૮૪૦ માં વડોદરા રાજયમાં સતી થવાનો રિવાજ બંધ કરાવ્યો તો. ઈ.સ. ૧૮૪૭ ની ૨૮મી ડિસેમ્બરે સયાજીરાવનું અવસાન થયું. તેમણે કુલ ૨૮ વર્ષ રાજય કરી રાજયની પ્રતિષ્ઠા નું રક્ષણ કર્યું. તેમની કારકિર્દી યશસ્વી ગણાવી શકાય.

## : મહારાજા ગણપતરાવ :

## (ઈ.સ. ૧૮૪૭ થી ઈ.સ. ૧૮૫૬ )

સયાજીરાવ બીજાને આઠ પુત્રો હતા. તેમાંથી પાંચ પુત્રો કાયદેસરની પત્નીના હતા. ગણપતરાવ સૌથી મોટો હોવાથી ૧૮૪૭ માં તે વડોદરાની ગાદી પર બેઠો. તેના સમયમાં ભાઉતાંબેકર દિવાન હતા. રેસિડેન્ટ કર્નલ આઉટામ અને દિવાન તાંબેકર વચ્ચે ખટરાગો થતી હતી. આથી આઉટ્રામ 'વડોદરા ખટપટ' નામનો રિપોર્ટ બહાર પાડી રેસિડેન્સીના દેશી પ્રતિનિધિ અને વડોદરાના દિવાનને રુખસદ આપી. આ ખટપટ ને કારણે વડોદરાના સંબંધો મુંબઈ સરકારથી તોડી કાઢીને મધ્યસ્થ સરકાર સાથે જોડી દેવામાં આવ્યા. પરંતુ પત્ર વ્યવહારમાં અડચણો પડતાં ફરી પાછું પહેલાની જેમ વડોદરા રાજયને મુંબઈ પ્રેસિડેન્સી નીચે ૧૮૫૭ માં મુકવામાં આવ્યું.

ગણપતરાવ ગાયકવાડે ૧૮૪૭ માં ઉત્તર ગુજરાતમાં લેઉઆ પાટીદારોમાં દૂધપીતીનો રિવાજ બંધ કરાવ્યો. આ ઉપરાંત ૧૮૪૯ માં ગરીબ માં-બાપ દ્વારા થતાં બાળકો ના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકયો હતો. રેલ્વેની શરૂઆત પણ આ જ સમયે થઈ

હતી. તેમણે વડોદરા રાજ્યમાં રેલ્વે નાખવાની અમૂક શરતોએ બી.બી. એન્ડ સી. આઈ રેલ્વે કંપનીને પરવાનગી આપી હતી.

ગણપતરાવ પહેલાના કોઈ શાસકોએ વડોદરા રાજ્યની બહાર મુસાફરી કરી ન હતી. ગણપતરાવે પૂના , મુંબઈ, ખાનદેશ, વગેરેની મુલાકાત લીધી. ડાકોરથી યાત્રા કરીને પાછા ફરતાં મહી નદીના કિનારે ૧૯મી નવેમ્બર, ૧૮૫૬ ના રોજ મરણ પામ્યા. તેમણે કુલ નવ વર્ષ સુધી રાજય ચલાવ્યું હતું.

## : ખંડેરાવ ગાયકવાડ :
## (ઈ.સ. ૧૮૫૬ થી ઈ.સ. ૧૮૭૦ )

ગણપતરાવ ગાયકવાડના મૃત્યુ બાદ તેમના નાનાભાઈ ખંડેરાવને ઈ.સ. ૧૮૫૬ માં ગાદી મળી. તેમના વખતમાં સમગ્ર હિન્દમાં બળવો ફાટી નીકળ્યો હતો. ખંડેરાવ આવા સમયે અંગ્રેજ સત્તાની પડખે રહયા. અંગ્રેજ સત્તાએ ખંડેરાવને લશ્કરી મદદ કરી. ગુજરાતમાં પણ બળવાની જવાળાઓ ફેલાય નહી તે માટે ખંડેરાવે પોતાનું લશ્કર ચારે બાજુ ગોઠવી દીધું. મહીકાંઠાના તથા રેવાકાંઠાના કોળી, ભીલોએ માથું ઉંચકવા પ્રયત્નો કર્યા. પરંતુ તેમને કડક હાથેથી દબાવી દેવામાં આવ્યાં.

ખંડેરાવે અંગ્રેજોને મદદ કરી હોવાથી તેમને ગાદી પરથી દૂર કરવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા. ખંડેરાવના નાનાભાઈ ગોવિંદરાવે તેમના વિરુધ્ધ કાવતરુ ઘડી કાઢયું. આ કાવતરા અનુસાર એમ નક્કી થયું કે સૌ પ્રથમ અમદાવાદને લૂટવું, ત્યારબાદ મહી કાંઠા તરફ કૂચ કરવી અને ખેડા જિલ્લાના કોળીઓ અને ભીલોનો સાથ લઈ વડોદરા ઉપર હુમલો કરવો. પરંતુ આ ષડયંત્રનો અમલ થાય તે પહેલાં ગોવિંદરાવ ને પકડીને વડોદરા લઈ જવામાં આવ્યા. આ કાવતરાં માં વિજાપુરના ન્યાલચંદ ઝવેરી તથા પાટણના મગનલાલ પણ સામેલ હતા. મગનલાલે કડી પ્રાંતમાંથી ૨૦૦૦ પાયદળ અને ૧૫૦ અશ્વદળ ના માણસો તૈયાર કર્યા હતા. ૧૬મી ઓકટોમ્બરના રોજ વડોદરા પર હુમલો કરવો તેમ નક્કી કર્યું. પરંતુ એક મુસ્લિમે વડોદરાના રેસિડેન્ટને બાતમી આપતાં વડોદરા પર હુમલો કરી શકયો નહી.

હવે, મગનલાલે અને તેમના સાથીદારોએ વિજાપુર પાસે લોદ્રા ગામમાં બળવો ચાલું રાખ્યો. આ બળવાને મેજર અગરે દાબી દીધો. મગનલાલ વણિકને પકડવામાં આવ્યા. જનરલ રોબર્ટસ અને મિ. હડાઉએ તેમના પર કેસ ચલાવ્યો અને છેવટે

મગનલાલને કેદની સજા થઈ.

બળવા બાદ માર્ચ, ૧૮૫૮ માં સમગ્ર ગાયકવાડ વિસ્તારમાં હથિયારબંધી જાહેર કરી, નિઃશસ્ત્રીકરણની શરૂઆત થઈ. આથી ગાયકવાડના વિજાપુર, વિસનગર, ખેરાળુ, કડી, કલોલ, તાલુકાના ગામોમાં જપ્તી કરવામાં આવી. પરિણામ સ્વરૂપે અહીંથી સરકારે આશરે ૧૬૦ તોપો, ૨૧,૦૩૬ બંદુકો અને ૧,૧૮,૭૯૯ તલવારો તેમજ ૩,૦૬,૯૭૨ અન્ય હથિયારો કબજે કર્યા હતા.

મહારાજા ખંડેરાવે કડી અને અમરેલી પ્રાંતની મુલાકાત લીધી હતી. ત્યારબાદ ઈ.સ. ૧૮૬૯ માં મુંબઈ ની મુલાકાત લીધી. તેમણે ન્યાયખાતામાં સુધારાઓ કરી રાજ્યના કાયદાઓ વ્યવસ્થિત કર્યા હતા. મહારાજાને મરદાની રમતો, શિકારનો અને લશ્કરનો શોખ હતો. તેમણે વડોદરાથી આશરે છ માઈલ દૂર મકરપુરામાં રાજમહેલ બંધાવ્યો હતો. ૨૦મી નવેમ્બર, ૧૮૭૦ ના રોજ માત્ર ચાલીસ વર્ષની યુવાન વયે તેમનું મકરપુરામાં અવસાન થયું.

## : મલ્હાવરાવ ગાયકવાડ :
## (ઈ.સ. ૧૮૭૦ થી ઈ.સ. ૧૮૭૫ )

ખંડેરાવના મરણ પછી તેમના નાનાભાઈ મલ્હાવરાવને ગાદીમળી ખંડેરાવ અપુત્ર મરણ પામ્યા હતા. ખંડેરાવ મૃત્યુ પામ્યા તે વખતે મહારાણી જમનાબાઈ સગર્ભા હતી. મહારાણીએ પાંચમી જુલાઈ ૧૮૭૧ ના રોજ પુત્રીને જન્મ આપતા. મલ્હાવરાવને ઈ.સ. ૧૮૭૧ માં સ્વતંત્ર પણે રાજ્યનો અધિકાર મળ્યો. મલ્હાવરાવ સત્તાના લોભી અને તોફાની હતા. ખંડેરાવના સમયમાં તેમણે ગાદી મેળવવા મહીકાંઠા અને મહેસાણા પ્રાંતના કોળી, ભીલોને એકઠા કરીને તોફાન મચાવ્યું હતું.

મલ્હાવરાવે જમીન મહેસૂલ વસૂલ કરવા માટે લોકો ઉપર ત્રાસ ગુજાર્યો હતો. તેમણે બળજબરીથી નજરાણું વસૂલ કર્યું. ખંડેરાવના વખતમાં આપેલા વર્ષાસનો પણ તેમણે પાછા લઈ લીધા. ધોળે દહાડે સ્ત્રીઓની લાજ લૂટવાના બનાવો બન્યા. તેથી ત્રાસેલી પ્રજાએ અંગ્રેજ સત્તાને જાણ કરી. અંગ્રેજ સત્તાએ તપાસ માટે ઈ.સ. ૧૮૭૩ માં એક પંચ નીમ્યું. આ પંચે રાજ્યમાં સુધારાઓ કરી શાંતિ સ્થાપવાનું જણાવ્યું તેથી રાજ્યમાં ફેલાયેલી અવ્યવસ્થાને દૂર કરવા માટે દાદાભાઈ નવરોજીની દિવાન તરીકે નિમણૂંક કરવામાં આવી.

વડોદરામાં રેસિડેન્ટ તરીકે રહેલ કર્નલ ફેર સાથે અણબનાવ બનતાં તેમને દૂર કરવા માટે મલ્હાવરાવે અરજી કરી. આથી ઈ.સ. ૧૮૭૪ માં સર લૂઈ પેલી

સ્પેશ્યલ કમિશ્નર અને ગવર્નર જનરલના એજન્ટના હોદાની રુએ વડોદરા આવ્યા. બીજીબાજુ કર્નલ ફેરને લાગ્યુ કે મને ઝેર આપીને મારી નાખવા નો પ્રયત્ન થાય છે. તેથી તેમણે પણ વડી સરકારને અરજી કરી. અરજીના અનુસંધાનમાં તપાસપંચ નિમવામાં આવ્યું.

જો કે, મલ્હાવરાવને આ તપાસ પંચે નિદોષ જાહેર કર્યા. છતાંયે રાજયની વહીવટી ખામીઓ ધ્યાનમાં લઈને રાજય ચલાવવા માટે તેમને ગેરલાયક ઠેરવ્યા. ૧૯મી એપ્રિલ, ૧૮૭૫ ના રોજ અંગ્રેજ સરકારે એક જાહેરનામું બહાર પાડીને મલ્હાવરાવને પદભ્રષ્ટ જાહેર કર્યા. મલ્હાવરાવને મદાસમાં નજરકેદ તરીકે રાખવામાં આવ્યા. ઈ.સ. ૧૮૮૨ માં મદ્રાસમાં જ નજરકેદી તરીકે જ મરણ પામ્યા.

મલ્હાવરાવને પદભ્રષ્ટ કર્યા બાદ ગાદી ઉપર કોને બેસાડવા એ પ્રશ્ન ઉપસ્થિત થયો. મહારાણી વિક્ટોરિયાએ વડોદરા રાજયને યોગ્ય વારસ પસંદ કરવાની મહારાણી જમનાબાઈની વિનંતી સ્વીકારી. જમનાબાઈને પુત્ર ન હોવાથી તેમણે ગાયકવાડ વંશમાંથી દત્તકપુત્ર પસંદ કરી તેને ગાદી પર બેસાડવાનું ઠરાવાયું.

# ૩. મહારાજાશ્રી સયાજીરાવ ( ત્રીજા ) ગાયકવાડ

મલ્હારરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કર્યા બાદ મદ્રાસમાં નજરકેદ રાખવામાં આવ્યા. તેથી વડોદરાની રાજગાદી ખાલી પડી. ખંડેરાવ મહારાણી જમનાબાઈ અપુત્ર હતાં, આથી તેમની વિનંતીથી બ્રિટિશ સરકારે ગાયકવાડ કુટુંબમાથી જ યોગ્ય વારસ પસંદ કરી પ્રવર્તમાન તમામ હક્કો સાથે ગાદી આપવા જાહેરનામું બહાર પાડયું. તે અન્વયે ખંડેરાવની ધર્મપત્નીએ ગાયકવાડ કુટુંબમાંથી જ ગાદીના વારસ તરીકે સયાજીરાવ (ત્રીજા) ને પસંદ કર્યો.

**: જન્મ સ્થળ :**

ગોપાળરાવ ઉર્ફ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) નો જન્મ મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં મનવાડથી આશરે અઢાર માઈલ દૂર કવલાણા ગામમાં ૧૧મી માર્ચ, ઈ.સ. ૧૮૬૩ માં અર્થાત સંવત ૧૯૧૯ના ફાગણ વદ-૬ ના રોજ થયો હતો. તેમની જન્મભૂમિનું આ ગામ માત્ર સો થી દોઢસો ખોરડા ધરાવતું હતું. તેમાં ત્રણ-ચાર બ્રાહ્મણ કુટુંબો અને સાત ગાયકવાડી કુટુંબોનાં ઘર હતાં. જયારે બાકીની વસ્તી કણબીઓની હતી. બધાં જ કુટુંબો ખેતી કરતાં હતાં. આ ગામમાં ગાયકવાડી કુટુંબના ઘરો આગળ પડતાં હોવાથી તેમના ઘરો વિશાળ અને જીવન જરૂરિયાતોની વસ્તુથી સુસજ્જ હતાં.

**: ગાયકવાડ કુટુંબ :**

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ના પિતાનું નામ કાશીરાવ અને માતાનું નામ ઉમાબાઈ હતું. કાશીરાવને ત્રણ પુત્રો હતા. આનંદરાવ, ગોપાળરાવ અને સંપથરાવ તેઓમાં આનંદરાવ ગોપાળરાવ કરતાં પાંચ વર્ષ મોટા હતા અને સંપતરાવે ગોપાળરાવ કરતાં બે વર્ષ મોટા હતા.કાશીરાવ ગાયકવાડના મૂળ પૂર્વજ હોવાને કારણે પુત્ર ગોપાળરાવને દત્તક લેવાનું નક્કી કરવામાં આવ્યું. ગોપાળરાવને તા ૨૭ મી મે, ૧૮૭૫ ના રોજ સારુ મુહૂર્ત દેખીને વિધિપૂર્વક દત્તક લેવામાં આવ્યા. દત્તક લીધા બાદ ગોપાળરાવનું નામ બદલીને સયાજીરાવ ત્રીજા રાખવામાં આવ્યું.

## : પ્રારંભિક શિક્ષણ :

શ્રીમંત સયાજીરાવે પ્રાથમિક શિક્ષણ કવલાણા ગામમાં લીધું હતું. દત્તક લીધા બાદ વડોદરામાં મરાઠી શિક્ષણ માટે કેશવલાલ પંડિત અને ભાઉ માસ્તરને શિક્ષણ તરીકે રાખવામાં આવ્યા. શ્રીમંત સયાજીરાવના વ્યવસ્થિત શિક્ષણની શરૂઆત તા.૭ મી જૂન, ૧૮૭૫ થી થઈ. પ્રારંભનું શિક્ષણ માત્ર મરાઠીમાં આપવામાં આવતું હતું. થોડા સમય બાદ મરાઠી સાથે ગુજરાતી અને ઉર્દૂનો અભ્યાસ શરૂ કરવામાં આવ્યો. ગુજરાતીનું શિક્ષણ રતનરામ માસ્તર આપતા હતા.

## : અંગ્રેજી શિક્ષણ :

પ્રારંભિક શિક્ષણ મેળવ્યા બાદ અંગ્રેજી તથા અન્ય ભાષાઓનો અભ્યાસ કરાવવા માટે ઈ.એ.એમ ઈલિયટ ને શ્રીમંત સયાજીરાવના શિક્ષણ તરીકે નિમણુક કરવામાં આવી. શિક્ષણની સાથે રાજયના વહીવટીતંત્રની યોગ્ય તાલીમ આપવા માટે સર ટી. માધવરાવને રોકવામાં આવ્યા. આ ઉપરાંત, સર ટી. માધવરાવ દીવાન તરીકે પણ કામ કરતા હતા. તેઓ શ્રીમંત સયાજીરાવ વતી રાજકારોબાર પણ સંભાળતા હતા. તેમણે વડોદરા રાજયમાં કેળવણી, ન્યાયવિષયક, બાંધકામ તથા વૈદિક વગેરે ક્ષેત્રે સુધારાઓ કર્યા. આ દિવાને કરકસર કરીને સયાજીરાવનાં તથા તેમની બહેન તારાબાઈ નાં લગ્ન નું ખર્ચ કાઢતાં દોઢ કરોડ રૂપિયા બચાવ્યા હતા. તેમણે ન્યાયાધીશ તરીકે અનુભવી વ્યકિતની નિમણૂક કરી. દવાખાનાઓ અને શાળાઓ શરૂ કરાવીને પ્રજાકલ્યાણનાં કાર્યો હતાં. તેમને આ રીતે ઈ.સ. ૧૮૭૫ થી ૧૮૮૧ સુધી સંગીન રીતે વહીવટ કર્યો. તેમના સુવ્યવસ્થિત વહીવટની કદર તરીકે તેમને ઈ.સ. ૧૮૭૭માં ભારત સરકાર દ્વારા દિલ્હી દરબારમાં 'રાજા' ની પદવી આપવામાં આવી ત્યારબાદ પાંચ વર્ષ બાદ સર ટી. માધવરાવે ઈ.સ. ૧૮૮૨ માં વડોદરા રાજયની નોકરીમાંથી રાજીનામું આપ્યું. આવા પ્રજાવત્સલ અને સતત જનકલ્યાણની પ્રવૃતિને વરેલા દિવાન તથા વિદ્વાન અંગ્રેજ ઈલિયટ શ્રીમંત સયાજીરાવમાં શિક્ષણની સાથે સાથે ઉતમ પ્રકારના સંસ્કારોનું પણ સિંચન કર્યું.

## : લગ્ન :

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ નાં લગ્ન દક્ષિણ ભારતમાં આવેલ તાંજોર રાજયમાં રહેતા હૈબતરાવ નારાયણરાવ મોહિતેની સુપુત્રી લક્ષ્મીબાઈ સાથે ૬ ઠ્ઠી જાન્યુઆરી, ૧૮૮૦ ના રોજ અઢાર વર્ષની વયે થયાં હતાં. મહારાષ્ટ્રમાં લગ્ન બાદ

પત્નીનું નામ બદલી નાખવામાં આવે છે. આથી લગ્ન બાદ લક્ષ્મીબાઈનું નામ બદલીને ચિમણાબાઈ પહેલાં રાખવામાં આવ્યું. શ્રીમંત સયાજીરાવનું આ લગ્ન જીવન લાંબું ટક્યું નહિ. લગ્ન બાદ માત્ર પાંચ જ વર્ષમાં ૧૮૮૫ ની ૬ ઠ્ઠી મે ના રોજ મહારાણી ચિમણાબાઈ નો સ્વર્ગવાસ થયો. ત્યારબાદ થોડા જ મહિના બાદ શ્રીમંત સયાજીરાવ નાં બીજા લગ્ન દેવાસ રાજયના સરદાર બાજીરાવ ઘાટગેની પુત્રી સાથે ૧૮મી ડિસેમ્બર, ૧૮૮૫ ના રોજ થયાં. આ મહારાણીનું નામ ચિમણાબાઈ બીજા રાખવામાં આવ્યું. આ લગ્નથી ત્રણ પુત્રો અને એક પુત્રી થઈ.

## : રાજગાદીની પ્રાપ્તિ :

અભ્યાસ અને રાજકારણનું પ્રારંભિક જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી શ્રીમંત સયાજીરાવને ઉંમરલાયક થતાં ઓગણીસ વર્ષની વયે તા. ૨૮મી ડીસેમ્બર, ૧૮૮૧ ના રોજ રાજયનો સ્વતંત્ર અધિકાર આપવામાં આવ્યો. તેમના રાજયારોહણ વખતે ભાષણ કરતાં એમને જાહેર કર્યું કે - "આજે અમે વડોદરા રાજયની લગામ અમારા હાથમાં લઈએ છીએ. અમારી પ્રજા સંતૃષ્ટ રહે અને ઉત્તરોતર તેમના સુખની વૃધ્ધિ થતી રહે તેવી અમારી અંતઃકરણપૂર્વક ઈચ્છા છે. આ અમારો હેતુ પાર પાડવામાં અમારા સર્વે અધિકારીઓ તથા સમસ્ત પ્રજા અત્યંત રાજનિષ્ઠાથી અમારી સાથે વર્તશ, અને સહકાર કરશે, "સાથે સાથે એમ પણ જાહેર કર્યું કે - " એ અમારી હાર્દિક શુભકામના છે કે હું વચન અને કર્મથી મારી પ્રજાના કલ્યાણ માટે બંધાવું છું."

શ્રીમંત સયાજીરાવ મુઘલ સમ્રાટ અકબર ને મળવા આવે છે. અકબર બાદશાહ પણ તેરમા વર્ષે જયારે રાજયમાં અંધાધુધી ફેલાયેલી હતી તેવા સમયે રાજગાદીએ બેઠા અને ઉંમરલાયક થતાં ઓગણીસમા વર્ષે રાજય કારભાર સ્વતંત્રપણે પોતાના હાથમાં લીધો. અકબરના શિક્ષણ બહેરામખાંએ શિક્ષણ અને સંસ્કારનું તેમનામાં સિંચન કર્યું. તેવી જ રીતે સયાજીરાવને સર ટી. માધવરાવે પણ સંસ્કારનું સિંચન કર્યું. અકબરની જેમજ પ્રજા સુખી રહે તેવી કાળજી સયાજીરાવે રાખી હતી. સયાજીરાવે સત્તાનાં સૂત્રો હાથમાં લીધાં ત્યારથી જ પ્રજા સુખી, સમૃધ્ધ અને સંતૃષ્ટ રહે તેવી તેમની ઈચ્છા હતી. શાસનની શરૂઆત કર્યા બાદ ઈ.સ. ૧૮૯૯ ના હજૂર હુકમમાં લખેલુ છે કે - "રાજયનો કારભાર ચલાવવામાં ઓછા નોકરો છે તેને લીધે નહિ. પરંતુ નોકરોની સંખ્યા વધારે

છે. તેને લીધે જ રાજયને વધુ નુકશાન સહન કરવું પડે છે."

## : વડોદરા રાજય અને વિભાગો :

શ્રીમંત સયાજીરાવે વહીવટની સરળતા માટે સમગ્ર વડોદરા રાજયને પાંચ વિભાગોમાં વહેંચી નાખ્યું હતું. તે દરેક વિભાગને 'પ્રાંત' કહેવામાં આવતો હતો. વડોદરા, કડી (મહેસાણા) નવસારી, અમરેલી અને ચોખામંડળ એમ પાંચ પ્રાંતો હતા, ઈ.સ. ૧૯૩૧ ની વસ્તી ગણતરી પ્રમાણે આ પાંચેયે પ્રાંતોનું ક્ષેત્રફળ ૮૧૬૪ ચોરસમાઈલ હતું.

શ્રીમંત સયાજીરાવે લોકોની સાથે અને પ્રાન્તના વહીવટની વિગત સાથે વ્યવહારુ પરિચય વધારવાના હેતુથી આશરે બે મહિના સુધી પ્રાંતના બધા તાલુકાઓ, કસ્બાઓ અને બીજા જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી. સ્થાનિક અમલદારોના દફતરો તપાસ્યાં. પોલીસ, લશ્કરી અને સરકારી મકાનો તથા જાહેર બાંધકામો જોયાં. જયાં જયાં તેઓ મુકામ કરતા ત્યાં તેઓ આગેવાનોને અને શહેરીજનોને મુલાકાત આપતા હતાં. ઈ.સ. ૧૮૮૩-૮૪ માં નવસારી અને ઈ.સ. ૧૮૮૪-૮૫ માં વડોદરા પ્રાંતની મુલાકાતો લઈ ત્યાંની પરિસ્થિતિનું બારીકાઈથી અવલોકન કર્યું.

## : સયાજીરાવ ત્રીજાના ઈલ્કાબો અને પદવીઓ :

શ્રીમંત સયાજીરાવ પૂર્વજો તરફથી ચાલતા આવેલા 'સમશેર બહાદુર' અને 'સેના-ખાલ- ખેલ' ના ખિતાબ ઉપરાંત બીજા ઘણા ઈલ્કાબો મળ્યા હતા.

ઈ.સ. ૧૮૭૭ ની પહેલી જાન્યુઆરીએ ઈંગ્લેન્ડની મહારાણી વિકટોરીયાએ દિલ્હીમાં દરબાર ભરેલો તેમાં સયાજીરાવને મહારાણીએ 'ફરજંદ - ઈ - ખાસ - દોલત - - ઈ - ઈંગ્લીશીયા - ' એવો માનવંતો ઈલ્કાબ આપ્યો હતો.

તા. ૩-૧૨-૧૮૮૭ માં અંગ્રેજી સરકાર તરફથી શ્રીમંત મહારાજાને જી.સી.એસ.આઈ. નો ઈલ્કાબ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તા. ૧-૧-૧૯૧૧ ના રોજ જી.સી.આઈ.ઈ નો પણ ઈલ્કાબ આપ્યો હતો.

બનારસ હિન્દુ યુનિવર્સિટી (હિન્દુ વિશ્વ વિદ્યાલય) તરફથી તેમનાં અનેક ગુણોની કદર કરીને એલ.એલ.ડી ની પદવી એનાયત કરવામાં આવી હતી.

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સ્થાપેલા 'આર્યસમાજ' તરફથી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને તેમની અસ્પૃશ્યતા નિવારણની દ્રઢ પ્રવૃતિ અને અવિરત પરિશ્રમ માટે 'પતિતપાવન' એવી અંતેદેશીય પદવી આપવામાં આવી હતી.

શારદા પીઠાધિશ્વર જગદગુરુ પારિવાજકાચાર્ય શ્રીમદ શંકરાચાર્ય તરફથી શ્રીમતં સયાજીરાવને હિરક મહોત્સવના શુભપ્રસંગે પ્રજા પ્રિય સમદર્શી એવા વિશિષ્ટ નામથી ઓળખાવાનું આજ્ઞાપત્ર સંસ્કૃતમાં બહાર પાડવામાં આવ્યું હતું.

કલકતા સંસ્કૃત કોલેજે શ્રીમંત સયાજીરાવ ત્રીજાને ૨૩મી ડીસેમ્બર ૧૯૩૭ ના રોજ 'ભૂપતિ ચક્રવર્તી' ની પદવી એનાયત કરી હતી.

## : સયાજીરાવના જીવનસાથી મહારાણી ચિમનાબાઈ :

મહારાણી ચિમનાબાઈ હંમેશા શ્રીમંત સયાજીરાવના લોકહિતનાં કાર્યોમાં સાથ આપતા હતાં. તેઓ ખુદ પ્રગતિશીલ વિચારસરણી ધરાવતાં હતાં. તેમણે વડોદરા રાજયમાં સમાજ સુધારણા, કન્યા કેળવણી અને પ્રજા ઉન્નતિનાં કામો કર્યા હતાં. તેઓ સ્ત્રી-શિક્ષણનાં હિમાયતી હતા. હિન્દી સમાજની હાલની સ્થિતિ સુધારવામાં શિક્ષણ પ્રચાર એક રામબાણ ઈલાજ છે એવો તેમનો મત હતો. તેથી જ તેમણે શિક્ષણના વિકાસ માટે છૂટા હાથેથી સંસ્થાઓને મદદ કરી હતી. તેઓએ કન્યાઓને શિષ્યવૃત્તિ મળી રહે તે માટે ઈ.સ.૧૯૧૫ માં ૧,૦૦,૦૦૦/- દાન કરી તેનું કાયમી ટ્રસ્ટ બનાવ્યું. તેમણે વડોદરા રાજયમાં નવસારી, પાટણ, વડોદરા અને અમરેલીમાં સ્ત્રી ઉદ્યોગ કેન્દ્રો ઉભાં કર્યા હતાં.

સમાજ સુધારણાના એક અંગ તરીકે તેમણે પોતાનાજ કાર્યથી દાખલો બેસાડવા રાજવંશી કુટુંબોમાં પળાતા પડદાના રિવાજનો ત્યાગ કર્યો હતો. એક મહારાણી તરીકે પડદાને વિદાય આપનાર તરીકે તેમનું સ્થાન પ્રથમ હરોળમાં આવી શકે. તેમના તેજદાર વ્યકિતત્વને લીધે તેઓ પ્રથમ 'અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ બન્યાં હતાં.

હિન્દની પ્રજાની મુકિત અને ઉન્નતિની સતત ચિંતા કરનાર મહારાણી ચિમનાબાઈ સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)નાં સાચાં જીવનસંગિની હતાં. તેમનું અવસાન ૮૭ વર્ષની પાકટ વયે પૂનામાં થયું હતું.

## : શૈક્ષણિક પ્રવૃત્તિઓ :

શ્રીમંત સયાજીરાવના સમયમાં શિક્ષણનો સારા પ્રમાણમાં પ્રચાર પ્રસાર થયો હતો. શિક્ષણનો ફેલાવો થાય તે માટે સમગ્ર વડોદરા રાજયમાં જુદી જુદી જગ્યાએ શાળાઓ ખોલીને પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવ્યું હતું. સ્ત્રીઓના શિક્ષણ માટે જુદી શાળાઓ ખોલી હતી. મોટી ઉંમરની બહેનો માટે 'જનાના વર્ગો' શરૂ કર્યા હતા.

સંસ્કૃત અને ઉર્દૂ પાઠશાળાઓ પણ શરૂ કરી હતી. પ્રજા માટે ટેકનિકલ શિક્ષણ મળી રહે તે માટે ઔદ્યોગિક શાળાઓ ખોલી હતી. વિદ્યાના ઉત્કર્ષ માટે તેમણે અસંખ્ય પુસ્તકો વિદ્વાનો પાસે લખાવી પ્રસિધ્ધ કરાવ્યાં હતાં. 'સયાજી જ્ઞાન મંજૂષા' 'પ્રાચીન કાવ્ય-માળા,' 'સયાજી સાહિત્યમાળા,' અને 'સયાજી બાળ જ્ઞાનમાળા' જેવી પુસ્તકમાળાઓ દ્વારા સેકંડો નાનાં- મોટાં પુસ્તકો પ્રસિધ્ધ કરાવ્યાં હતાં.

આ ઉપરાંત વડોદરા રાજયમાં પ્રાચીન જૈન પુસ્તક ભંડાર પાટણમાં આવેલો હતો. અસ્તવ્યસ્ત પડેલા જૈન પુસ્તકોની યાદી તૈયાર કરાવી હતી. પ્રાચીન ગ્રંથોની પ્રતો મેળવી ફરીથી છપાવવાનું કામ સયાજીરાવે કરાવ્યું હતું. પ્રાચીન ગ્રંથોનું ભાષાંતર કરાવવા માટે રાજયમાં 'ઓરીએન્ટલ ઈન્સ્ટીટયુટ'ની સ્થાપનાં કરી હતી.નિષ્ણાતો ધ્વારા આ કામ ચાલું રાખ્યું હતું. શ્રીમંત સયાજીરાવની વિદ્વાતાની કદર કરીને અમેરિકામાં ભરાયેલી 'સર્વ ધર્મ પરિષદ' માં પ્રમુખ સ્થાન આપવામાં આવ્યુ હતું.

તેઓ ગાદીનશીન થયા તે પહેલાં વડોદરા રાજયનો કારોબાર મોડી લિપિવાળી મરાઠી ભાષામાં ચાલતો હતો. આથી પ્રજાને ભાષા તથા લિપિ સમજવામાં અગવડતા પડતી હોવાથી શ્રીમંત સયાજીરાવે ગુજરાતીને રાજ ભાષા ઠરાવી બધો જ પત્રવ્યવહાર ગુજરાતી લિપિમાં કરવાનું ઠરાવ્યું. રાષ્ટ્રભાષા હિન્દીને પણ તેમણે ઉત્તેજન આપ્યું હતું.

## : સયાજીરાવની ધર્મભાવના :

શ્રીમંત સયાજીરાવનાં કુટુબીજનો શિવ પૂજક હતા. શ્રીમંત સયાજીરાવે બહારથી પંડિતો બોલાવીને વેદોક્ત પધ્ધતિ શરૂ કરાવી હતી. તેઓ શ્રાદ્ર કરવાની પ્રથાના વિરોધી હતા. ર૩મી ડિસેમ્બર, ૧૯૩પ માં સયાજીરાવે શ્રાદ્ર વિષયમાં કહેલું કે - "ઋગ્વેદના સમયમાં મૃતપિતૃઓને સદગતિ મળે અને પાછળ રહેલાઓને આરોગ્ય, સંતતિ સંપતિ મળે, કિર્તી - યશ મળે એટલા માટે ઈન્દ્રાદિ દેવોની સ્તુતિ કરવામાં આવતી. સમય જતા આ વિચારો (કલ્પના) માં ફેરફાર થયાં અને હાલ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે."

શ્રીમંત સયાજીરાવે ઉંઝામાં માતાજીનું મંદિર અને ધર્મશાળા બંધાવવા ઈ.સ. ૧૮૮૩ ની ડિસેમ્બરની, ર૬મી તારીખે રૂા. ૧૫૦૦/- સિકકાઈ આપવા હુકમ કર્યો હતો. બેચરદાસ લશ્કરીએ ગાયકવાડ સરકાર તરફથી યોગ્ય મદદ મેળવતા કડી પ્રાતના સુબા રા.બા.લક્ષ્મણરાવ ને પત્ર લખ્યો હતો. શ્રી લક્ષ્મણરાવે તા. ૪-૧ર-૧૮૮૩ ના

રોજ હજૂર માં લખાણ લખ્યુ હતુ. જેના પ્રત્યુત્તરમાં સયાજીરાવે ઉમિયા માતાનુ મંદિર બનાવવા તથા ધર્મશાળા બંધાવવા રૂા. ૧૫૦૦/- ની રકમ બેચરદાસને આપી હતી.

આમ, શ્રીમંત સયાજીરાવ ધર્મસહિષ્ણુ રાજવી હતા. તેઓ હિન્દુ મુસ્લિમોને માનની નજરે જોતા હતા. તેઓ ઈદ જેવા ઉત્સવો માં પણ ભાગ લેતાં હતા. તેઓ હંમેશા કહેતા હતા કે આપણા દેશના કલ્યાણ માટે આપણે પરસ્પર પ્રેમ રાખવો જોઈએ.

## : સયાજીરાવના વહીવટદાર મહર્ષિ શ્રી અરવિંદ :

શ્રી અરવિંદ ઘોષે ઈંગ્લેન્ડમાં જઈને આઈ.સી.એસની પરીક્ષા પાસ કરેલી. ત્યારબાદ લંડનમાં એલ.એલ.બી.અને લૉ ની ડિગ્રી મેળવવા માટે ગયા. ત્યાં વડોદરાના રાજવી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ સાથે મુલાકાત થઈ. શ્રી મહર્ષિ અરવિંદની કુશાગ્ર બુદ્ધિ પરાખીને પોતાના રાજયમાં નોકરી માટે આમંત્રણ આપ્યું.

અભ્યાસ પૂરો કર્યા બાદ શ્રી અરવિંદ ૮ મી ફેબ્રુઆરી, ૧૮૯૩ ના રોજ વડોદરામાં આવ્યા. શ્રીમંત સયાજીરાવે શ્રી અરવિંદને વડોદરા રાજયના વહીવટદાર તરીકેની નોકરી આપી. નોકરીના એક ભાગરૂપે શ્રી અરવિંદને ગુજરાતનાં જુદાં જુદાં ગામો, કસ્બાઓ અને શહેરોની મુલાકાતે જવું પડતું હતું.

શ્રી અરવિંદે નોકરી શરૂ કરી એના બીજા જ વર્ષે ઈ.સ. ૧૮૯૪ માં મહેસાણા જિલ્લામાં ભીષણ દુષ્કાળ પડેલો. આથી શ્રીમંત સયાજીરાવે શ્રી અરવિંદને દુષ્કાળનું કારણ શોધવા, દુષ્કાળની મોજણી કરવા, બીજી માહિતી એકઠી કરવા, રાહતકામની રૂપરેખા તૈયાર કરવા અને લોકસંઘર્ષ સાધવા ગોઝારીયા મોકલ્યા હતા. ત્યાંના દુષ્કાળ પીડિતો વચ્ચે તેમણે વારંવાર મુલાકાતો ગોઠવી. ત્યારબાદ પાટણ, મહેસાણા, કડી, વિજાપુર, વગેરે ગામોની જાતતપાસ કરી. એના પરથી દુષ્કાળની નોંધો તૈયાર કરી રાહતકામો અંગેના સૂચનો કર્યા. મહારાજાના વિશ્વાસુ અમલદાર તરીકે શ્રી. અરવિંદ ઘોષે સાચી લોકસેવા કરેલી.

## : સયાજીરાવના મહોત્સવો :

શ્રીમંત સયાજીરાવની ચોસઠ વર્ષની રાજકીય કારકિર્દીમાં ત્રણ મોટા મહોત્સવો ઉજવવામાં આવ્યા. તેઓશ્રીની પચીસ વર્ષની કારકિર્દીનો રૈપ્ય મહોત્સવ ૧૯૦૭ માં અને પચાસ વર્ષની કારકિર્દીનો સુવર્ણ મહોત્સવ ૧૯૨૬ માં ઉજવાયો જયારે ૬૦ વર્ષની કારકિર્દીનો હીરક મહોત્સવ ૧૯૩૬ માં ઉજવાયો હતો.

શ્રીમંત સયાજીરાવે તા ૨૫ ડિસેમ્બર, ૧૮૮૧ ના રોજ રાજય સત્તા પોતાના

હસ્તક લીધી હતી. તેઓશ્રીની રાજકીય કારકિર્દીના ૨૫ વર્ષ ઈ.સ. ૧૯૦૬ ના ડિસેમ્બરમાં પુરાં થયાં હતાં. તેમણે પચીસ વર્ષમાં ઘણા પ્રજા કલ્યાણનાં કામ કર્યા હતાં. આથી તેમના કાર્યોથી પ્રભાવિત થઈ તેમના પ્રત્યે પ્રેમ અને આભારની લાગણી વ્યક્ત કરવા વડોદરા રાજયની પ્રજાએ 'રૌપ્ય મહોત્સવ' ઉજવ્યો હતો. ઈ.સ. ૧૯૦૬ ના ડિસેમ્બર મહિનામાં મહારાજા કલકત્તાના પ્રવાસે હતા. તેથી તેમના જન્મ દિવસે આ મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. તા. ૫મી માર્ચ, ૧૯૦૭ ના શુભ દિને તથા તે પછીનાં પાંચ દિવસ સુધી સમગ્ર રાજયમાં ધામધૂમથી રૌપ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

શ્રીમંત સયાજીરાવે ઈ.સ. ૧૯૨૬માં પચાસ વર્ષ પૂર્ણ કર્યા હોવાથી સમગ્ર વડોદરા રાજયમાં તા.૧૧મી જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ 'સુવર્ણજયંતિ મહોત્સવ' ઉજવ્યો હતો.

ઈ.સ. ૧૯૩૬ માં શ્રીમંત સયાજીરાવે ૬૦ વર્ષ પૂરાં કર્યા હોવાથી તારીખ ૧-૧-૧૯૩૬ થી ૭-૧-૧૯૩૬ સુધી 'હીરક મહોત્સવ' ની ઉજવણી થઈ હતી. દરેક પ્રાંત તાલુકાઓ, શહેરો, કસ્બાઓ અને ગામડાઓમાં ઉજવણી કરવામાં આવી હતી. તા. ૧-૧-૩૬ ના સુપ્રભાતે ઘરે ઘરે, દેવસ્થાને, મંદિરે અને મસ્જિદોમાં સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી. તા. ૩-૧-૩૬ ના દિવસે દરેક તાલુકાઓમાં સરઘસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મૂંગા જાનવરોને વિસનગર જેવાં સ્થળોએ ઘાસ આપવામાં આવ્યું હતું. ઉત્સવ દરમ્યાન રોજ રાત્રે મંદિરો તથા મસ્જિદોમાં ભવ્ય કિર્તનનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.મહેસાણા, સિધ્ધપુર, વિજાપુર અને કડી કસ્બાઓમાં સ્ત્રી સંમેલનો તથા ગરબાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. હીરક મહોત્સવની ખાસ યાદગીરી અર્થે ગામે ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મહેસાણા , ખેરાલુ, ચાણસ્મા , વગેરે સ્થળે ગ્રામોધ્ધાર, આરોગ્યરક્ષણ, વ્યાયામ વગેરે વિષયો ઉપર જાહેર વ્યાખાન માળાઓ ગોઠવવામાં આવી હતી. હીરક મહોત્સવનાં કાયમનાં સ્મારકો મહેસાણા પ્રાંતમાં ઊભાં કરવામાં આવ્યા હતાં.

## : સયાજીરાવ ત્રીજાનું અવસાન :

ચોસઠ વર્ષની લાંબી યશસ્વી કારકિર્દીમાં શ્રીમંત સયાજીરાવે રાજકીય, સામાજિક,આર્થિક ક્ષેત્રે સુધારાઓ કરી પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. તેમણે ૧૧મી ઓગસ્ટ, ૧૯૩૮ ના રોજ લંડનમાં 'ઈસ્ટ ઈન્ડીયા એસોસિએશન' સમક્ષ છેલ્લુ વ્યાખ્યાન આપ્યુ. ઈગ્લેન્ડના છેલ્લા પ્રવાસ બાદ ઓકટોમ્બર, ૧૯૩૮ માં તેઓ મુંબઈ આવ્યા,

તેમની નાદુરસ્તી તબિયત વધુ બગડતા મુંબઈમાં તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૩૯ ના તારીખે રાતના ૮-૪૦ મિનિટે તેમનું અવસાન થયું.

એમના અવસાન પ્રસંગે એમના પરમ મિત્ર અને ગુજરાતના લોકનેતા ડૉ. સુમન્ત મહેતા એ સાચું જ લખ્યુ હતુ કે - "એમનામાં જબરૂ સ્વદેશાભિમાન હતુ. સ્વદેશ પ્રેમને લીધે તેમની રાષ્ટ્રીય મહાસભા તરફ સહાનુભૂતિ હતી. મહાસભાના અધિવેશન પ્રસંગે સામાજિક અને ઔદ્યોગિક પ્રશ્નોની છણાવટ કરેલી, એમના ભાષણોમાં રાજકીય નેતાઓના જેટલી જ દેશભક્તિ જણાઈ આવતી અને લોકોમાં તથા વિદેશોમાં એવી માન્યતા દેખાઈ હતી કે, જો હિન્દ સ્વતંત્ર થશે તો તેના પહેલા પ્રમુખ સયાજીરાવ મહારાજા થશે."

ગાંધીજીએ કહયુ હતું કે, "વડોદરા નરેશ શ્રીમંત ગાયકવાડ સરકારે હરીજનો પ્રત્યે જે વર્તન રાખ્યું છે તે માટે તથા અસ્પૃશ્યતાના ભેટ ને રાજય તરફથી ખુલ્લી રીતે દૂર કર્યા છે. તે માટે તેઓશ્રીને આપણા સૌનાં અંતરનાં અભિનંદન ઘટે છે. તેમાં જરા પણ શંકા નથી."

વિનોબાજીએ (વડોદરામાં આપેલા ભાષણ) માં કહયુ કે "મને અહી શ્રીમંત સયાજીરાવનુ સ્મરણ થાય છે જયારે બીજા રાજયો સાવ ડરી ગયા હતા ત્યારે એ બહાદુર રાજાએ કહી માથુ નમાવ્યુ નથી અને પોતાની સ્વતંત્રા જાળવીને પોતાની પ્રજાને પણ સ્વતંત્રતા આપી હતી."

શ્રીમંત સયાજીરાવનો ઈ.સ. ૧૮૭૫ થી ૧૯૩૯નો સમય હિંદના યુગ પરિવર્તનનો સમય હતો. તેઓ પ્રથમ પંક્તિના સફળ જયોતિર્ધર હતા. એમની દીર્ઘદષ્ટિ, પ્રગતિશીલ, વિચારણા, કાયદા અને એમના અમલમાં તેઓની ચોકસાઈ તેમજ મહેનત, પોતાની જાતે સહન કરીને પણ કાયદાનું જાતે પણ પાલન કરવાની એમની સતત કાળજીને કારણે તેઓ દેશના મહાન વીર, રાષ્ટ્રીય મશાલથી તથા મોટી શકિતવાળા પ્રજાનેતા પણ પુરવાર થયા.

શ્રીમંત સયાજીરાવની ગણના રાજાઓમાં દેશભકતોમાં રાજા તરીકે થતી. સૂક્ષ્મ વિવેકી, કર્તવ્ય પરાયણ, ઉમદા શાસક, પ્રજાપ્રિય, સમદર્શી અને પ્રજા કલ્યાણ પ્રેમી સેવા સયાજીરાવે વડોદરા રાજયને સમકાલીન રાજયોમાં નમૂનેદાર આધુનિક રાજય બનાવવામાં પોતે યુગદષ્ટા અને યુગસ્રષ્ટા હતા.

# ૪. વહીવટીતંત્ર

## : વડોદરા રાજય વિસ્તાર :

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડનો વડોદરા રાજયનો પ્રદેશ વિષુવવૃત થી ઉત્તરે ૨૧ં - ૪૫ ' અને ૨૧ં - ૪૨ ' અક્ષાંસ વચ્ચે અને ગ્રીનીસ થી પૂર્વે ૭૦ં - ૪૫ અને ૭૨ં - ૨૨' રેખાંશ વચ્ચે આવેલો હતો. ફકત ઓખામંડળનો પ્રદેશ ૨૨ં અને ૨૦ં - ૨૮' અક્ષાંશ વચ્ચે અને ૬૮ં - ૫૮' તથા ૬૯ં - ૧૪' રેખાંશ વચ્ચે આવેલો હતો. અર્થાત્ દક્ષિણમાં થાણા જિલ્લાના ઉત્તર છેડાથી તે ગુજરાતના પાલનપુર સુધી અને અગ્નિખૂણામાં નાસિક જિલ્લાની પશ્ચિમ સરહદથી તે વાયવ્ય ખૂણામાં છેક કાઠિયાવાડ ના છેડા સુધી જે પ્રદેશ આવેલો હતો તેમાં અંગ્રેજ રાજય અને બીજા રાજયો પણ ભળી ગયેલાં તે પ્રદેશ સુધી સયાજીરાવની સત્તા પ્રવર્તતી હતી.

## : વડોદરા રાજયના વિભાગો :

વહીવટની સુગમતા માટે સમગ્ર વડોદરા રાજયને પાંચ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યુ હતું. તે દરેક વિભાગને 'પ્રાંત' તરીકે ઓળખવામાં આવતો હતો. આ પાંચ પ્રાંત માં વડોદરા, કડી (મહેસાણા) , નવસારી, અમરેલી અને ઓખામંડળ નો સમાવેશ થતો.

ગુજરાતની ઉત્તરે પાલનપુરને અડીને કડી પ્રાંત, અમદાવાદ ની દક્ષિણે વડોદરા પ્રાંત, દક્ષિણે મહારાષ્ટ્ર ને અડીને નવસારી પ્રાંત અને કાઠિયાવાડમાં અમરેલી અને ઓખામંડળનો પ્રાંત આવેલો હતો.

પ્રાંતોનું પણ વિભાગીકરણ કરવામાં આવેલું હતું. પ્રાંતોમાં અનેક તાલુકાઓ (મહાલો) આવેલા હતા. ઈ.સ. ૧૯૩૧ ની વસ્તી ગણતરી પ્રમાણે પાંચેય પ્રાંતોનુ કુલ ક્ષેત્રફળ ૮૧૬૪ ચો.માઈલ હતું.કડી પ્રાંત નું ૩૦૬૪ ચોરસ માઈલ, વડોદરા પ્રાંત નું ૧૯૩૩ ચો. માઈલ, નવસારી, પ્રાંતનું ૧૮૧૫ ચો.માઈલ, અમરેલી પ્રાંતનુ ૧૦૭૭ ચો.માઈલ અને ઓખામંડળનું ૨૭૫ ચો. માઈલનું ક્ષેત્રફળ હતું.

## : સ્થાનિક સ્વરાજય :

પ્રાચીન સ્મૃતિઓમાં સ્થાનિક સ્વરાજય વિશે ઘણી હકીકતો મળી આવે છે. પ્રાચીન સમયમાં ગામડાઓનો વહીવટ 'સભા' કરતી હતી. સભાના આગવાનને

'પ્રમુખ' કહેવામાં આવતો હતો. આ સભા ગામના મંદિર કે સ્થાનિક સ્થળે મળી લોકહિતના કાર્યો કરતી. આ સભા ન્યાય આપવાનુ કામ પણ કરતી હતી. ટૂંકમાં ગામનો તમામ વહીવટ આ સભા કરતી હતી. પરંતુ જ્યારથી વિઘોટી વહીવટ કાયમ કરી સરકારે ખાતેદારો પાસેથી જેના તેના મહેસુલની પરભારે ઉઘરાવવાનુ શરૂ કર્યું ત્યારથી ગામના સ્વરાજ્યની આ પ્રાચીન વ્યવસ્થા ધીમે ધીમે શીથીલ બનતી ગઈ.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તો આ ગ્રામ્ય પંચાયતને ટકાવી રાખવા અને વિસ્તારવા અથાગ પ્રયત્નો કર્યા હતા. તેઓ માનતા હતા કે, જો ગામડાઓ સમૃધ્ધ બનશે તો દેશ સમૃધ્ધ બનશે. ગામડાઓની આર્થિક સ્થિતિ સુધરશે તો સમગ્ર દેશની આર્થિક સ્થિતિ પણ સુધરશે. ગ્રામ્ય સુધારણા માટે ગ્રામ્ય પંચાયતો શરૂ કરી.

## તાલુકા પંચાયત

ગ્રામ્ય પંચાયતની સ્થાપના બાદ તાલુકા પંચાયત અને પ્રાંત પંચાયતો સબંધી ઈ.સ. ૧૯૦૪માં કાયદો ઘડવામાં આવ્યો હતો. તાલુકા પંચાયતમાં અડધા સભ્યોની પસંદગી ચૂંટણી દ્વારા થતી અને બીજા અડધા સભ્યોની પસંદગી સરકાર ધ્વારા થતી હતી એટલે કે, ૧/૩ સરકાર નિયુકત સભ્યો અને ૨/૩ પ્રજા તરફથી ચૂંટાયેલા સભ્યો હોય છે.

## પ્રાંત પંચાયત

તાલુકા પંચાયતનું ૧લી નવેમ્બર, ૧૯૨૯ થી સ્વતંત્ર અસ્તિત્વ મિટાવી દેવામાં આવ્યું. ત્યાર બાદ પ્રાંત પંચાયત ને વધુ પ્રાણવાન બનાવવામાં આવી. પ્રાંત પંચાયત ના અધ્યક્ષ સુબા હોય છે.

પ્રાંત પંચાયતના સભાસદો ૨/૩ ચૂંટાયેલા અને ૧/૩ નિમાયેલા હોય છે. પ્રાંત પંચાયત માટે દરેક મહાલ (તાલુકા) પંચાયત એક એક સભાપદ ચૂંટી કાઢે છે. તેમજ દરેક વિશિષ્ટ પંચાયત તથા સુધરાઈ પણ એક એક પંચ ચૂંટી કાઢે છે. પ્રાંત પંચાયત ના સભ્યોની ચૂંટણી દર ત્રણ વર્ષે થાય છે. મહેસાણા પ્રાંતમાં ચૂંટાયેલા ૩૪ સભ્યો હતા. નિમાયેલા હોદાની રુએ ૮ સભ્યો અને પ્રજાથી ચૂંટાયેલા ૮ સભ્યો હતા. આમ કુલ મળી ૫૦ સભ્યો હતા.

તાલુકા પંચાયતો બંધ થવાથી તેમની જગ્યાએ પ્રાંત પંચાયતો તરફથી સ્થાનિક સમિતિઓ રચવામાં આવી હતી. એમાં કેટલીક સમિતિઓ ફરજીયાત અને કેટલીક સમિતિઓ મરજીયાત હતી.

પ્રાંત પંચાયત નું કામ કરવા અને તેની ઉપર દેખરેખ રાખવા માટે પંચાયત

પોતાનામાંથી જ એક ઉપાધ્યાક્ષ અને સહઉપાધ્યાક્ષ ચૂંટી કાઢે છે. અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ સભામાં અધ્યક્ષ સ્થાને બેસી કામ ચલાવતો હોય છે. સભાની બેઠક વર્ષમાં ચારથી પાંચ વખત મળતી હતી.

પ્રાંત પંચાયતો પોતાના પ્રદેશમાં રસ્તાઓ બંધાવવા અને સમારકામ કરાવવું, આરોગ્ય ના રક્ષણ માટે દવાખાનાઓ બંધાવવા તથા વિદ્યાર્થી માટે શાળાઓ શરૂ કરવી વગેરે મહત્વના કામો કરતી હતી.

**: સુધરાઈઓ :**

વડોદરા રાજયમાં સુધરાઈની સૌ પ્રથમ શરૂઆત નવસારી પ્રાંતમાં નવસારી શહેરના આગેવાન પારસીઓ અને અન્ય ગૃહસ્થો ના પ્રયાસોથી ઈ.સ. ૧૮૬૩ માં શરૂ કરવાઈ હતી.

સુધરાઈ તથા પંચાયતનો વહીવટ શરૂઆતમાં સરકાર દ્વારા ચલાવવામાં આવતો હતો. સરકાર તરફથી મળતી મદદથી સુધરાઈ ખર્ચ કરતી હતી. ઈ.સ. ૧૯૦૬ ના ફેબ્રુઆરીમાં સુધરાઈ ને લગતો નવો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો. આ કાયદા અન્વયે મોટા તાલુકા ના સ્થળે અને સામાન્ય રીતે પંદર હજાર અથવા તેથી વધુ વસ્તીવાળા શહેરોમાં સુધરાઈઓની સ્થાપના કરવામાં આવી હતી.

## વિશિષ્ટ પંચાયતો

સુધરાઈઓ ઉપરાંત બીજા તાલુકાઓમાં અને કસ્બાઓમાં મંડળો હતા. આ મંડળો 'વિશિષ્ટ પંચાયતો' નામે જાણીતાં હતાં. વિશિષ્ટ પંચાયતોના કામ-કાજ સબંધી ઈ.સ. ૧૯૨૭ માં કાયદો ઘડવામાં આવ્યો હતો.

## સુધરાઈના પ્રકારો :-

સુધરાઈના બે પ્રકારો હતા.

૧. - અ- વર્ગની સુધરાઈઓ અને

૨. - બ - વર્ગની સુધરાઈઓ.

શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ ઈ.સ. ૧૯૩૯ થી લોક પ્રમુખ ચૂંટી કાઢવામાં

અધિકાર 'અ' વર્ગની સુધરાઈઓને આપેલી હોવાથી - તેના પ્રમુખ, પ્રજા ચૂંટી કાઢવામાં આવતાં હતાં. જ્યારે 'બ' વર્ગની સુધરાઈઓમાં પ્રમુખ તરીકે સરકારી અમલદાર હતો.

'અ' વર્ગની સુધરાઈઓ પોતાનો વહીવટ સ્વતંત્ર રીતે ચલાવતી હતી. ટર્મીનલ ટેક્સ, ઘર વેરો, જકાત વેરો, પાણી વેરો, જાજરૂ વેરો, ગટર વેરો તથા પરવાના વગેરે સાધનો દ્વારા ઉપજ ઉભી કરવામાં આવતી હતી.

સુધરાઈઓ ગામમાં રસ્તાઓ બંધાવવા અને મરામત કરાવવા, જોખમ કારક મકાનો ઉતરાવવા, મુસાફરો માટે ધર્મશાળાઓ બંધાવવી, જન્મ-મરણ ની નોંધ રાખવી, શાકભાજી વેચવા માટે માર્કિટ ઉભું કરવું, બાગ બગીચાઓ કરાવવા વગેરે કાર્યો સુધરાઈઓને કરવાના હતાં.

ટૂંકમાં , પ્રજાનુ આરોગ્ય સચવાઈ રહે અને સુખ અને સમૃધ્ધિનો વધારો થાય તેવા પ્રયત્નો સુધરાઈઓ દ્વારા કરવામાં આવતાં હતાં.

## : આર્થિક - સ્થિતિ :

પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિ - ચેતના માટે વાહન-વ્યવહાર અને સંદેશાવ્યવહાર નાં સાધનો મહત્વનો ભાગ ભજવતાં હોય છે. આવા સાધનોથી વિચારોની આપ-લે થાય છે. એક બીજા નજીક આવે છે. સમયનો બગાડ અટકે છે. ભારત ની આઝાદી માટે વાહન-વ્યવહાર અને સંદેશા-વ્યવહારે મહત્વનો ભાગ ભજવ્યો હતો. વડોદરાના ગાયકવાડ શાસકોએ પ્રજાની સુગમતા, સગવડતા અને સરળતા માટે રેલ્વે, તાર-ટપાલ અને વાહન-વ્યવહારની વ્યવસ્થા ઉભી કરી હતી.

## ખેતીવાડી - ખાતું

ભારત ખેતીપ્રધાન દેશ છે. આશરે ૬૦% ખેડૂતો ખેતી કરી જીવન નિર્વાહ ચલાવે છે. શ્રીમંત સયાજીરાવ ત્રીજાના સમયમાં ખેડૂતો જુની ઢબથી ખેતી કરતા હતા. તેઓ નિરક્ષર અને અભણ હતા. કુદરત ઉપર બધુ છોડી દેતા હતા. આધુનિક યંત્રો અને બિયારણોનો ઉપયોગ કરતા ન હતા. શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ ખેતી ક્ષેત્રે ક્રાંતિ લાવવા તથા ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે પ્રયત્નો આદર્યા હતા.

વડોદરા નરેશે ખેતીના સઘન અભ્યાસ માટે ઈંગ્લેન્ડમાં માણસોને મોકલ્યા વડોદરા કોલેજમાં ખેતી ને લગતું શિક્ષણ પણ આપવામાં આવતું હતું. નમુનેદાર ખેતી કરવા માટે વડોદરામાં ખેતર પણ રાખવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦ માં

ભયંકર દુષ્કાળ પડવાથી ખેતીની પાયમાલી થઈ. આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે મહારાજાએ ઈ.સ. ૧૯૦૯ માં એક અલગ 'ખેતીવાડી ખાતુ' શરૂ કર્યું. આ ઉપરાંત, ખેતીના અભ્યાસ માટે વડોદરામાં સૌ પ્રથમ વખત 'શેઠ ડોસાભાઈ મગનલાલ એગ્રીકલ્ચરલ ઈન્સટીટયુટ' ની શરૂઆત કરવામાં આવી.

શ્રી હરગોવિંદદાસ દ્વારકાદાસ કંટાવાલા ના પ્રયાસોથી કડી પ્રાંતમાં ઉંઝા મુકામે પ્રાયમરી કક્ષાની ખેતીવાડી સ્કૂલ ઉભી કરવામાં આવી હતી. થોડા વર્ષો બાદ સંખ્યાના અભાવથી આ શાળા બંધ કરી દેવામાં આવી હતી. ઈ.સ. ૧૯૧૫-૧૬ માં જગુદણ (કડી પ્રાંત) માં 'શેઠ ભોગીલાલ રાસરામ એગ્રીકલ્ચરલ ઈન્ટીટયુટ' ખોલાવવામાં આવ્યું હતું. આમાં ખેતીવાડી અને વનસ્પતિશાસ્ત્ર નો અભ્યાસ કરવામાં આવતો હતો.

કડી પ્રાંતમાં ખેતીવાડી સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રાંત સુબા રા.બા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ ના પ્રયત્નો ના સ્વરૂપે ઈ.સ. ૧૯૧૫ ના જાન્યુઆરીની ૧૬મી તારીખ
કડી પ્રાંત ના હજારો ખેડૂતોની હાજરીમાં શ્રીમંત મહારાજા સયાજીરાવ ત્રીજાના શુભહસ્તે - 'ગોવિંદભાઈ ખેતીવાડી સંગ્રહસ્થાન' મહેસાણામાં ખુલ્લું મૂકયું હતું.

ખેતીવાડી તરફથી પાકો ઉગાડવા માટે ઉતેજન આપવામાં આવતુ હતું. ખેતીવાડી અને પશુ પ્રદર્શનો યોજવામાં આવતાં હતાં. સારાં જાનવરો અને ઉત્તમ બિયારણો રાખનાર ખેડૂતોને ઈનામો આપવામાં આવતાં હતાં. પશુઓની તંદુરસ્તી સચવાય અને તેમને થતા રોગો અટકે તે માટે સમગ્ર વડોદરા રાજયમાં પશુ દવાખાનાઓ શરૂ કરવામાં આવ્યાં હતાં. પશુ દવાખાનાઓ પંચાયતોની મદદથી તેમની દેખરેખ નીચે ચાલતા હતાં.

## : રેલ્વે વ્યવસ્થા :

વડોદરા રાજયમાં રેલ્વેની શરૂઆત શ્રીમંત ગણપતરાવ ગાયકવાડે કરી હતી. તેમણે ઈ.સ. ૧૮૬૦ માં 'બોમ્બે - બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા' નામની કંપનીને પોતાના રાજયમાં રેલ્વે બાંધવાની પરવાનગી આપી હતી. ત્યારબાદ તેમના અવસાન પછી વડોદરાની ગાદીએ આવનાર ખંડેરાવ મહારાજાએ ઈ.સ. ૧૮૬૯માં રૂપિયા ૫૦,૦૦૦ ના ખર્ચે કરજણમીયાંગામ થી ડભોઈ સુધી ૨૦ માઈલની રેલ્વે બાંધી હતી.

ઈ.સ. ૧૮૭૯ માં સંખેડા-ચાંદોદ રેલ્વે - લાઈન શરૂ થઈ. આમ, ક્રમશ : રાજયનો રેલ્વે વ્યવહાર વધતો ગયો.

## રેલ્વે- લાઈનોની શરૂઆત તારીખો

મહેસાણા-વડનગર રેલ્વે લાઈન તારીખ ૨૧-૩-૧૮૮૭, વડનગર-ખેરાલુ રેલ્વે તારીખ ૧૨-૧૨-૧૮૮૮, ખેરાલુ - તારંગાહીલ રેલ્વે તારીખ ૨૦-૮-૧૯૦૯, મહેસાણા - પાટણ રેલ્વે ૨૦-૭-૧૮૯૧, પાટણ-વાગડોદ રેલ્વે તારીખ - ૧૫-૧-૧૯૧૫ અને વાગડોદ - કાકોશી લાઈન તારીખ ૨૮-૫-૧૮૧૫ ના રોજ શરૂ થઈ હતી.

ઉપરોક્ત મહત્વની રેલ્વે - લાઈન ઉપરાંત વિજાપુરથી કલોલ રેલ્વે લાઈન તારીખ :- ૧૦-૬-૧૯૦૨ કલોલ થી કડી રેલ્વે તારીખ - ૧૩-૭-૧૯૦૩, કડીથી ભોયણી રેલ્વે તારીખ - ૧-૪-૧૯૧૨, ભોયણી થી કટોસણ રોડ તારીખ ૧-૩-૧૯૨૧, કટોસણથી બહુચરાજી તારીખ ૧-૫-૧૯૨૦ અને ચાણસ્માથી બહુચરાજી ઈ.સ. ૧૯૦૮ ના રોજ શરૂ થઈ હતી.

ઈ.સ. ૧૯૦૮ પહેલા વડોદરા રાજયની પોતાની રેલ્વે નાખવા સબંધે તમામ કામ-કાજ રાજયના બાંધકામ ખાતાની દેખરેખ નીચે બી.બી.એન્ડ સી.આઈ.રેલ્વે કંપની મારફત થતું હતું. જેમ જેમ રેલ્વેની જરૂરિયાત વધતી ગઈ તેમ તેમ રેલ્વે માટે સ્વતંત્ર ઈજનેર નીમવાની જરૂરિયાત દેખાઈ આથી જ ઈ.સ. ૧૯૦૯ માં સયાજીરાવ ત્રીજાએ પોતાના રાજયમાં રેલ્વે ખાતું શરૂ કર્યું. ઈ.સ. ૧૯૨૧ થી વડોદરામાં ગોયાગેટ સ્ટેશન નજીક એક વર્કશોપ ખોલવામાં આવ્યું. કડી પ્રાન્તમાં મહેસાણામાં રેલ્વે ને લગતી જુદી જુદી કચેરીઓ શરૂ કરવામાં આવી, ત્યાં રેલ્વે આસિસ્ટંટ એન્જીનીયર, આસિસ્ટંટ સુપ્રિન્ટેન્ડેન્ટ વગેરે અમલદારો રહેતા હતા.

રેલ્વે ખાતાના કામકાજ અને કારોબાર ઉપર દેખરેખ રાખવા ઉપરાંત પોતાની પ્રજાનું હિત સચવાય છે કે નહી ? પ્રજાના રેલ્વે વિશે કયા પ્રશ્નો છે ? તે જાણવા સયાજીરાવે એક મંડળ ઉભું કર્યું હતું. આ મંડળમાં કુલ દસ સભ્યો હતા. તેમાં પાંચ સરકારી અને પાંચ બીન - સરકારી પ્રતિષ્ઠિત વ્યકિતઓ લેવામાં આવી હતી. આ મંડળ અવાર-નવાર સયાજીરાવને મળતું અને સલાહ સૂચનો આપતું હતું.

### : બેન્કો :

વડોદરામાં 'બેન્ક ઓફ બરોડા' ની સ્થાપના તા ૧૯મી જુલાઈ, ૧૯૦૮ ના રોજ શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર વડોદરા રાજયમાં તેની શાખાઓ ખોલવામાં આવી.

## : ચલણ :

શ્રીમંત સયાજીરાવ ત્રીજા ગાયકવાડના સમયમાં વડોદરા રાજયે અદ્વિતીય પ્રગતિ સાધી હતી. તેમણે તેમના રાજયની પ્રજા સુખી અને સમૃધ્ધ બને તે માટે અથાગ પ્રયત્નો કરેલા. સમગ્ર વડોદરા રાજયમાં તેમની છાપવાળા સિક્કાઓ ચલણમાં હતા. શ્રીમંત સયાજીરાવના પહેલા ગાયકવાડોના સિક્કાઓ ઉપર ફારસીમાં મુઘલ બાદશાહ નું નામ અને હિજરી સંવત લખાતા હતાં પરંતુ શ્રીમંત સયાજીરાવના સિક્કાઓમાં દેવનાગરી લિપિમાં લખાણ લખાતું હતું. દેવનાગરી લિપિમાં 'સેના ખાસ ખેલ શેર બહાદુર' નું લખાણ, રાજયનું ચિન્હ તલવાર અને તેમનું ઉતરાંગ રહેતું.

હિજરી સંવત ૧૩૦૦ ના રૂપિયાનું વજન ૧૭૭ ગ્રેઈન અને ૦.૮ ઈંચના હતા. અર્ધા રૂપિયા, ચાર આના, બે આના ના સિક્કાઓ પણ મળી આવ્યા હતા. સંવત ૧૯૪૯ ના સિક્કાઓ જુદા પ્રકારના હતાં. આ સિક્કાના અગ્રભાગે 'શ્રી સયાજીરાવ મ. ગાયકવાડ' વર્તુળાકારમાં લખેલું. વચમાં સયાજીરાવ નું ઉતરાંગ, પાછળ ના ભાગમાં વર્તુળાકારમાં પાંદડીઓની આકૃતિ અને વચમાં દેવનાગરીમાં 'એક રૂપિયો' લખેલું હતું.

સયાજીરાવના અડધો રૂપિયો, ચાર આના, બે આના ના સિક્કાઓ પણ ચલણમાં હતા. ચાર આનાના સિક્કાના પાછળ ભાગમાં 'ચાર આણે' અને પાઈ ના સિક્કા ઉપર 'એક પે' લખેલું હતું. આ જુદાં જુદાં વજન ના સિક્કાઓ સંવત ૧૯૫૨ સુધીના જ મળી આવેલ હતા.

તેમના અમુક સિક્કાઓ ઉપર સા-ગા લખેલુ, તો કેટલાક સિક્કાઓ ઉપર 'સયાજીરાવ ગાયકવાડ' લખેલ સંવત ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪) મા બે પૈસાના સિક્કા પરના આગ્રભાગે - 'શ્રી સયાજીરાવ મ. ગાયકવાડ' અને તેની નીચે 'સેના - ખાસ-ખેલ' સમશેર બહાદુર 'એ બિરુદ લખેલુ હતું. જયારે પાછળ ના ભાગમાં ' દોન પૈસે અને સંવત ૧૯૪૦ લખેલુ હતું.

## : કુદરતી આફતો અને રાહતના કાર્યો :

કુદરતી આફતો સમયે શાસક તથા અમલદારોની ખરી કસોટી થતી હોય છે. વડોદરા રાજયમાં કુદરતી આફતો જેવી કે દુષ્કાળ, પુર-રેલ, પ્લેગ, મેલેરિયા આવો હતી. તેવા સમયે સયાજીરાવ ત્રીજાએ રાહતનાં કાર્યો કર્યા હતાં.

## દુષ્કાળો

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડના સમયમાં વડોદરા રાજયમાં ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦, ઈ.સ. ૧૯૧૧-૧૨ અને ઈ.સ. ૧૯૧૫-૧૬ માં ભયંકર દુષ્કાળો પડયા હતા. આવા સમયે તેમણે રાહત કાર્યો હાથ ધર્યા હતાં.

લોકોને મજૂરી મળે તે માટે બાંધકામ અને ખોદકામ શરૂ કરાવ્યાં હતા. અશકત, નબળા, અપંગ અને નિરાધાર લોકોને મફત તૈયાર ખાવામાં આપવામાં આવતું હતું. સસ્તા અનાજની દુકાનો ખોલવામાં આવી હતી. તળાવો ખોદાવડાવ્યાં હતાં, સડકો બંધાવી હતી. આમ, કામ વગરના લોકોને તંદુરસ્ત સ્થિતિ માં જીવાડવા તમામ પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં.

## પુર-રેલ અને રાહતનાં કાર્યો

સમગ્ર ગુજરાત અને કાઠીયાવાડ માં જુલાઈ, ૧૯૨૭માં ભારે વરસાદ પડયો હતો. ભારે વરસાદ ને કારણે ગુજરાતના જુદાં જુદાં સ્થળોએ પૂર આવ્યાં. ૨૪મી જુલાઈ થી ૨૮ જુલાઈ સુધી વડોદરા રાજયમાં ૩૯ ઈંચ વરસાદ પડયો હતો. સમગ્ર વડોદરા રાજયમાં ૩૯ ઈંચ વરસાદ પડયો હતો. સમગ્ર વડોદરા પડયો હતો. સમગ્ર વડોદરા રાજય જળબંબાકાર થઈ ગયું હતું.

સરકારે આવા સમયે રાહતનાં કામો શરૂ કર્યા હતાં. લોકોને ઘરો બાંધવા માટે સસ્તાં દરે નાણાં ધીર્યા. માટી, પતરાં, લાકડાં, વગેરે ઉપર જકાત માફ કરવામાં આવી. ગરીબ અને ભૂખ્યાને જમવાની વ્યવસ્થા કરી તથા કપડાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

બીન સરકારી સંસ્થાઓએ પૂર-રેલમાં રાહતના કાર્યો હાથ ધર્યા હતા. સ્થાનિક સમિતિઓએ સસ્તા અનાજની દુકાનો ખોલી હતી. રેલમાં પાક ધોવાઈ જવાથી ખેડૂતો ને ફરી વાવેતર કરવા માટે સસ્તા ભાવેથી બિયારણ આપવાની સગવડ કરી હતી.

# ૫. સામાજિક ધાર્મિક સુધારણા

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ ના સમયમાં વડોદરા રાજ્યે ઉત્તરોત્તર પ્રગતિ સાધી હતી. તેમણે પોતાના શાસનકાળ દરમિયાન રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સુધારાઓ કર્યા હતા. તેઓ પ્રખર સમાજ ચિંતક અને સમાજસુધારક તરીકે વિશિષ્ટ રીતે પંકાયા હતા. તેમના સમયમાં સામાજિક અનિષ્ટોએ પગપેસારો કર્યો હતો. બાળલગ્નો, મૃત્યુ અને લગ્ન પાછળના ભારે ખર્ચ, વિધવા પુનઃલગ્ન પર અંકુશો, વિધવાઓની વિષમ સ્થિતિ, દહેજ પ્રથા, દુધપીતી ની ચાલ, સતી પ્રથા, પડદા પ્રથા, તથા અસંખ્ય વહેમોથી ગુજરાતની પ્રજા સબડતી હતી. આનો અર્થ એ પણ કરી ન શકાય કે ગુજરાતમાં આ સામાજિક અનિષ્ટોનો પ્રતિકાર નહોતો થયો. ગુજરાતના અનેક સમાજ સુધારકો સંતો અને કવિઓએ સામાજિક અન્યાયનો પ્રતિકાર કર્યો હતો. પરંતુ છાપખાના અને રેલ્વે જેવાં ક્રાન્તિકારી સાધનો ના અભાવને લીધે તેમના વિચારોનો ઝડપથી ફેલાવો થઈ શકયો નહિ.

ઓગણીસમી સદીમાં પણ ગુજરાત માં સામાજિક, ધાર્મિક, અનિષ્ટો તો ચાલુ જ રહયાં ગુજરાતના તે સમયના સમાજ સુધારકોએ સમાજ ને સુધારવા પ્રયત્નો કર્યા. પશ્ચિમની સંસ્કૃતિની ભૌતિક અને બૌધ્ધિક અસરોને લીધે ગુજરાતમાં પહેલીવાર વ્યવસ્થિત રીતે સમાજ સુધારાનો નવીન યુગ શરૂ થયો. કવિ નર્મદાશંકર, દુર્ગાશંકર મહેતા, મહીપતરામ રૂપરામ, નવલરામ લક્ષ્મીરામ, કવિ દલપતરામ, હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા, કરસનદાસ મૂળજી અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા પ્રથમ પંક્તિના ગુજરાતી સુધારકોએ સમાજમાં પ્રચલિત કુરિવાજો અને અનિષ્ટો સામે પ્રહારો કરી, સમાજની પુનઃરચનાર્થે ઝુંબેશ શરૂ કરી. આ સુધારકોએ લૌકિક અને બુદ્રિગમ્ય મૂલ્યોના સતી પ્રથા, પુત્ર પ્રાપ્તિ માટે ના દોરા-ધાગા અને જંતર-મંતર, દુધ પીતીની ચાલ, મૃત્યુબાદ બારમા - તેરમાના થતા ખર્ચા, મૃત્યુ બાદ રોવા-કુટવાનો રિવાજ, સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવાઓ પરના શારીરિક અને માનસિક જુલ્મો, બાળ લગ્નો જેવા સદીઓથી ઘર કરી બેઠેલા કુરિવાજો સામે જેહાદ ઉપાડી. આવા પ્રયત્નોથી પ્રજાએ સાચે જ નવી દિશામાં ગતિ કરવાની શરૂઆત કરી.

ઉપરોક્ત સમાજ સુધારકોએ શરૂ કરેલી સમાજ સુધારણાની ઝુંબેશમાં થોડા-ઘણા સફળ થયા પરંતુ હજુ સુધી સંપૂર્ણ સમાજ સુધર્યો ન હતો. આથી જ શ્રીમંત સયાજીરાવ

(ત્રીજા) ગાયકવાડે કાયદાઓનો સથવારો (સાથ) લઈ સમાજને સુધારવા માટે પ્રયત્નો શરૂ કર્યો.

## : સયાજીરાવ ગાયકવાડ ધ્વારા સમાજ સુધારણા :

### સ્ત્રીઓની સ્થિતિ

વેદકાલીન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મોભાવાળુ હતું. સ્ત્રીઓ પતિની અર્ધાંગિની ગણાતી. ધાર્મિક કાર્યોમાં પણ ભાગ લઈ શકતી હતી. પરંતુ 'કૌટિલ્ય' અને 'મનુસ્મૃતિ' ના અભ્યાસ પરથી જાણી શકાય છે કે, સ્ત્રીઓના સ્વાતંત્ર્ય પર ધીમે ધીમે અંકુશો આવતા ગયા. બ્રિટીશ સત્તાની સ્થાપના પૂર્વ ભારતની સ્ત્રીઓની સ્થિતિ દયનીય હતી. નીરા દેસાઈ નોંધે છે તે મુજબ - 'બ્રિટીશ આગમન પૂર્વે ભારતમાં સ્ત્રીને કાં તો દેવી તરીકે કાંતો ગુલામ તરીકે જોવામાં આવતી હતી. પરંતુ કયારેય સ્ત્રી પાસે એક માનવ તરીકે એનું આગવું વ્યક્તિત્વ છે. એવો સ્વીકાર કરવામાં આવતો ન હતો.'

ગુજરાત ના સમાજ સુધારક કરસનદાસ મૂળજીએ ઈ.સ. ૧૮૫૮ માં નીચેના લખાણોમાં સ્ત્રીઓ પરત્વેનો સામાન્ય સામાજિક અભિગમ કેવો હતો તેનુ નિરુપણ કર્યું છે.

"પુરુષ અને સ્ત્રી બંને મનુષ્ય છે અને મનુષ્યના સર્વ વ્યાજબી અને જરૂરના હક્કો જે રીતે પુરુષ સર્વ હક્કોને મેળવવાને અને ભોગવવાને લાયક છે. તે રીતે સ્ત્રી પણ લાયક છે. માનવીપણાનો જે હક્ક પુરુષ ભોગવે છે તે હક્ક જો અબળા સ્ત્રીને ભોગવવાની છૂટ પુરુષ આપે નહી તો તેણે માનવીપણા ના ઉચ્ચ દરજ્જાને તોડી પાડયો અને હલકો કરી નાખ્યો છે, એમ કહી શકાય. એમ છતાં પણ સ્ત્રીઓ ને માનવીપણાના વ્યાજબી અને આવશ્યક હક્ક આપવા બાબતે જયારે ભલામણ કરવામાં આવે છે, ત્યારે ઘણા ખરા દેશીઓને તે ગેરવ્યાજબી અને અણઘટતું લાગે છે, તેનુ કારણ શું ? તેનુ કારણ એ જ કે તેઓ કાળની ગતિથી કેટલાક બનાવોના સંયોગથી સ્ત્રીઓનું માનવીપણું ભૂલી ગયા છે. અને માનવીપણાના વ્યાજબી હક્ક તેઓએ તેમની પાસેથી છીનવી લીધા છે તેઓ સ્ત્રીઓ ને પોતાની દાસી તરીકે ગણવાનું શીખ્યા છે. અને તેઓને એમ સમજવા લાગ્યા છે જગતમાં વેતરું કરવાને પેદા કરી હોય લાગે છે."

ભારતીય સમાજમાં બાળકી જન્મે ત્યારે 'પથરો જન્મયો' એમ કહેવાતું. રાજપૂત સમાજમાં તો બાળકી જન્મે કે તરત જ તેને 'દૂધપીતી' કરી દેવામાં આવતી હતી. બહુપત્નીત્વ પ્રથા અને દેવદાસી પ્રથાએ સ્ત્રીના જીવનની કરુણતા વધારી હતી.

છોકરી ભણે તો વિધવા થાય એવી અંધશ્રધ્ધાનું વર્ચસ્વ સમાજમાં વ્યાપેલું હતું. ઓગણીસમી સદીના સમાજની સ્ત્રીઓ તો પગમાં પગરખા પહેરી શકતી નહી અને છત્રી પણ ઓઢી શકતી નહી. વિધવાઓની સ્થિતિ તો ઘણી જ દયનીય હતી. વિધવાને માથાના વાળ કઢાવી નાખવા પડતા હતા. સૌભાગ્યના સર્વ આભૂષણો ખૂંચવી લેવામાં આવતાં હતાં. આવી વિકટ સ્થિતિ માં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા પ્રયત્નો થયેલા પરંતુ તેમાં સફળતા મળી ન હતી.

## : સયાજીરાવની સામાજિક વિચારધારા :

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ માનતા હતા કે - "જયાં સુધી સામાજિક સુધારણા થશે નહીં ત્યાં સુધી સમાજનો સાર્વત્રિક વિકાસ થઈ શકશે નહીં. પોતાનું ઘર સુધાર્યા પહેલા દેશ સુધારવાનો પ્રશ્ન હાથમાં લેવો એ હાસ્યાસ્પદ છે. જેમ પાયા વગરની ઈમારત ઉભી રહી શકે નહી. તેમ સમાજ સુધારણા વગર દેશોદ્ધાર ની વાતો કરવી નિરર્થક છે."

શ્રીમંત સયાજીરાવે પોતાની કારકિર્દી દરમિયાન **મનસા, વાચા, કર્મણા,** એમ ત્રણેય નો સુલભ સમન્વય કરીને સુધારાઓ કર્યા હતા. પડદાપ્રથા અને પરદેશગમન જેવી બાબતોમાં પોતાનાથી જ સુધારાની શરુઆત કરી હતી. શ્રીમંત સયાજીરાવના સામાજિક સુધારણામાં તેમની અર્ધાંગિની મહારાણી ચીમનાબાઈનો ફાળો નોંધપાત્ર હતો. તેમણે પોતાના શાસનકાળ દરમિયાન બાળલગ્ન, વિધવા વિવાહ, જ્ઞાતિપ્રથા, અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રીને સમાજમાં સ્થાન અને પ્રતિષ્ઠા, સ્ત્રીઓને વારસાઈ હક્કો, સ્ત્રી શિક્ષણ જેવા સામાજિક સુધારાઓ કર્યા હતાં.

## : વિધવા - વિવાહ :

અઢારમી અને ઓગણીસમી સદીના સમાજમાં બાળલગ્ન પ્રથા પ્રચલિત હતી. બાળલગ્ન પ્રથા પ્રચલિત હતી. બાળલગ્નની માઠી અસર હિન્દુ સમાજમાં બહુ મોટા પ્રમાણમાં માલુમ પડતી, જે બાળ વિધવાના રૂપમાં જોઈ શકાતી હતી. શ્રીમંત સયાજીરાવના સમયમાં બાળલગ્ન અને બાળ મરણનું પ્રમાણ વધુ હતું. બાળ વિધવાઓને આખોય જન્મારો વૈધવ્ય માં પસાર કરવો પડતો હતો, તેમને પરાધીનતા, પરવશતા અને ઓશિયાળા બનીને જીવન પસાર કરવું પડતું હતું. મહાત્મા ગાંધીજી વિધવાઓને પૂજનીય ગણતા હતા. તેમનું માનવું હતુ કે - "આપણે ધર્મ ને નામે ગૌ રક્ષા માટે બુમ પાડીએ છીએ. જયાં સુધી આપણા સમાજમાં હજારો વિધવાઓને પડી છે ત્યાં સુધી

આપણે એવી સુરંગ ઉપર બેઠેલો છીએ કે ગમે તે ઘડીએ ફુટે અને આપણો કરચરઘાણ વળે. જો આપણે આત્મશુદ્રિ કરવી હોય અને હિન્દુ ધર્મ ને બચાવવો હોય, તો આપણે બળાત્કારે પળાવવામાં આવતા વૈધવ્યના મહાવ્યાધિમાંથી બચી જવું જોઈએ." ગાંધીજીએ વિધવાને 'ત્યાગમૂર્તિ' અને એના વૈધવ્ય ને - 'હિન્દુધર્મનું ભૂષણ' કહયું છે.

શ્રીમંત સયાજીરાવે સમાજમાં વ્યાપેલા સડાને દૂર કરવા માટે સૌ પ્રથમ વડોદરા રાજયમાં - 'હિન્દું વિધવા વિવાહ ' નો સુધારો કરી સામાજિક ક્ષેત્રમાં નવસર્જનના ડગ માંડયા. 'વિધવા વિવાહ' અંગેના તેમના વિચારો જોઈએ તો - "અનેક સ્ત્રી પરણવાનો રિવાજ અને વિધવા પુનઃલગ્ન નો પ્રતિબંધ એ બન્ને સાથે આપણા સંસારમાં છે. તે સમાજની ગેર વ્યાજબી વ્યવસ્થા બતાવે છે. એક રિવાજ પુરુષોનાં નૈતિક વર્તનમાં અઘટિત છૂટ મૂકે છે. ત્યારે બીજાથી પાળી શકાય તેવી ઉચ્ચ નૈતિક વર્તણૂકની સ્ત્રીઓ પાસેથી આશા રખાય છે. અને આ અશકય ધોરણને અમલમાં મૂક્તાં આપણે મનુષ્યભાવ, સ્નેહ અને દયા એ સઘળું વિસરીએ છીએ. વિધવા ઉપર અઘટિત સખ્તાઈ ગુજારીએ છીએ તથા તેમના સૌંદર્ય અને સુખનો નાશ કરી તેમના સ્વતંત્ર વિકાસ ઉપર મોટો અંકુશ મૂકીએ છીએ તો પણ જે અશકય છે, તે શકય થતું નથી. અને કુદરતના નિયમો ને બળાત્કારે અટકાવવા જતાં તે આપણા ઉપર પૂરતું લે છે. કેમકે ગમે તેવી સખ્તાઈ તથા વિધવા ઉપર ગમે તેવો કાબૂ રાખવા છતાં તેઓમાં સાધારણ નૈતિક ધોરણ પણ જાળવી શકાતું નથી."

શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, શ્રી મહાદેવ ગોવિંદ રાનડે અને શ્રી બહેરામજી મલબારી જેવા સમાજ સુધારકોએ વિધવાની સ્થિતિમાં સુધારો લાવવા પ્રયત્નો કર્યા હતા. શ્રીમંત સયાજીરાવે વડોદરા રાજયમાં - 'વિધવા - વિવાહનો કાયદો પસાર કરી, વિધવાઓની દયનીય સ્થિતિ સુધારવા પ્રયત્નો કર્યા હતા. તેમણે ઈ.સ. ૧૮૫૬ ના બ્રિટીશ હિન્દના - 'હિન્દુ વિધવા પુનઃલગ્ન' અને કાયદાનો અનુસરીને વડોદરા રાજયમાં ઈ.સ. ૧૯૦૧ માં વિધવા - વિવાહ નો કાયદો લાગુ પાડયો હતો.

## વિધવા - વિવાહ નો કાયદો - ઈ.સ. ૧૯૦૧

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ કોઈપણ કાયદો બહાર પાડતાં પહેલા કાયદાનો મુસદો તૈયાર કરાવતા ત્યારબાદ 'આજ્ઞાપત્રિકા' માં મુસદો જાહેર કરાવતાં અને પછી જ કાયદો લાગુ પડાવતાં.

'વિધવા-વિવાહ' નો કાયદો લાગુ પાડતાં પહેલાં પ્રજાના વિચારો જાણવા

માટે 'આજ્ઞાપત્રિકા'માં મુસદો રજુ કર્યો. ૨૧મી માર્ચ, ૧૯૦૧ ના રોજ 'આજ્ઞાયત્રિકા' માં 'પુનઃ વિવાહ નિબંધ' પ્રસિધ્ધ કર્યો. શ્રીમંત સયાજીરાવના શાસનકાળમાં કાયદા માટે 'નિબંધ' શબ્દનો પ્રયોગ રેકર્ડમાં જોવા મળે છે. 'આજ્ઞાપત્રિકા' એટલે ગેજેટ.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે લખેલ નિબંધ - 'હિન્દુ વિધવા વિવાહ નિબંધ' શ્રાવણ વદી - બીજ ને સંવત ૧૯૫૮ (૩૧મી ઓગસ્ટ, ૧૯૦૧) ના રોજ મંજૂર કર્યો. અને સંવત ૧૯૫૮ ના શ્રાવણ વદી સાતમ ને રોજ (તા. ૫ મી ઓગસ્ટ, ૧૯૦૧) આ કાયદો સમગ્ર વડોદરા રાજયમાં પસાર કર્યો.

## કાયદાનો હેતુ

કેટલાક હિન્દુ લોકો, વિધવા સ્ત્રીઓને પુનઃવિવાહ કરવા એ રૂઢિ વિરુધ્ધ છે. તો પણ વાસ્તવિક શાસ્ત્રાર્થને અનુસરીને એમ માને છે, પણ બીજા કેટલાક હિન્દુ લોકોની સમજ એવી છે કે પુનઃવિવાહ કરવો એ શાસ્ત્રથી નિસિધ્ધ છે અને તેનાથી બાળકો ગેર કાયદેસર હોવાથી વારસાઈ ના હક્ક પાત્ર નથી. આવી સમજ ને લીધે પુનઃ વિવાહ શાસ્ત્રર્થે માનીને તે કરવાની જેમની ઈચ્છા હોય છે. તેમને અવરોધો આવે છે. આવા વિવાહ કાયદા સબંધે જે અડચણો આવતી હશે તે સર્વને દૂર કરવી યોગ્ય છે અને તે અડચણો દૂર કર્યાથી લોકોની નીતિમાં સુધારો થઈ ને સાર્વજનિક સુખની વૃધ્ધિ થશે એમ માનીને શ્રીમંત સયાજીરાવે આ કાયદો બહાર પાડયો હતો.

## નિયમ

કોઈપણ હિન્દુ વિધવા સ્ત્રી તથા પુરુષ એમના વચ્ચે થયેલા પુનઃવિવાહ તે સ્ત્રી - પુરુષ ને લાગુ હોય તે (અ) કાયદા મુજબ (બ) શાસ્ત્ર પ્રમાણે (ક) રિવાજ પ્રમાણે પુઃવિવાહ, કરવા એ કાયદેસર નથી એવા નિયમ ઉપરથી પુનઃવિવાહ ગેર કાયદેસર છે એમ માનવુ નહીં, તેમજ એવા પુનઃવિવાહ થી થયેલા બાળકો કાયદાથી ગેર કાયદેસર છે એમ સમજવું નહીં.

એકાદ સ્ત્રી કુંવારી એટલે કે અવિવાહિત હોય છતાં તેનુ લગ્ન થતી વખતે (અ) શબ્દોચ્ચાર (બ) વિધિ અથવા (ક) કરાર. કરવાથી કાયદેસર લગ્ન થાય તે જ શબ્દોચ્ચાર વિધિ અથવા કરાર વિધવા સ્ત્રીના પુર્ન વિવાહ કરતી વખતે કર્યા હોય તો તે પુનઃવિવાહ કાયદાના ઠરાવોને અનુસરીને કાયદેસર થાય છે, એમ સમજવું. એવા શબ્દો, વિધિ અથવા કરાર વિધવા સ્ત્રીના પુનઃવિવાહ કાયદાના ઠરાવોને અનુસરીને કાયદેસર થાય છે, એમ સજવવું. એવા શબ્દો, વિધિ અથવા કરાર વિધવા સ્ત્રીના

પુનઃવિવાહ ને લાગુ પડતા નથી એવી તકરાર કર્યા પછી તે માન્ય કરવામાં આવશે નહીં.

જે જ્ઞાતિમાં કે પેટાજ્ઞાતિમાં પુનઃવિવાહનો રિવાજ ચાલુ હશે તેમાં આ કાયદાથી કોઈ ફેરફાર કરવામાં આવતો નથી.

આવા લગ્નોથી થયેલ બાળક પણ ગેર કાયદેસર ગણવામાં આવશે નહીં.

## પુનઃવિવાહ સબંધે પ્રતિબંધ

જેની ઉંમર ૧૬ વર્ષથીની થઈ તેવી વિધવાએ પિતા, પિતા ન હોય તો દાદા , દાદા હયાત ન હોય તો મા, માતા જીવતી ન હોય તો ભાઈ, ભાઈ ન હોય તો વિધવા પાસે રહેતી પુખ્તવયની સ્ત્રી અથવા તો સરકારી મંજૂરી લીધી ન હોય તેવા થયેલા પુનઃલગ્ન ન્યાયધીશ તરફથી રદ કરવાને પાત્ર ગણાતાં.

કાયદા વિરુધ્ધ લગ્ન કરનાર ને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી હતી.

વિધવા સ્ત્રી એ ૧૬ વર્ષ પૂરા કર્યા હોય તો પુનઃલગ્ન માટે મંજૂરી લેવાની જરૂર ન હતી.

## વિધવા સ્ત્રીને મિલકત નો વારસો તથા અન્ય હક્ક સંબંધી કાયદાઓ

જે વિધવા સ્ત્રીએ કાયદા પ્રમાણે પુનઃવિવાહ કર્યા હોય તેવી સ્ત્રીને મિલકતમાં વારસ મળી શકતો હતો.

જો બાર હજાર રૂપિયાથી વધારે રકમ ન હોય તો સ્વતંત્ર હક્ક થી રકમ મળતી હતી. પણ જો બાર હજારથી વધુ રકમ હોય તો મર્યાદિત હક્કથી વિધવાને રકમ આપવામાં આવતી હતી.

આ ઉપરાંત, શ્રીમંત સયાજીરાવે 'અવિભક્ત કુટુંબ' નો કાયદો કરી વિધવાને મજીયારા કુટુંબની 'સમાશ્રિત' ગણવામાં આવી અને મજીયારી મિલકતનો હક્ક આપ્યો. જેમાં વિધવાને તેનાં પતિ ને જે ભાગ મળતો તેટલો જ ભાગ આપવામાં આવતો.

આમ, સમાજમાં ફેલાયેલા કુરિવાજને દૂર કરવા માટે પ્રથમ પગલાં રુપે સયાજીરાવે પોતાના રાજયમાં 'વિધવા - વિવાહ'નો કાયદો પસાર કરી, વિધવાઓની સ્થિતિ સુધારવા પ્રયત્નો કર્યા.

## : બાળ લગ્ન પ્રતિબંધનો કાયદો :

બાળલગ્નની પ્રથા સમાજમાં પ્રચલિત હતી. આવા લગ્નથી છોકરા-છોકરી બન્ને ને નુકશાન થતું હતું. અણસમજમાં થયેલા લગ્નથી કેટલીક વખત કજોડા પણ ઉભા

થતાં હતાં. છોકરીઓનાં લગ્ન નાની ઉંમર માં થવાથી શારીરિક તકલીફો વધુ પડતી હતી. શિક્ષણ પણ પૂરુ લઈ શકાતુ ન હતું. શ્રીમંત સયાજીરાવ કોઈપણ નો કાયદો પસાર કરે તે પહેલા લોકમત લેતા હતાં. તેઓ ‘આજ્ઞાપત્રિકા’ માં મુત્સદો રજુ કરતા, ત્યારબાદ કાયદો પસાર કરતા હતા.

## આજ્ઞાપત્રિકા માં બાળલગ્ન કાયદાની જાહેરાત

‘બાળલગ્ન’ નો કાયદો પસાર કરતાં પહેલા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તા. ૩૦મી એપ્રિલ, ૧૯૦૩ ની ‘આજ્ઞાપત્રિકા’ માં મુત્સદો તૈયાર કરવા માટે લોકોને બે મહિનાનો સમય આપ્યો. આ અનુસાર જુદી જુદી જ્ઞાતિઓ તરફથી ૧૪ અંગ્રેજીમાં, ૪૨ ગુજરાતીમાં , ૧૦ મરાઠીમાં અને ૧ સંસ્કૃત માં અરજી આવી તેમજ આ અંગે ૧૪ અંગ્રેજી અને ૧૨ મરાઠી વર્તમાનપત્રો તથા ૬ ગુજરાતી ૧ હિન્દી અને ૫ માસિકોમાં અભિપ્રાયો આવ્યાં હતાં.

આમ, આવેલી સૂચનાઓ - ટીકાઓને એકત્રિત કરીને એક સાદુ પુસ્તક તૈયાર કરીને, શ્રીમંત સયાજીરાવને સુપ્રત કરવામાં આવ્યું. આ પુસ્તક ઉપરથી શ્રીમંત સયાજીરાવે આઠ ગૃહસ્થોની કમિટી બનાવી તેના અભિપ્રાયો મંગાવ્યા હતા.

## આઠ ગૃહસ્થોની કમિટી

૧. શ્રીમંત રા.રા.આનંદરાવ ગાયકવાડ.

૨. રા.રા. ચિંતામણીરાવ નારાયણરાવ મજમુંદાર

૩. રા.રા. નારાયણરાવ ઘાટગે.

૪. શ્રી રા.રા.રામરાવ ગંગાધર મેશળ.

૫. શેઠ શ્રી, મગનલાલ પુરુષોત્તમ હરિભક્તિવાળા.

૬. મે.રા.રા. અમૃતરાવ શાસ્ત્રી.

૭. મે. હકીમ સાહેબ છોટે સાહેબ.

૮. મૌલવી બસીરખાન સાહેબ.

## કમિટી એ આપેલા અભિપ્રાયો

૧. સૂચન કરનાર ગૃહસ્થ નું નામ :-

શ્રી રા.રા. આનંદરાવ ગાયકવાડ.

- વ્યક્તિગત સૂચના :-

મુસદ્દાઓનો ઘણોખરો ભાગ પસંદ રાખ્યો છે.

- કમિટીનો અભિપ્રાય - શેરો :-

આ બાબતમાં અભિપ્રાય આપવાનો રહેતો નથી.

૨. સૂચન કરનાર ગૃહસ્થ નું નામ :-

શ્રી રા.રા. ચિંતામણીરાવ નારાયણરાવ મજમુંદાર.

- વ્યક્તિગત સૂચના :-

'બાળલગ્ન' સબંધે કાયદો કરવો જોઈએ નહીં. - કમિટીનો અભિપ્રાપ :-

સુચના માન્ય કરવા જેવી નથી.

૩. સુચન કરનાર ગૃહસ્થ નું નામ :-

શ્રી રા.રા. રામરાવ ગંગાધર મેશળ.

- વ્યક્તિગત સૂચના :-

છોકરીની ઉંમર ૧૧ વર્ષ અને છોકરાની ઉંમર ૧૫ વર્ષ રાખવી. ધર્મની બાબતમાં કાયદો કરવો ઈષ્ટ (વ્યાજબી) નથી.

- કમિટીનો અભિપ્રાય :-

આ બાબતમાં કમિટીએ જે સુધારો સૂચવ્યો છે. તે કરતાં વધારે કાંઈ કરવા રહેતુ નથી.

૪. સૂચન કરનાર ગૃહસ્થનું નામ :-

શેઠશ્રી મગનલાલ પુરુષોત્તમદાસ હરિભક્તિવાળાં.

- વ્યક્તિગત સૂચના :-

આ કાયદો અમલમાં મૂકવો ન જોઈએ.

- કમિટીનો અભિપ્રાય - શેરો :-

આ બાબતમાં કમિટીએ જ સુધારો સૂચવ્યો છે.

૫. સૂચન કરનાર ગૃહસ્થ નું નામ :-

મે. રા.રા. અમૃતરાવ શાસ્ત્રી

- વ્યક્તિગત સૂચના :-

પરવાનગી આપવાની બાબત બહુ ભારે છે. અરજદારનાં છોકરાને કાર્ટમાં લાવવો નહીં. દરેક ઈસમે છોકરા તથા છોકરીનો જન્મ તારીખ નો દાખલો યોગ્ય અમલદાર ને બતાવ્યા બાદ જ પરણવું એમ ઠરાવવું જેથી ખોટી ફરિયાદ રહેશે નહીં.

- કમિટીનો અભિપ્રાય - શેરો :-

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રાખવી નહી.

૬. સૂચન કરનાર ગૃહસ્થ નું નામ :-

મેં હકીમ સાહેબ છોટે સાહેબ,

- વ્યક્તિગત સૂચના :-

અમારામા રિવાજ છે કે પ્રથમ નિકાહ કર્યા બાદ ૨, ૪, ૮, ૧૦, વર્ષ પોતાની સગવડે વર કન્યાને ઘરે જઈને કન્યાને લઈ જાય છે. ત્યાં સુધી કન્યા બાપ ને ઘરે રહે છે. તો નિબંધ ની લખેલી મુદતની અંદરે વરે કન્યાને લઈ જવુ એવો કરાર કોર્ટ આગળ કરાવી લેવામાં આવે તો નાની ઉંમરમાં નિકાહ થશે નહી અને લોકોની મુસીબતો પણ દૂર થશે.

- કમિટીનો અભિપ્રાય - શેરો :-

આ બાબતમાં ન્યાયધીશ યોગ્ય તપાસ કરાવી પુરાવો મેળવ્યા બાદ જ કામ ચલાવવાની શરૂઆત કરશે, માટે વિશેષ કાંઈ કરવા જેવું નથી.

૭. સૂચન કરનાર ગૃહસ્થ નું નામ :-

મૌલવી બસીરખાન સાહેબ.

- વ્યક્તિગત સૂચના :-

કાયદામાં ઠરાવેલી ઉંમરની સત્તાની અંદર અમારા છોકરા - છોકરીના લગ્ન થવા જોઈએ તેવી અમારી ધર્મશાસ્ત્રની આજ્ઞામાં છે.

- કમિટીનો અભિપ્રાય - શેરો :-

આવું તેમનું કહેવું ધર્મશાસ્ત્ર ને અનુસરીને નથી. મૈ. હકીમસાહેબ નું કહેવું છે કે, તેમના ધર્મમાં છોકરીની ઉંમર ૧૮ વર્ષની અને છોકરાંની ઉંમર ૨૦ વર્ષની થતાં સુધીમાં તેમનાં લગ્ન કરવાં જોઈએ તે પછી કરે તો પાપ લાગે છે. એવી આજ્ઞા છે તે મુદત ની અંદર કરનાર ને તે પુણ્ય લાગે છે પરંતુ અમુક વયે જ લગ્ન કરવું તેવી મુકરતા (જોગવાઈ) નથી તેથી આ બાબતે કશું કરવાનું રહેતું નથી.

## કાયદાનો મુત્સદો

ઉપરોક્ત આઠ ગૃહસ્થોની બનેલી કમિટીએ આપેલા અભિપ્રાય ઉપર વાટાઘાટો કરવા શ્રીમંત સયાજીરાવ ચાર સભ્યોની બીજી કમિટી બનાવી. આ કમિટીમાં સભ્યોમાં

૧. મે. રા.રા. વાસુદેવ ગોપાળ લાભશંકર મહેતા.

૨. મે.રા. મનુભાઈ નંદશંકર મહેતા

૩. મે.રા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

૪. મે.રા. હરગોવિંદાસ કાંટાવાલા

આ કમિટીની ત્રણ બેઠકો તા. ૨૬-૪-૧૯૦૪, તા. ૯-૫-૧૯૦૪ અને તા.૧૦-૫-૧૯૦૪ માં મળી હતી. - આ કમિટીએ પોતાના મંતવ્યો રજુ કર્યા બાદ શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડે તા. ૪થી જૂન, ૧૯૦૪ ના રોજ 'આજ્ઞાપત્રિકા' માં 'બાળલગ્ન પ્રતિબંધ' નો કાયદો પ્રસિધ્ધ કર્યો.

શ્રીમંત સયાજીરાવે ઈ.સ. ૧૯૦૪ ની ૨૧ મી જુલાઈ ના રોજ (અષાઢ સુદ બીજ) આ કાયદો પસાર કર્યો હતો.

## ઈ.સ. ૧૯૦૪ નો લગ્ન પ્રતિબંધ નો કાયદો

શ્રીમંત સયાજીરાવે ઈ.સ. ૧૯૦૪ માં 'બાળલગ્ન પ્રતિબંધ' નો કાયદો પસાર કર્યો હતો. આ કાયદા મુજબ લગ્ન માટે છોકરીની ઉંમર, ૧૨ વર્ષની અને છોકરા માટે ની ઉંમર ૧૬ વર્ષની રાખવામાં આવી.

જો કોઈ વ્યકિતને પોતાની છોકરી - છોકરા ના લગ્ન નક્કી કરેલ વર્ષ પહેલા કરાવવા હોય (છોકરીની ઉંમર બાર વર્ષથી ઓછી, છોકરાની ઉંમર ૧૬ વર્ષથી ઓછી) તો તે વ્યકિત એ લગ્નની પરવાનગી ન્યાયાધીશ પાસેથી મેળવી લેવાની હતી. ન્યાયાધીશ ની પરવાનગી મેળવ્યા બાદ આઠ દિવસની અંદર પ્રાંત ન્યાયાધીશ ને મંજૂરીની એક નકલ મોકલવાની રહેતી હતી.

જો કોઈ વ્યકિત ન્યાયાધીશની પરવાનગી વગર નક્કી કરેલ ઉંમર પહેલા લગ્ન કરાવે તો તેમને રૂપિયા ૧૦૦ ના દંડની સજા કરવામાં આવતી હતી.

વડોદરા રાજયમાં કોઈપણ ભાગમાં લગ્ન થાય તો તે લગ્ન, લગ્ન નોંધણી કરનાર અમલદારો પાસે નોધાવવા જરૂરી હતા. જો લગ્ન નોંધાવવામાં ન આવે તો રૂપિયા ૧૦ નો દંડ કરવામાં આવતો હતો.

આમ, સયાજીરાવે 'બાળલગ્ન પ્રતિબંધ' નો કાયદો ઘડીને સમાજ સુધારાની દિશામાં એક વધુ કદમ ઉઠાવ્યું હતું.

જો કે, ઈ.સ. ૧૯૦૪ ના કાયદાથી ધારી સફળતા ન મળતાં, આ કાયદામાં સુધારો કરી ફરી થી ઈ.સ. ૧૯૨૯ માં નવો કાયદો બહાર પાડયો. આ કાયદા અનુસાર

૮ વર્ષ થી નીચેના છોકરા - છોકરીના લગ્ન માટે જવાબદાર વ્યકિતનો રૂપિયા ૫૦૦ નો દંડ અથવા એક મહિનાની સજા કે બન્ને પ્રકારની સજા થઈ શકશે. આમ, લગ્ન માટે ૮ વર્ષની ઉંમર બાંધવામાં આવી ફરીથી ઈ.સ. ૧૯૪૬-૩૭ માં બાળલગ્ન પ્રતિબંધ કાયદામાં સુધારો કરવામાં આવ્યો. આ સુધારા મુજબ લગ્ન માટે છોકરાની ઉંમર ૧૮ વર્ષ અને છોકરીની ઉંમર ૧૪ વર્ષની હોવી જોઈએ. કાયદાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી દંડ લેવામાં આવતો હતો. દંડની રકમમાંથી કન્યાઓને અભ્યાસ માટે શિષ્યવૃતિઓ આપવામાં આવતી હતી.

લગ્ન માટે નક્કી કરેલી ઉંમર પહેલા લગ્નો માટે ન્યાયાધીશને અરજી કરવામાં આવી હતી. તેમની મંજૂરી બાદ જ લગ્ન થઈ શકતા હતાં.

ઈ.સ. ૧૯૩૭-૩૮ અને ઈ.સ. ૧૯૩૮-૩૯ ના વર્ષમાં થયેલ જાતિ - પેટાજાતિ ના બાળલગ્નની માહિતી નીચે પ્રમાણેની હતી.

| અ.નં. | જાતિનું નામ | શિક્ષા પામેલ વ્યકિતની સંખ્યા | |
|---|---|---|---|
| | | ઈ.સ. ૧૯૩૭'૩૮ | ૧૯૩૮'૩૯ |
| ૧. | બ્રાહ્મણ | ૨૧૩ | ૧૧૪ |
| ૨. | રાજપૂત | ૧૨૫ | ૭૪ |
| ૩. | વાણિયા | ૬૬ | ૬૮ |
| ૪. | કણબી | ૧૧૯૦ | ૪૫૨ |
| ૫. | સોની,સુથાર,લુહાર | ૧૩૫ | ૩૯ |
| ૬. | મુસલમાન | ૫૦ | ૫૦ |
| ૭. | કોળી, બારીયા, અનજાના | ૧૦૨૨ | ૫૪૨ |
| ૮. | રબારી - ભરવાડ | ૨૪૮ | ૭૦ |
| ૯. | માછી | ૨૦ | ૨૩ |
| ૧૦. | ભીલ | ૧૧૦ | ૨૮ |
| ૧૧. | રાનીપરજ | ૫ | ૫ |
| ૧૨. | બાવા-બેરાગી | ૪૧ | ૩ |
| ૧૩. | વાઘરી | ૧૫૧ | ૧૦૩ |
| ૧૪. | ઢેઢ, ભંગી | ૫૩૩ | ૪૨૮ |
| ૧૫. | અન્ય જાતિઓ | ૪૮૭ | ૨૮૬ |

ઈ.સ. ૧૯૨૭-૨૮ થી ૧૯૩૮-૩૯ સુધીમાં વડોદરા રાજ્યમાં બાળલગ્નોની માહિતી નીચે પ્રમાણેની હતી.

| વર્ષ | કુલ કિસ્સાઓ |
|---|---|
| ૧૯૨૭-૨૮ | ૭૫૫૭. |
| ૧૯૨૮-૨૯ | ૬૭૧૧. |
| ૧૯૨૯-૩૦ | ૫૭૨૧. |
| ૧૯૩૦-૩૧ | ૨૭૨૦. |
| ૧૯૩૧-૩૨ | ૩૪૫૦. |
| ૧૯૩૨-૩૩ | ૩૨૧૪. |
| ૧૯૩૩-૩૪ | ૩૧૩૦ |
| ૧૯૩૪-૩૫ | ૩૪૩૬. |
| ૧૯૩૫-૩૬ | ૪૬૨૪. |
| ૧૯૩૬-૩૭ | ૪૬૩૭. |
| ૧૯૩૭-૩૮ | ૩૩૦૬. |
| ૧૯૩૮-૩૯ | ૨૦૫૪. |

શ્રીમંત સયાજીરાવ ના શાસનકાળ દરમ્યાન તેમને લાગું પાડેલ 'બાળલગ્ન પ્રતિબંધ' ના કાયદાથી બાળલગ્નો અટકયા હતા.

## : ઐહિક - લગ્ન નિબંધ :

ગુજરાતનો સમાજ રૂઢિચુસ્ત હતો. તેમાં જ્ઞાતિઓની સંકુચિતતા આવી ગઈ હતી. જ્ઞાતિના, જટિલ બંધનોને કારણે જ્ઞાતિમાં જ લગ્ન કરવા પડતા હતાં. જ્ઞાતિપ્રથા ને કારણે મનપસંદ લગ્ન કરી શકાતાં નહી. ઈચ્છિત પાત્ર ન મળતા આખો જન્મારો દુઃખમય પસાર કરવો પડતો હતો.

શ્રીમંત સયાજીરાવે જ્ઞાતિબંધનમાંથી મુકત થવા અને પસંદગી પ્રમાણે લગ્ન થાય તે માટે - 'ઐહિક લગ્ન કાયદો' બહાર પાડયો હતો. આ કાયદામાં વખતો - વખત સુધારા વધારા કરવામાં આવ્યા હતા. શ્રીમંત સયાજીરાવ કોઈપણ કાયદો બહાર પાડતાં પહેલા તે અંગેની જાહેરાત કરતા, ત્યારબાદ લોકમત લઈ કાયદો પસાર કરતા હતા. 'ઐહિક લગ્ન નિબંધ' પસાર કરતાં પહેલા તેમણે હજૂર હુકમ પ્રમાણે ૮-૧૨-૧૯૦૪ ના રોજ 'આજ્ઞાપત્રિકા' માં તે અંગે મુત્સદો પ્રસિદ્ધ કર્યો અને તે ઉપર લોકમત મંગાવ્યો.

'ઐહિક લગ્ન' નો અર્થ લોકો બરાબર સમજયા ન હોવાથી ખાસ અભિપ્રાયો આવ્યા ન હતા. માત્ર કડી પ્રાંતના મહેસાણા જિલ્લાના સિધ્ધપુર શહેરના એક વકીલ નો અભિપ્રાપ આવ્યો હતો.

સિધ્ધપુરના વકીલ માર્તડ 'પાલક' શબ્દનો - જેનો મુત્સદોમાં ઉલ્લેખ થયો હતો તે અંગે સ્પષ્ટતા કરતું સૂચન કર્યું હતું. વકીલ માર્તડ ના મંતવ્ય પ્રમાણે 'પાલક' શબ્દની વ્યાખ્યામાં વ્યક્તિનો બાપ, બાપ નો બાપ મા વગેરેનો સમાવેશ થવો જોઈએ.

શ્રીમંત સયાજીરાવે લોકમત લઈ મુત્સદો તૈયાર કરી કાયદો ઘડયો હતો. ઈ.સ. ૧૯૦૪-૦૫ માં હજૂર હુકમ થી મુત્સદો તૈયાર કર્યો હતો.

## ઐહિક લગ્ન નો મુત્સદો

૧. સ્ત્રી - પુરુષ વિધર્મી હોય તેમને પણ આ નિબંધનો લાભ લેવાની છૂટ આપવી.

૨. સ્ત્રી - પુરુષ સધર્મી હોય તો લગ્ન ની નોધણી કામદાર પાસે શબ્દોચ્ચારથી લગ્ન નો એકરાર કરવો. ઉપરાંત, પોતાના ધર્મ પ્રમાણે અથવા જ્ઞાતિનાં રિવાજ મુજબ લગ્નવિધિ કરવાની છૂટ આપવી.

૩. ઐહિક લગ્ન કરવા વિશેની ઈચ્છા બાબત દાખલ થયા બાદ ન્યાયાધીશ તરફથી પ્રસિધ્ધ કરવાથી જાહેરાત નો નમૂનો ઠરાવવાનો અને તે વખતો વખત ફરમાવવામાં આવે તે પ્રમાણે પ્રસિદ્ધ કરાવવું.

૪. નોંધણી કામદાર પાસે એકરાર કરવાથી શબ્દોચ્ચારમાં આટલા શબ્દો વધારવા - 'વધૂ - વર ના અરસ પરસ કર્તવ્ય તથા જવાબદારીઓ પૂર્ણ રીતે સમજીને મહારા સંતોષથી તમને મારી સ્ત્રી કે ભરથાર તરીકે.....'

૫. લગ્ન તોડવા તથા રદ કરવા સંબંધી દાવાદ મૂકવાનો અધિકાર જે ન્યાયાધીશ ને નીમવામાં આવે તે નયાયાધીશને લગ્ન તોડવા બાબતનું હુકમનામું કાયમ કરવાનો અધિકાર મળવો જોઈએ તેવી વ્યવસ્થા કરવી.

૬. વિશિષ્ટ ન્યાયાધીશમાં આ પ્રમાણે બહાલી આપવા હુકમનામું આવે ત્યારે તે ન્યાયાધીશની બહાલી મળી શકે.

૭. અમુક વર્ગના ઈસમોને આ નિબંધ નહી લાગુ કરવા તેમજ અમુક શરતોથી લાગુ કરવા હજૂર હુકમ કરી ફરમાવવામાં મુખત્યાર છે.

ઉપરોક્ત મહત્વની કલમો ની બહાલી મળી શકે. 'ઐહિક લગ્ન નિબંધ' ના મુત્સદામાં હતી.

આ કાયદાની વિશિષ્ટતા એ હતી કે આ કાયદાનો અમલ ફરજીયાત ન હતો. સ્વેચ્છા પર જ અવલંબિત હોવાથી પ્રજાની લાગણીને ઠેસ પહોચી ન હતી. ઈ.સ. ૧૯૦૮ ની ર૩મી જૂલાઈ એ 'આજ્ઞાપત્રિકા' માં આ કાયદો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. અને તેનો અમલ ૯મી ઓગસ્ટથી કરવામાં આવ્યો હતો.

## કાયદામાં જરૂરી ફેરફારો

ઈ.સ. ૧૯૦૮ માં આ કાયદો પસાર કર્યા બાદ, સમય જતાં તેમાં ખામીઓ માલુમ પડતાં આ કાયદામાં ફેરફારો કરવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૦૮ થી અમલમાં આવેલ કાયદામાં લગ્ન કરનાર સભ્યોનાં અને તે લગ્નથી થયેલા બાળકોના વારસાઈનાં હક્ક સબંધ માં કોઈ જ ઉલ્લેખ થયો ન હતો આથી જ આ કાયદામાં સુધારોકરવો પડયો હતો.

ઈ.સ. ૧૯૩ર ની ર૮ મી ફેબ્રુઆરી એ નવો - 'ઐહિક લગ્ન નિબંધ' અમલમાં આવ્યો. જેમાં ઐહિક લગ્ન નિબંધ અન્વયે લગ્ન કરનાર સભ્યોના બાળકો માટે વારસાઈના હક્કનાં ધોરણો દાખલ કરવામાં આવ્યાં હતાં.

નવા કાયદા મુજબ.......

૧. જો વધૂ - વર એક જ વર્ણના હિન્દુ, શીખ, જૈન કે બૌધ્ધ ધર્મ પાળનારા હોય તો તેમનાં બાળકોને હિન્દુ વારસાનો કાયદો લાગુ પાડવામાં આવ્યો.

ર. જો વિજાતીય ધર્મના હોય તો બ્રિટીશ હિન્દુસ્થાન ના વારસા હક્કનાં નિબંધ ના ઠરાવો લાગું પાડવાનુ નક્કી કરવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૦૮ થી ૧૯૩૮-૩૯ સુધી ઐહિક લગ્નના કાયદા હેઠળ કુલ ૩૮ લગ્નો થયાં હતાં.

વડોદરા રાજ્યમાં ઈ.સ. ૧૯૩૮-૩૯ સુધીમાં નોધાયેલા લગ્ન કરનાર વ્યક્તિનાં ધર્મ-સબંધો હકીકત દર્શાવતો કોઠો

| વર્ષ | નોંધાયેલ લગ્ન ની સંખ્યા | વર-વધુ નો ધર્મ |
|---|---|---|
| ઈ.સ. ૧૯૧૨-૧૩ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૧૩-૧૪ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૧૪-૧૫ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૧૫-૧૬ | - ૨ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૧૬-૧૭ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૧૭-૧૮ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૧૮-૧૯ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૧૯-૨૦ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૦-૨૧ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૨૧-૨૨ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૨-૨૩ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૩-૨૪ | - ૩ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૪-૨૫ | - ૨ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૫-૨૬ | - આંકડા પ્રાપ્ત નથી. | |
| ઈ.સ. ૧૯૨૬-૨૭ | - ૨ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૭-૨૮ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૨૮-૨૯ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૨૯-૩૦ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૩૧-૩૨ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૩૨-૩૩ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૩૩-૩૪ | - ૨ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૩૪-૩૫ | - ૨ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૩૫-૩૬ | - ૧ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૩૬-૩૭ | - ૨ | હિન્દુ - હિન્દુ |
| ઈ.સ. ૧૯૩૭-૩૮ | - આંકડા પ્રાપ્ત થયેલ નથી. | |
| ઈ.સ. ૧૯૩૮-૩૯ | - ૮ | હિન્દુ - હિન્દુ |

## : જ્ઞાતિત્રાસ નિવારણ નિબંધ :

ગુજરાતનો સમાજ અનેક જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલો હતો. દરેક જ્ઞાતિમાં ધંધા, લગ્ન, જમણ વગેરેનાં નિયમો હતા. જ્ઞાતિમાં જન્મે તે પ્રમાણે તેનો મોભો, સ્થાન, ભૂમિકા, ફરજો અને અધિકારો નક્કી થતા હતા. ભારતના અન્ય ભાગોની જેમ ગુજરાતમાં પણ ચઢતી - ઉતરતી જ્ઞાતિઓની શ્રેણીની સંકુલ શૃંખલાનો સમાજ બનેલો હતો. જેમાં બ્રાહ્મણોને ટોચ સ્થાને અને અસ્પૃશ્ય, દલિત જ્ઞાતિઓ તળીયે હતી. આથી જ મુંબઈ ના ગેઝેટિયરમાં યોગ્ય જ લખ્યુ છે કે... 'ગુજરાત મુખ્યત્વે નાત-જાતનો પ્રદેશ છે.'

ઈ.સ. ૧૯૦૧ ની વસ્તી - ગણતરી સમયે માત્ર ગુજરાતમાં ૩૧૫ જ્ઞાતિઓ નોંધાઈ હતી. બ્રાહ્મણ જ્ઞાતિમાં ૮૦ પેટાજ્ઞાતિઓ હતી. - આમ, કહી શકીએ કે ગુજરાત માં જ્ઞાતિ પધ્ધતિ એ ઘણી જ શકિતશાળી સામાજિક સંસ્થા હતી, જે વ્યકિત ના જીવનના દરેક પાસાં ને સ્પર્શતી હતી.

દરેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિમાં લગ્ન નો વ્યવહાર થઈ શકતો નહી.

એકજ જ્ઞાતિના જુદાં જુદાં કુટુંબ તથા કુળ પણ સરખા ગણાતાં નહી. કુલીનો પોતાની સમકક્ષમાં જ કન્યાને પરણાવતાં હતાં, પરંતુ કેટલીક વાર કોઈ વધારે પહેરમણી આપે તો પોતાનાથી જ ઉતરતા કુટુંબોમાં પણ કન્યા અપાતી. આમ, ગુજરાતી સમાજમાં 'કન્યા આપનાર' અને 'કન્યા લેનાર' એ વિભાગો પડી ગયા હતા. પહેરામણીની બાબતમાં જયારે 'ગોળ' બાંધવામાં આવ્યો ત્યારે તેમની મરજી પ્રમાણે વર્તવાની ફરજ પાડવામાં આવતી હતી અને તેનું ઉલ્લંઘન કરનાર ને દંડ કે બહિષ્કાર જેવા પરિણામો ભોગવવા પડતાં હતાં. આમ, વ્યકિત ઉપર સમાજ નું બંધન વધારે હતું.

### 'ગોળ - એકડા' એટલે શું ?

કોઈ કસ્બા કે ગામમાં રહેનાર કોઈ જ્ઞાતિનાં અથવા પેટાજ્ઞાતિના લોકો એવો ઠરાવ પસાર કરે કે પોતાની કન્યાઓના લગ્ન અમુક નક્કી કરેલી હદમાં જ કરવા અને તે હદ બહાર રહેનાર પોતાની જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાં લોકો સાથે લગ્ન કરવા નહી ત્યારે આ પ્રમાણે ઠરાવેલી હદ માં નો પ્રદેશ 'ગોળ' કહેવાતો.

'ગોળ' ની હદ બહાર લગ્ન નક્કી કરનારને, તેની સાથે જ્ઞાતિના કે પેટાજ્ઞાતિનાં કુટુંબના આગેવાનો સહી કરાવી લે તો તે ઠરાવ 'એકડા' કહેવાય. આમ, કહી શકીએ કે, પરસ્પર કન્યાની લેવડ -- દેવડ માટે નક્કી કરેલુ જ્ઞાતિનુ જુથ એટલે 'ગોળ'.

'ગોળ' બહાર જો લગ્ન થાય તો જ્ઞાતિના આગેવાનો કન્યાવાળાં ને ભારે દંડ કરતા હતા. કેટલીક વખતે તો કન્યાવાળાને જ્ઞાતિ બહાર પણ મુકવામાં આવતાં હતાં.

## શ્રીમંત સયાજીરાવના જ્ઞાતિ બંધન વિશેના વિચારો

શ્રીમંત સયાજીરાવ જ્ઞાતિબંધન ના સખત વિરોધી હતા. તેમણે જ્ઞાતિત્રાસ નિવારવા માટે પ્રયત્નો શરૂ કર્યા હતા. જ્ઞાતિબંધન વિશેના વિચારો જ જોઈએ તો - "જ્ઞાતિબંધન ની માઠી અસર સમાજ માં જ્યાં ત્યાં પ્રયત્ક્ષ જોવા મળે છે. અર્થ વગરના નાના નાનાં સંખ્યાબંધ અમુક કાયદાઓ અને ક્રિયાઓથી માણસનાં સ્વતંત્ર વિકાસ ઉપર મોટો અંકુશ મૂકે છે. જ્ઞાતિબંધનથી માણસના, કુટુંબ સબંધમાં તેના લગ્ન, કાર્યમાં, તેના છોકરાની કેળવણીમાં અને ખાસ કરીને તેના જિંદગીમાં કાર્યો, જ્યાં ત્યાં તેના ઉપર અંકુશ પડે છે જ્ઞાતિ બંધનની સાથી માઠી અસર તો સમગ્ર પ્રજાના જીવન અને એકય ઉપર થાય છે. તેનાથી સ્થાનિક કજિયા - કંકાશ ઘણા વધે છે."

## જ્ઞાતિ - ત્રાસ નિવારણ મુત્સદો

જ્ઞાતિત્રાસ નિવારણ મુત્સદો તરીકે મંજૂર કરવા તેમજ ધારાસભામાં આ અંગેનો હુકમ કરવા ટિપ્પણ નંબર - અંક ૧૫૭ - ૨૦/૫/૧૯૩૩ થી રજૂ કરવામાં આવ્યો હતો. - તેમાં કેટલાક સુધારા વધારા કરીને મુત્સદો મંત્રીમંડળના હુકમ ૧૦૮.૮૬ - ૧૨/૬/૧૯૩૩ થી મંજૂર કરવામાં આવ્યો હતો. જેના ઉપર લોકમત તા. ૧૩-૭-૧૯૩૩ ની 'આજ્ઞાપત્રિકા' માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. આ મુત્સદો તા. ૯મી ઓગસ્ટ ૧૯૩૩ ની ધારાસભામાં ચર્ચા કરવા માટે રજુ થયો હતો. તેમાં કેટલાક ફેરફારો કરી મુત્સદાને કાયદા તરીકે મંજૂર કરવામાં આવ્યો હતો.

## જ્ઞાતિ - ત્રાસ નિવારણ નિબંધ

શ્રીમંત સયાજીરાવે ઈ.સ. ૧૯૩૨ માં 'ગોળ-એકડા' સમિતિ નીમતાં, તેનાં નિવેદન અન્વયે - 'જ્ઞાતિ - ત્રાસ નિવારણ' નિબંધ ઈ.સ. ૧૯૩૪ માં પસાર કરવામાં આવ્યો હતો.

આ કાયદા મુજબ..........

૧. ગોળ - એકડા બહાર લગ્ન કરવામાં આવે...
૨. વધૂ - વર ના વિવાહ (સગાઈ) તોડવામાં આવે...
૩. જમણ કરવાની ફરજ પડે તેવા રિવાજ નો ભંગ કરવામાં આવે અથવા
૪. પરદેશ ગમન કરવામાં આવે તો....

જ્ઞાતિ એવા કૃત્ય કરનારને જ્ઞાતિ બહાર કે વ્યવહાર બહાર મૂકી શકે નહી અને તેમ છતાંયે જો એવી કોઈ સજા કરે તો તેવી સજા કરનાર વ્યક્તિ ઉપર ફોજદારી અદાલતમાં ફરિયાદ કરી શકશે. આવી વ્યક્તિને છ માસની આસાન કેદ અથવા રૂપિયા ૧૦૦૦/- નો દંડ અથવા બન્ને , પ્રકારની સજાને પાત્ર થાય.

ઈ.સ. ૧૯૩૮ માં આ કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો.

આ કાયદાથી જે જ્ઞાતિઓને સજા કરવામાં આવી હતી તે નીચે મુજબની હતી.

| સજા પામેલી જ્ઞાતિનું નામ | સંખ્યા |
|---|---|
| બ્રાહ્મણ | ૯ |
| વાણિયા | ૬ |
| પાટીદાર | ૧ |
| કડીયા | ૧ |
| કાછિયા | ૨ |
| નાયક | ૧ |
| પિંજારા | ૧ |
| કુંભાર | ૨ |
| ભોઈ | ૨ |
| સોની | ૨ |
| સુથાર | ૧ |
| રાજપૂત | ૧ |
| ભીલ | ૧ |
| કોળી - માછી | ૩ |

આમ, શ્રીમંત સયાજીરાવના 'જ્ઞાતિ-ત્રાસ નિવારણ' ના કાયદાથી જ્ઞાતિબંધનો કંઈક અંશે દૂર થયા. જ્ઞાતિઓના ધંધા બદલવા, રોટી - બેટી વ્યવહાર તેમજ રીતરિવાજો નું સંચાલન જે જ્ઞાતિનાં મંડળો - આગેવાનો કરતાં તેને બદલે હવે રાજ્ય તરફથી વિચારણા થઈ ને ફેરફાર કરવાની પ્રવૃતિ શરૂ કરવામાં આવી.

શ્રીમંત સયાજીરાવે આ કાયદો પસાર કરતાં પહેલા તેમણે 'ગોળ-એકડા' સમિતિ નીમી હતી. આ સમિતિનાં પ્રમુખ રા.બા.ગોવિંદરાવ હાથીભાઈ દેસાઈ હતા. આ સમિતિએ વડોદરા શહેરની વાણિયા, બ્રાહ્મણ અને અન્ય જ્ઞાતિઓનાં આગેવાનો ને - 'ગોળ-એકડા' તોડવા કે નહીં ? તે અંગેની માહિતી મંગાવવા નીચે પ્રમાણેની પ્રશ્નાવલિ તૈયાર કરી હતી.

**પ્રશ્નાવલી**

૧. તમારી જ્ઞાતિમાં કઈ કઈ પેટાજ્ઞાતિઓ છે ?

૨. મુખ્ય જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ વચ્ચે કન્યાની આપ લે થઈ શકે કે કેમ ?

૩. તમારી જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાં ગોળ - એકડા થયેલા કે નહિ ? તેનું બંધારણ કઈ રીતે ઠરાવેલું ?

૪. ગોળ એ એકડા માટે ઠરાવ કયારે અને કેવી રીતે થયેલો છે ?

૫. ગોળ બહાર કન્યા આપવા માટે શી સજા ઠરાવી છે ?

૬. ઠરાવ તોળીને ગોળ કે એકડા બહાર કન્યા અપાય છે કે ગોળને અનુસરી ને વર્તન થાય છે ?

૭. દંડ વગેરે ઠરાવ્યાં હોય તો તે ન આપવામાં આવે તો તે વસૂલ કરવા કેવી રીતે ની તજવીજો થાય છે ?

૮. એકડાનો ઠરાવ સરકારમાં નોધાવ્યો છે ? અને નોધાવ્યો હોય તો કયા અને કયારે ?

૯. ગોળ - એકડાને કાઢી નાખવામાં આવે તો તમારી કોઈ હરકતો (તકલીફો) છે ? તકલીફો હોય તો જણાવશો.

૧૦. જો એકડા તથા ગોળ તોડવાનો તમારો અભિપ્રાય હોય તો તેમાં સરકાર કાયદાના દુપમાં કેવી રીતે સહાય કરે તેમ ઈચ્છો છો ?

૧૧. આ સબંધ માં તમારે કોઈ સૂચના હોય તો કરવી છે ?

ઉપરોક્ત પ્રશ્નાવલિના જવાબો જુદી - જુદી જ્ઞાતિઓમાંથી આવ્યા હતા. વડોદરાની વાણિયા, બ્રાહ્મણ તથા અન્ય જ્ઞાતિઓમાંથી જવાબો આવ્યા હતા. બધી જ જ્ઞાતિઓએ 'ગોળ - એકડા ' ને દૂર કરવા સૂર પુરાવ્યો હતો.

## : હિન્દુ - લગ્ન વિચ્છેદ :

શ્રીમંત સયાજીરાવે હિન્દુ લગ્ન વિચ્છેદ નો કાયદો બહાર પાડતાં પહેલા, કાયદાનો મુત્સદો તૈયાર કરાવી ને 'આજ્ઞાપત્રિકા' માં પ્રસિધ્ધ કરાવ્યો. શ્રીમંત સયાજીરાવે

'લગ્ન વિચ્છેદ' ના કાયદાનો મુત્સદો તૈયાર કરી ૨૧મી માર્ચ, ૧૯૨૯ ની 'આજ્ઞાપત્રિકા' માં પ્રસિધ્ધ કરાવ્યો હતો. પ્રજામાંથી ૨૫ સૂચનાઓ સામાન્ય પ્રકારની આવી હતી. માત્ર ચાર જ વ્યક્તિએ કાયદાની જરૂર નથી એમ સૂચવ્યું હતું.

૧.... રા.રા. જવેહરલખી નંદલાલ વાણિયા

ઉંમર - ૨૫ વર્ષ

કારણમાં જણાવ્યું કે, બ્રિટીશ રાજ્ય સાથે આપણું રાજ્ય ગૂંથાયેલુ છે માટે આવો કાયદો કરવો નિરર્થક છે. તેમના મતે હિન્દુઓનાં લગ્ન જેટલા સુખી લગ્ન દુનિયાભરમાં કયાંય નથી આથી જ, આ કાયદો (નિબંધ) બહાર પાડવો જરૂરી નથી.

૦૨ ....રામશંકર કાળીશંકર.

૦૩....દ્વારકાદાસ સંગનાથ શેઠજી.

૦૪....અંબાલાલ મોતીલાલ ઠાકર.

ઉપરોકત ચાર વ્યક્તિઓએ હિન્દુ લગ્ન વિચ્છેદ ના કાયદાની જરૂર નથી એવું જણાવ્યું હતું.

ચિમનાબાઈ સ્ત્રી સમાજ, ભગિની સમાજ (વડોદરા) વડોદરા રાજ્ય પ્રજામંડળ તથા વિમેન્સ એસોસીએશન જેવા મંડળોએ તેમજ સયાજી વિજય, નવ ગુજરાત જેવા અખબારોએ આ કાયદાની તાત્કાલિક જરૂર છે એમ જણાવ્યું હતું.

'હિન્દુ લગ્ન વિચ્છેદ' કાયદાનો મુત્સદો તૈયાર કરી ન્યાયમંત્રી કચેરીમાં ટિપ્પણ અંક ૩૪/૩૮. તા. ૬-૧૨-૧૯૨૭ ના રોજ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની મંજુરી માટે મૂકવામાં આવ્યો હતો. આ મુત્સદો - ભારતનો છુટાછેડાનો કાયદો ના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો.

મુત્સદો ને કાયદા નું સ્વરૂપ આપવા માટે ઈ.સ. ૧૯૩૦ની ૩૧ મી જાન્યુઆરી એ ધારાસભાની ખાસ બેઠક મળી. તેમાં મુત્સદોની ચર્ચા બાદ આઅંગેની આગળ કાર્યવાહી માટે નીચેના સભ્યોની પેટાસભા નીમવામાં આવી.

**સભ્યો :**

૧. વિષ્ણુ ધુરંધર (અધ્યક્ષ)

૨. સત્યવ્રત મુકરજી

૩. મણિભાઈ નાણાવટી.

૪. લલ્લુભાઈ પટેલ

૫. બાબુભાઈ દેસાઈ
૬. ગિરધરલાલ પરીખ
૭. રામચંદ્ર અમીન
૮. દેવીદાસ હરગોવિંદદાસ
૯. સુશીલા બહેન માંકડ (સ્ત્રી સભ્ય)
૧૦. અ.સૌ.સરલાબેન મહેતા (સ્ત્રી સભ્ય)

ઉપરોક્ત પેટાસભાના સભ્યોએ ૧૦મી એપ્રિલ ૧૯૩૦ ની ધારાસભામાં મુત્સદો રજુ કર્યો ત્યારબાદ ૧૫-૫-૧૯૩૦ માં 'આજ્ઞાપત્રિકા' માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ સમગ્ર વડોદરા રાજ્યમાં તા.૧૦મી ઓગસ્ટ, ૧૯૩૧ ના રોજ કાયદો પસાર કર્યો.

આ કાયદાની કલમોમાં કાયદાનો ઉદેશ્ય, દાવાઓ દાખલ કરવાની બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## કાયદાની અસર - કેસની વિગત :-

| વર્ષ | છુટાછેડા | જુદા રહેતા | જુદા રહેઠાણ | લગ્ન જીવન | રિવાજ મુજબ છુટા છેડા નહી મળતા કેસો |
|---|---|---|---|---|---|
| ૧૯૩૧-૩૨ | ૩૫ | ૪ | - | ૮ | ૧ |
| ૧૯૩૨-૩૩ | ૨૯ | ૩ | - | ૮ | ૧ |
| ૧૯૩૩-૩૪ | ૫૮ | ૧ | ૧ | ૪ | ૧ |
| ૧૯૩૪-૩૫ | ૪૫ | - | - | ૬ | ૧ |
| ૧૯૩૫-૩૬ | ૩૦ | ૫ | - | ૪ | ૩ |
| ૧૯૩૬-૩૭ | ૪૪ | ૪ | - | ૩ | ૪ |
| ૧૯૩૭-૩૮ | ૪૫ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૧૯૩૮-૩૯ | ૩૮ | ૩ | ૨ | - | ૬ |

આમ, શ્રીમંત સયાજીરાવે 'હિન્દુ લગ્ન વિચ્છેદ' કાયદો પસાર કરી, હિન્દુ

સમાજની પ્રણાલિકાગત માન્યતા - 'લગ્ન એક આદર્શ છે. જન્મો જન્માંતરનું બંધન છે.' તેમાંથી મુક્તિ અપાવી. આ કાયદાથી સ્ત્રીને માનસિક પ્રોત્સાહન મળ્યું. કેમકે, સમાજમાં બહુપત્નીત્વની પ્રથા પ્રચલિત હતી તેથી પુરુષ વર્ગ સરળતાથી બીજી પત્ની કરી શકતો હતો પરંતુ સ્ત્રી માટે આજીવન લગ્નની કેદમાં પુરાઈ રહેવા સિવાય કોઈ વિકલ્પ જ ન હતો. સ્ત્રીઓને આ કાયદાથી મુક્તિ મળી. સ્ત્રી જાગૃતિ અને સ્ત્રી ઉત્કર્ષ ની દિશામાં સયાજીરાવે એક વધુ પગલું ભર્યું એમ કહી શકાય.

## : પારસી લગ્ન - લગ્ન વિચ્છેદ :

ઈ.સ. ૧૯૩૨ સુધીમાં પારસીઓમાં લગ્ન અને લગ્ન વિચ્છેદ સબંધી કોઈ કાયદો અમલમાં ન હતો. આથી લગ્ન વિચ્છેદની બાબતમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેનુ નિરાકરણ હિન્દુ ધર્મ પ્રમાણે કરવામાં આવતું હતું.

શ્રીમંત સયાજીરાવ ના સમયમાં લગ્નવિચ્છેદ કાયદાનો મુત્સદો સૌ પ્રથમ ઈ.સ. ૧૯૨૦ માં રા.શ.દિનશાની દાબુએ રજુ કર્યો હતો.

શ્રીમંત સયાજીરાવ ઈ.સ. ૧૯૩૫ ના હજુર હુકમ ઓર્ડર નં ૫૬/૪ પારસી લગ્ન વિચ્છેદ કાયદો પસાર કર્યો. આ કાયદાનો અમલ તા. ૪ જુલાઈ, ૧૯૩૫ થી શરૂ થયો હતો. આમ, શ્રીમંત સયાજીરાવે આ કાયદો બહાર પાડી પારસીઓનાં દિલ જીતી લીધાં.

## : પડદા પ્રથા :

'પર્દો' અરબી શબ્દ છે. જેનો અર્થ ઘુંઘટ, બુરખો, ઘૂમટો, અંગગુંઠન વગેરે થાય છે. ઈંટ નો પડદો તે બિલ્લુ, પાટિયા નો પડદો તે ફડેતાળ, ઘાસનો પડદો તે ટાટ્ટુ અને કપડા નો પડદો તે અંગરપટ કહેવાય છે. - ઈસ્લામી સંસ્કારનો આ રિવાજ ગુજરાતીમાં 'ઘૂઘટ' કે 'ઘૂમટો' તરીકે પ્રખ્યાત બન્યો. શ્રીમંત સયાજીરાવ ના સમયમાં અસ્તિત્વ ધરાવતી આ પ્રથા માટે 'પરદા' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પડદા પ્રથા ક્યારે શરૂ થઈ તેના વિશે વિદ્વાનો માં મતભેદો છે. વૈદિક સમયથી ઈ.સ. પૂ.ની પહેલી સદી સુધી હિન્દુ સમાજમાં સ્ત્રીઓને માટે મુખ ઢાંકવાનો રિવાજ પ્રચલિત હતો. મધ્યયુગમાં પરદાપ્રથા પ્રચલિત ન હતી. ચીની મુસાફર યુયાન-સ્વાંગ લખે છે કે, જ્યારે હુણ મિહિરકુલ હારીને પકડાઈ ગયો તે સમયે બાણાદિત્ય ની રાજમાતા તેને મળવા આવી હતી. હર્ષવર્ધનની માતા રાજ દરબારીઓને મળતી હતી. મહાકવિ બાણકૃત 'કાદંબરી' માં વિલાસમતીનાં વર્ણનમાં જોષીઓને મળવું, બ્રાહ્મણોને મળવુ

તથા મંદિરમાં કથા સાંભળવા જવું.... એમ લખ્યું છે. તે સમયના નાટકો માં પણ પડદા નો ઉલ્લેખ નથી.

અબુજૈદે પણ રાજ દરબારમાં દેશી અને પરદેશીઓ સામે સ્ત્રીઓ આવતી હતી તેવું વર્ણન કરેલ. મેળાઓમાં, બગીચાઓમાં સ્ત્રી-પુરુષો બન્ને સાથે જતાં તેવાં ઉદાહરણો 'કામસુત્ર' માં જોવા મળે છે. સ્ત્રીઓ રાજાના સેવકનું કાર્ય કરતી. લડાઈમાં પણ ભાગ લેતી શસ્ત્ર સજ્જ થઈને ઘોડા પર સવારી પણ કરતી હતી. આવાં ઉદાહરણો ઉપરથી માલૂમ પડે છે કે તે સમયે પડદાપ્રથા ન હતી.

બારમી સદીમાં વિદેશી આક્રમણો ને લીધે હિન્દુ પરિવારોની સ્ત્રીઓ પોતાના ચારિત્ર્યને સાચવી રાખવા માટે પડદા પ્રથા શરૂ કરી શકે એમ લાગે છે. ઉત્તર ભારતમાં તેમનુ જોર વધારે હોવાથી ત્યાં ધીમે - ધીમે પડદો અને ઘૂમટાની પ્રથા મોટા ઘરોમાં ચાલી. ગુજરાતમાં તો મુસ્લિમો, રાજપૂતો, બારોટ, મરાઠાઓ અને અન્ય જ્ઞાતિઓમાં પડદા નો રિવાજ હતો. આમ કહી શકીએ કે આ પ્રથા એ પાછળથી હિન્દુ સમાજમાં મહત્વ નું સ્થાન મેળવી દીધુ. ગાંધીજી એ પડધા પ્રથાને જંગલી પ્રથા તરીકે વર્ણવતાં કહયુ હતું કે 'પડદાપ્રથા એ સ્ત્રીઓને પછાત રાખી છે અને તેમનો વિકાસ કુંઠિત કર્યો છે. આ જંગલી પ્રથા ને લાગુ કરીને પુરુષો - સ્ત્રીઓને અન્યાય અને દેશને પારાવાર નુકશાન કરી રહયાં છે.'

પડદા પ્રથાને દૂર કરવા માટે શ્રીમંત સયાજીરાવે તથા મહારાણી ચિમનાબાઈ એ પ્રયત્નો શરૂ કરી દિધા. શ્રીમંત સયાજીરાવ માનતા હતા કે, પડદા પ્રથાને કારણે સ્ત્રીઓ શિક્ષણ લઈ શકતી નથી અને આથી જ તેઓ પછાત રહી જાય છે. શ્રીમંત સયાજીરાવે સૌ પ્રથમ પોતાના કુટુંબમાંથી આ પ્રથા દૂર કરી, આ બાબતમાં સમાજ ને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડયું.

મહારાણી ચિમનાબાઈ ઈ.સ. ૧૯૧૩ ના નવેમ્બર માસમાં વિદેશથી જયારે પાછા ફર્યા, ત્યારે પડદા વગર ખુલ્લા મુખે હસતાં - હસતાં વડોદરા સ્ટેશને ઉતર્યા અને સ્ટેશનથી ચારઘોડાની ખુલ્લી ગાડીમાં રાજમહેલ ગયા હતાં. આ પછી હંમેશ ને માટે રાજમહેલમાંથી પડદો રાખવાનો રિવાજ નીકળી ગયો. મહારાણી ચિમનાબાઈ સ્ત્રી જાગૃતિ અને સ્ત્રી ઉત્કર્ષના હિમાયતી હતાં. તેમણે સ્ત્રીઓનાં પ્રશ્નોને વાચા મળે તે માટે ઈ.સ. ૧૯૧૫ ની જાન્યુઆરીમાં - મહારાણી ચિમનાબાઈ સ્ત્રી સમાજ - ની સ્થાપના કરી. તેઓએ - 'અખિલ હિન્દ સ્ત્રી કોન્ફરન્સ' અને 'આંતરરાષ્ટ્રીય સ્ત્રી પરિષદ' ના

પ્રમુખ પદે થી હિન્દ ની સ્ત્રીઓના પ્રશ્નો ને હિંમત ચર્ચ્યાં હતા.

રાજકુટુંબમાંથી 'પડદો' ગયા બાદ મહારાણી ચિમનાબાઈ એ તા. ૫મી જાન્યુઆરી, ૧૯૨૭ ના રોજ પૂનામાં આપેલ ભાષણમાં કહયુ કે - 'પડદા પ્રથાના રિવાજે કદાચ આગલા જમાનામાં કોઈ ઉપયોગી કરી બતાવ્યા હશે, પણ આજના જમાનામાં તેની તંદુરસ્તી અને સુખ બન્ને જોખમમાં આવી પડે છે. મનમાં મોકળાપણાને માટે આ શરીરની ખિલવણી માટે પડદો એક આફતરૂપ વસ્તુ છે પિંજરામાં એક પક્ષી જેટલુ કેદી છે. તેજ પ્રમાણેમાં સ્ત્રી પડદામાં કેદી છે. અંગ્રેજ કવિ શૈલી કહી ગાય કે સ્ત્રીઓની ગુલામી તૂટે નહિ ત્યાં સુધી પુરુષો સ્વતંત્રતા નહીં મેળવી શકે.'

આમ, શ્રીમંત સયાજીરાવ અને મહારાણી ના પ્રયાસોથી વડોદરા રાજયમાં પડદાપ્રથા સદંતર બંધ થઈ.

## : દૂધ પિતી નો રિવાજ :

ભારતીય સમાજમાં બાળકી ના જન્મ પરત્વે તિરસ્કાર અને ધૃણાની લાગણી પ્રવર્તતી હતી. બાળકી જન્મે એટલે 'પથરો જન્મયો' એવુ કહેવામાં આવતું હતું. રાજપૂત સમાજમાં તથા અન્ય જ્ઞાતોમાં છોકરી ના લગ્ન પાછળ અઢળક ખર્ચ કરવો પડતો હતો. કન્યા ને લાયક વર મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હોવાથી આ રિવાજ સમાજમાં વ્યાપેલો લાગે છે. બાળકી જન્મે કે તરતજ દૂધ ભરેલા વાસણમાં ડુબાડીને, ગૂંગળાવીને મારી નાખવામાં આવતી હતી. આવા કુરિવાજ ને નાબૂદ કરવા માટે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે પ્રયત્નો શરૂ કર્યા હતા.

ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને કડવા અને લેઉઆ પાટીદારોમાં આ દુષ્ટ ચાલ પ્રચલિત હતી. રાજપૂતોની જેમ આ જ્ઞાતિમાં કન્યાને પરણાવવામાં ભારે ખર્ચ કરવો પડતો હતો. કન્યા ને લાયક વર મેળવવામાં પણ ભારે મુશ્કેલી પડતી હતી. આથી આ ચાલ કડવા અને લેઉઆ કણબીઓમાં ચાલુ થઈ.

અમદાવાદ ના મી.ઈ.જી. ફોસેટે આ રિવાજ દૂર કરવા પ્રયાસો કર્યા હતા. તેમણે ઉત્તર ગુજરાતના કણબીઓ ને સમજાવી એવો કાયદો કરાવ્યો કે, સરખા કુળ માં કન્યાઓ આપવી, પૈઠણ ના રૂપિયાના આંકડા તથા જમણવારનુ ખર્ચ ઓછું કરવું. જો કાયદાને કોઈ તોડે તો તેને દંડ કરવો એમ નક્કી કરવામાં આવ્યું. પરંતુ આ કાયદાનો બરાબર અમલ થઈ શકયો ન હતો.

કણબીઓમાં ચાલતો આ રિવાજ દૂર કરવા માટે કણબી સુધારક શ્રી બેચરલાલ

અંબાઈદાસ લશ્કરીએ પ્રયત્નો કર્યા. ઈ.સ. ૧૮૭૦ નો બાળ હત્યાનો કાયદો તેમના કણબી સમાજમાં લાગુ પાડે તે તેઓ ઓગસ્ટ, ૧૮૭૦ નો બાળ હત્યાઓ કાયદો તેમના કણબી સમાજમાં લાગુ પાડે તે માટે તેઓ ઓગસ્ટ, ૧૮૭૦ માં પૂના ગયા. તેમણે અહીં ઝુંબેશ ના કાગળિયા ગર્વનરશ્રી ફિટનીલ્ડ ને બતાવ્યા. આથી ગર્વનરે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની મદદ દ્વારા આ કાયદો કણબી જ્ઞાતિમાં લાગુ પાડવાનો હુકમ કર્યો. ઈ.સ. ૧૮૭૦ ના કાયદાથી દૂધપીતીની ચાલએ ફોજદારી ગુન્હો બન્યો. આમ, ઉત્તર ગુજરાત માં ચાલતો આ રિવાજ બેચરદાસ લશ્કરીના પ્રયાસોથી અને શ્રીમંત સયાજીરાવ ત્રીજાના સહકારથી દૂર થયો. આ કાયદો સમગ્ર વડોદરા રાજયમાં લાગુ પાડવામાં આવ્યો હતો.

### : હિન્દુ - પુરોહિત નિબંધ :

હિન્દુ સમાજ વાર્ણાશ્રમ વ્યવસ્થામાં વહેચાયેલો હતો. વર્ણાશ્રમ વ્યવસ્થા મુજબ બ્રાહ્મણોનું સ્થાન ઘણુંજ ઊંચુ હતું. બ્રાહ્મણોનું કર્તવ્ય લોકોને જ્ઞાન આપવાનું હતું. બ્રામણો પૂજા - પાઠ, યજ્ઞો તથા ધાર્મિક ક્રિયાઓમાં કરાવતાં હતાં. સમય જતાં બ્રાહ્મણોની ધાર્મિક ક્રિયાઓમાં અનિષ્ટો પ્રવેશ્યા. શાસ્ત્રીઓ , પુરોહિતો, યાજ્ઞિકો, પૂજારીઓ વગેરેએ બિન બ્રાહ્મણ વર્ગને શિક્ષણથી વંચિત રાખીને અજ્ઞાન યજમાનને સમજાવી, પતાવી પૈસા ઉભા કરવાનું કાર્ય શરૂ કર્યું.

બ્રાહ્મણો લગ્ન વિધિ સંસ્કૃતમાં કરાવતા હોવાથી સામાન્ય પ્રજાને ખબર પડતી નહી. શ્રીમંત સયાજીરાવ તેમના વડોદરા રાજયમાં 'હિન્દુ પુરોહિત કાયદો' ઈ.સ. ૧૯૧૫ માં બહાર પાડયો હતો. આ કાયદા મુજબ હિન્દુ પુરોહિતો એ સંસ્કૃત પરીક્ષા પાસ ફરજીયાત કરવી પડતી જે પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર ન હોય તો તેઓ હિન્દુ ધર્મશાસ્ત્રની વિધિ કરાવી શકશે નહી. 'હિન્દુ લગ્ન સુધારણા'ના કાયદામાં પુરોહિત સંસ્કૃત શ્લોકો અને મંત્રો નો અર્થ સમજાવે. જો પુરોહિત ન સમજાવે તો દંડ કરવાનું સરકારે નક્કી કર્યું હતું.

ઈ.સ. ૧૯૦૨ માં 'ધાર્મિક સ્વાતંત્ર' અંગેનો કાયદો બહાર પાડેલ. આ કાયદા મુજબ નક્કી કરવામાં આવ્યુ કે - 'કોઈપણ વ્યકિત ધર્મ પરિવર્તન કરે અથવા જ્ઞાતિ પરિવર્તન કરે તો મિલકત સબંધી હક્કો કાયમ રહેશે.'

સરકારી મદદથી ચાલતાં દેવસ્થાનો માટે પણ નિયમો બનાવ્યા હતા. પૂજારીઓની યોગ્યતા ઠરાવવામાં આવી. શાસ્ત્રમાં જણાવેલાં કર્મો કરાવનાર ગોર, પુરોહિત, પુજારી વગેરેની યોગ્યતા નક્કી કરવા માટે પરીક્ષાઓ લેવામાં આવી. અયોગ્ય

માણસો ધાર્મિક વિધિ કરાવે તો તેને શિક્ષા કરવાનું ફરમાવ્યું. જે બ્રાહ્મણો ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, વેદ વગેરે નો અભ્યાસ કરી પરીક્ષા પાસ કરે તેમને ઈનામો આપવાનું ઠરાવ્યું હતું. સમગ્ર વડોદરા રાજ્યમાં તમામ ધાર્મિક પ્રવૃતિઓને નિયમ પ્રમાણે ચલાવવા માટે 'ધર્માધિકારી' નામનાં અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી.

## : બાળ-દિક્ષા પ્રતિબંધનો કાયદો :

હિન્દુ સમાજ પ્રાચીન સમયથી જ ધાર્મિક મનોવૃતિ ધરાવતો હતો. ધર્મના નામે સમાજમાં ધતિંગો ચાલી રહયાં હતાં. ધાર્મિક ક્ષેત્રે પણ અનિષ્ટોએ પગપેસારો કર્યો હતો.

શ્રીમંત સયાજીરાવે ધાર્મિક ક્ષેત્રે વ્યાપેલા સડાને દૂર કરવા અથાગ પ્રયત્નો શરૂ કર્યા. તેમણે - 'બાળ-દિક્ષા પ્રતિબંધ' કાયદો પસાર કરીને હિન્દુ સમાજ તેમજ જૈન પ્રજા ઉપર મોટો ઉપકાર કર્યો હતો.

જૈન સમાજમાં સાધુ અને સાધ્વી બનવા માટે આકરી તપશ્ચર્યાઓ કરવી પડે છે. શરીરને કષ્ટ આપવુ પડે છે. ધાર્મિક શિક્ષણ તથા ધાર્મિક નીતિ નિયમો શીખીને દિક્ષા લઈ શકાય છે. શ્રીમંત સયાજીરાવના સમયમાં જૈન સમાજમાં અનિષ્ટો ફેલાયેલાં હતાં. ખૂબ જ નાની ઉંમરમાં અને કોઈપણ પ્રકારનું ધાર્મિક જ્ઞાન ન હોય તેવા બાળકોને દિશા આપવામાં આવતી હતી. દિક્ષા લેવા માટે કેટલી ઉંમર હોવી જોઈએ ? તે અંગેના નિયમ કે કાયદાઓ ન હતા નાની ઉંમરમાં દિક્ષા લીધેલ બાળક કે બાળકીનુ કેટલીક વાર શોષણ પણ થતું હતું. વિસનગર જૈન સમાજના પ્રતીષ્ઠીત આગેવાન રાજરત્ન શેઠશ્રી મહાસુખભાઈ ચુનીભાઈના સહકારથી વડોદરાની ધારાસભામાં - 'બાળદિક્ષા પ્રતિબંધ' નો કાયદો પસાર કરાવ્યો હતો. આ કાયદા અનુસાર અઢાર વર્ષની અંદર ના સ્ત્રી-પુરુષ ને સન્યાસ દિક્ષા આપવા મનાઈ ફરમાવવામાં આવી.

આ કાયદો સમગ્ર હિન્દુ સમાજ ને લાગુ પાડવામાં આવ્યો હતો. આ કાયદાથી સમગ્ર વડોદરા રાજ્યમાં બાળ - દિક્ષાનું પ્રમાણ ઘટવા લાગ્યું.

## : અન્ય સામાજિક - ધાર્મિક કાયદાઓ :

શ્રીમંત સયાજીરાવે હરિજનો અસ્પૃશ્યો માટે ઈ.સ. ૧૯૩૨ માં સમગ્ર વડોદરા રાજ્યમાં ધાર્મિક મંદિરો હરિજનોના દર્શન અને પૂજા અર્થે ખુલ્લાં મુકયાં હતાં. તેમના સામાજિક અને ધાર્મિક પ્રતિબંધો દૂર કરવા માટે ઈ.સ. ૧૯૩૮ માં 'સામાજિક અસમર્થતા નિવારણ નિબંધ' અમલમાં મુકયો હતો.

ઈ.સ. ૧૯૨૨ માં ' બાળ-સંરક્ષણ નિબંધ ' બહાર પાડયો હતો.

' ઓરત કબજે લેવા સબંધી' નિબંધ તા. ૨૬મી એપ્રિલ, ૧૯૧૮ ના રોજ અમલમાં મુકયો હતો. આ કાયદા પ્રમાણે જે સ્ત્રીની ઉંમર ૧૬ થી વધારે હોય અને તે સ્ત્રીનાં લગ્ન થઈ ગયાં હોય પરંતુ તે સ્ત્રી પતિના ઘરે જવા તૈયાર ન હોય તો તે સ્ત્રીને પતિના ઘરે લઈ જવા માટે પતિ અરજી કરે તો - ન્યાયાધીશના હુકમથી તે સ્ત્રી પતિના ઘરે જઈ શકતી. સ્ત્રીને કબજે લેવા માટે પતિ અરજી કરી શકતો હતો.

# ૬. ઉપસંહાર

આમ, ઈ.સ. ૧૭૬૬ થી ઈ.સ. ૧૯૪૯ના આશરે એકસો સિત્તેર વર્ષનો સમય ગુજરાત માટે ગાયકવાડી યુગ હતો. આ યુગમાં ગુજરાત યુગ પરિવર્તનના ત્રિભેટે આવીને ઉભેલું દેખાય છે. કારણ કે, ૧૮મી સદીનો અંત અને ૧૯મી સદીની શરૂઆત સમગ્ર ભારત ભારત માટે શકવર્તી હતી. ગુજરાતમાંથી કેમ બાકાત રહી શકે

ગાયકવાડોનો પ્રથમ દસકો અંધાધૂંધી થી ભરપૂર દેખાય છે. દામાજીરાવ જયારે પાણીપત નું મેદાન છોડી ને ઉત્તર ગુજરાત આવ્યા ત્યારે ઉત્તરગુજરાતમાં બાબીઓની સત્તા હતી. તેથી તેમને હટાવવા માટે દામાજીરાવને યુધ્ધનો સહારો લેવો પડયો હતો. તેમણે બાબીઓ સાથે યુધ્ધ ખેલી વિજય પ્રાપ્ત કરીને ગાયકવાડી સત્તાનો પાયો નાખ્યો. દામાજીરાવ બાહય રીતે મજબૂત બન્યા પરંતુ આંતરિક રીતે મજબૂત બન્યા ન હતા. સત્તા મેળવવા માટે અંદરો-અંદર ખટપટો ચાલતી હતી. દામાજીરાવ ના શંકાસ્પદ મરણ બાદ ગાદી મેળવવા માટે ઝઘડાઓ શરૂ થયા. સયાજીરાવ પહેલા અને ગોવિંદરાવ વચ્ચે ઝઘડાઓ થયા. ગોવિંદરાવે મરાઠાઓ, પૂર્ણે દરબાર અને સિંધીયા પાસેથી મદદ લઈ ગાદી મેળવવા નિષ્ફળ પ્રયાસો કર્યા. ફતેસિંહરાવે પોતાની સત્તા માટે ધમપછાડા કરનાર અને ટકાવી રાખવા માટે અંગ્રેજોની મદદ લીધી સત્તા માટે ધમપછાડા કરનાર ગોવિંદરાવે, કડીના જાગીરદાર મલ્હારરાવની સહાયથી ગાદી મેળવી. ગોવિંદરાવે, કડીના જાગીરદાર મલ્હારરાવની સહાયથી ગાદી મેળવી. ગોવિદરાવના મરણ બાદ આનંદરાવ ગાયકવાડ ગાદીએ આવ્યા. આનંદરાવ નબળા મનના હોવાથી મલ્હારરાવે ગાદી મેળવવા પ્રયત્નો શરૂ કર્યા. આનંદરાવે અંગ્રેજોની મદદથી ઈ.સ. ૧૮૦૨ માં કડી ઉપર જોરદાર હુમલો કરી તેમને હરાવી કેદ કર્યા. આમ, દામાજીરાવથી શરૂ કરીને મલ્હારરાવ સુધીના ગાયકવાડોએ વડોદરાની ગાદી મેળવવા ઝઘડાઓ, તકરારો, ખટરાગો અને કરારો કરી પ્રયત્ન કર્યો. અંગ્રેજો સાથે કરારો કરવાથી ગુજરાત ના રાજવીઓ કઠપૂતળી જેવા શાસકો બની ગયા હતા. આમ, ઈ.સ. ૧૮૭૫ સુધી વડોદરા રાજયમાં રાજકીય અંધાધૂંધી વ્યાપેલી હતી.

રાજકીય અંધાધૂંધી હોવા છતાંયે તે સમયે સાંસ્કૃતિક સિધ્ધિઓ હાંસલ કરી

શકાઈ હતી. વાવો, કુંડો, મંદિરો, બગિયારો, વગેરે બંધાવ્યા કે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ગણપતરાવ ના સમયમાં વડોદરા રાજ્યમાં સૌ પ્રથમ  રેલ્વે લાઈન નંખાઈ. તેમના સમયમાં દૂધપિતી ના ચાલનો રિવાજ, ગુલામોના વેપાર પર પ્રતિબંધ, અને બાળકોનો વેપાર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. શિક્ષણ સંસ્થાઓ મલ્હારરાવના સમયમાં ખોલવામાં આવી હતી. હિન્દુ - મુસ્લિમ એકતાના દર્શન પણ આજ સમયે થયા હતા. ખંડેરાવ ગાયકવાડે હિન્દુ - મુસ્લિમ ગરીબ પ્રજાને ખીચડી આપવાની શરૂઆત કરી હતી.

શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ  ઈ.સ. ૧૮૭૫ થી ગાદીએ આવ્યા ત્યારથી વડોદરા રાજ્યનો 'પ્રગતિનો યુગ'  શરૂ થયેલો જણાય છે. તેમના સમયમાં ગુજરાતે દરેક ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. પ્રાચીન વહીવટી પધ્ધતિ સયાજીરાવે અપનાવી હતી. સમગ્ર વડોદરા રાજ્યને પ્રાંતોમાં , જિલ્લાઓમાં, તાલુકાઓમાં અને ગામડાઓમાં વિભાજીત કર્યું હતું. જુદાં જુદાં વિભાગોમાં કુશળ અને કાર્યદક્ષ અધિકારીઓની નિમણૂક કરી હતી. અધિકારીઓ વ્યવસ્થિત ફરજ બજાવે છે કે નહી ? તે જોવા માટે સયાજીરાવ દર વર્ષે પ્રાંત નો પ્રવાસ ખેડતા હતા. પ્રજા સાથે તેઓ વાત-ચીત કરતા અને તેમના પ્રશ્નો ને વાચા આપતા હતાં. તેઓ જરૂરી સુધારાઓ પણ કરતા હતા. સમગ્ર વડોદરા રાજ્યમાં સુંદર અને સ્વચ્છ વહીવટને કારણે પ્રજા સુખ-શાન્તીથી રહેતી હતી. તેમના સમયના દિવાનો વફાદાર હતા. કડી પ્રાન્તના અધિકારી ગોવિંદરાવ હા. દેસાઈ અવાર નવાર શ્રીમંત સયાજીરાવ મહારાજાને મળતા અને પ્રાન્ત ની પ્રગતિ થાય તે માટે સૂચનો કરતા હતા.

સમાજમાં ફેલાવેલા કુરિવાજો ને દુર કરવા માટે શ્રીમંત સયાજીરાવે વિવિધ કાયદાઓ ઘડયા હતા. બાળલગ્નો, વિધવા-વિવાહ, લગ્ન, દૂધપીતીની ચાલ, ઐહિક લગ્ન વગેરે મહત્વના કાયદાઓ પસાર કરી ગુજરાત ના સમાજનો સુધારવાનો પ્રયત્ન કર્યો હતો.

સમાજમાં સ્ત્રીઓ પુરુષ સમોવડી બને તે હેતુથી કન્યા કેળવણી દાખલ કરી મોટી ઉંમરની સ્ત્રીઓ માટે ઝનાના વર્ગો શરૂ કર્યા. બીજા અન્ય દેશી રાજ્યોમાં આવી સગવડ જોવા મળતી નથી. આ ઝનાના વર્ગોમાં વ્યવસાયિક શિક્ષણ જેવુ કે, સિવણકામ, રાંધણકામ, એમ્બ્રોડરી વગેરે શીખવવામાં આવતું હતું. નીચલી કોમ અને પછાત વર્ગોને શિક્ષણ મળે તે માટે અત્યંજ શાળાઓ અને વસતીગૃહો (બોર્ડિંગ) શરૂ કરવામાં આવ્યાં

હતા. સમગ્ર વડોદરા રાજયમાં પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત બનાવવામાં આવ્યું હતું. વાંચનની ભૂખ ને સંતોષવા સમગ્ર વડોદરા રાજયમાં પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યાં હતાં. સ્ત્રીઓ અને બાળકો વાંચન પ્રવૃતિમાં રસ દાખવે તે માટે અલગ પુસ્તકાલયો શરૂ કર્યા. આમ, સયાજીરાવે સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું.

ગુજરાત ના સોલંકી યુગે જુદાં જુદાં ક્ષેત્રોમાં અદ્વિતીય સિધ્ધિઓ હાંસલ કરીને 'સુવર્ણ યુગ' નું સર્જન કર્યું હતું. તેમ સયાજીરાવ ના સમયમાં ગુજરાતે પણ જુદા જુદા ક્ષેત્રોમાં સિધ્ધિઓ હાંસલ કરી હતી તેથી તેમના સમયગાળાને (ઈ.સ. ૧૮૭૫ થી ૧૯૪૯ સુધી) 'સુવર્ણયુગ' કહીએ તો તેમાં કાંઈ ખોટું નથી.

## પરિશિષ્ટ - ૧



રાજમહેલ, વડોદરા



મહારાણી ચિમનાબાઇ બીજા



દિવાન-ટી.માધવરાવ

# પરિશિષ્ટ - ૨

## વડોદરા રાજયના રાજયકર્તાઓ

| અ.નં. | રાજયકર્તા | શાસનકાલ |
|---|---|---|
| ૧. | પિલાજીરાવ ગાયકવાડ | ઈ.સ.૧૭૨૧ થી ૧૭૩૨ |
| ૨. | દામાજીરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૭૩૨ થી ૧૭૬૮ |
| ૩. | ગોવિંદરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૭૬૮ થી ૧૭૭૧ |
| ૪. | સયાજીરાવ પહેલો | ઈ.સ. ૧૭૭૧ થી ૧૭૭૮ |
| ૫. | ફતેસિંહરાવ (પહેલો) ગાયકવાાડ | ઈ.સ. ૧૭૭૮ થી ૧૭૮૯ |
| ૬. | માનાજીરાવ ગાયકવાડ (રાજયપાલક) | ઈ.સ. ૧૭૮૯ થી ૧૭૯૩ |
| ૭. | ગોવિંદરાવ ગાયકવાડ (પુનઃ સ્થાપિત) | ઈ.સ. ૧૭૯૩ થી ૧૮૦૦ |
| ૮. | આનંદરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૧૯ |
| ૯. | સયાજીરાવ બીજા ગાયકવાડ | ઈ.સ. ૧૮૧૯ થી ૧૮૪૭ |
| ૧૦. | ગણપતરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૮૪૭ થી ૧૮૫૬ |
| ૧૧. | ખંડેરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૮૫૬ થી ૧૮૭૦ |
| ૧૨. | મલ્હારરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૮૭૦ થી ૧૮૭૫ |
| ૧૩. | સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ | ઈ.સ. ૧૮૭૫ થી ૧૯૩૯ |
| ૧૪. | પ્રતાપસિંહરાવ ગાયકવાડ | ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૭ |

# પરિશિષ્ટ - ૩

## મહારાજા સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ સમયનાં દિવાનો

૧. દાદાભાઈ નવરોજી
તા. ૪-૮-૧૮૭૪ થી તા. ૭-૧-૧૮૭૫.

૨. રાજા સર ટી. માધવરાવ :- (કે.સી.એસ.આઈ.)
તા. ૧૦-૫-૧૮૭૫ થી ૨૮-૯-૧૮૮૨.

૩. ખાન બહાદુર કાઝી શાહબુદીન :- (સી.આઈ.ઈ.)
તા. ૨૯-૯-૧૮૮૨ થી ૩૧-૭-૧૮૮૬.

૪. દીવાન બહાદુર લક્ષ્મણ જગન્નાથ વૈધ :-
તા. ૧-૮-૧૮૮૬ થી ૩૦-૫-૧૮૯૦

૫. દીવાન બહાદુર મણીભાઈ જસભાઈ :-
તા. ૩૧-૫-૧૮૯૦ થી ૨૧-૧૧-૧૮૯૫

૬. દીવાન બહાદુર એસ.શ્રીનીવાસ રાઘવ આયંકર :- (સી.આઈ.ઈ.)
તા. ૧૫-૭-૧૮૯૬ થી ૨-૧૦-૧૯૦૧

૭. દીવાન બહાદુર આર.વી.ધામણાસકર :- ધામણાસકર
તા. ૩-૧૦-૧૯૦૧ થી ૩૦-૬-૧૯૦૪

૮. કેરસાસ્પજી રુસ્તમજી દાદાયાનજી :-
તા. ૧-૭-૧૯૦૪ થી ૨૮-૨-૧૯૦૯

૯. રમેશચંદ્ર દત્ત ( સી.આઈ.ઈ.આઈ.સી.એસ ) :-
તા. ૧-૬-૧૯૦૯ થી ૩૦-૧૧-૧૯૦૯

૧૦. સી.એન.સીડન (આઈ.સી.એસ) :-
તા. ૧-૧૨-૧૯૦૯ થી ૩-૧-૧૯૧૨ સુધી

૧૧. બી.એલ.ગુપ્તા :- (સી.આઈ.ઈ.આઈ.સી.એસ.)
તા.૪-૧-૧૯૧૨ થી ૧૬-૩-૧૯૧૪

૧૨. બી.પી.માધવરાવ (સી.આઈ.ઈ) :-

તા. ૧૭-૩-૧૯૧૪ થી ૭-૫-૧૯૧૬

૧૩. સર.મનુભાઈ નંદશંકર મહેતા (કે.સી.એસ.આઈ,એમ.એ, એલ એલ. બી.)

તા. ૯-૧-૫-૧૯૧૬ થી ૩૧-૧૨-૧૯૨૬,

૧૪. રા.બા.બી.ટી.કૃષ્ણામાચાર્ય (બી.એ.એલ.એલ.બી., કે.સી.આઈ.ઈ.)

તા. ૧૮-૨-૧૯૨૭ થી ચાલુ

# પરિશિષ્ટ - ૪

## મહારાજા સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડના સમયના કાયદાઓ (નિબંધો)

### બાળલગ્ન પ્રતિબંધક નિબંધ

**ઉદ્દેશ**

*શારીરિક કેળવણી તરફ લોકોનું લક્ષ વધારે ખેંચાય અને તેથી ભવિષ્યની પ્રજાની સશક્તતા અને આયુષ્ય મર્યાદા વધે તે હેતુથી બાળલગ્નને પ્રતિબંધમાં રાખવાનું ઈષ્ટ જણાયાથી શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ સેના ખાસખેલ સમશેર બહાદૂર એમણે નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.*

*૧. આ નિબંધને 'બાળલગ્ન પ્રતિબંધક નિબંધ' કહેવો.*

**સંજ્ઞા**

*૨. આ નિબંધ મિતિ આષાઢ સુદ ૯ સવંત ૧૯૬૦ એટલે તારીખ ૨૧ માહે જુલાઈ સન ૧૯૦૪ના રોજ અમલમાં આવશે.*

**શરૂઆત**

**૩. વ્યાખ્યા :-**

*નિબંધના કારણ સારું નીચે લખેલા શબ્દોનો નીચે મુજબ અર્થ સમજવો :-*

*'અજ્ઞાત' એટલે, :-*

*(અ) છોકરી હોય તો તેની ઉમ્મરનાં, બાર વર્ષ પૂરા ન થયા હોય એવી,*

*(બ) છોકરો હોય તો તેની ઉંમર નો સોળ વર્ષ પૂરા ન થયાં હોય એવો.*

*(૨) 'બાળલગ્ન' એટલે અજ્ઞાન વધૂનું અથવા અજ્ઞાન વરનું અથવા અજ્ઞાન વધૂવરનું લગ્ન.*

**ખુલાસો**

*'લગ્ન' શબ્દમાં બાયવર, ફુલના દડી સાથે લગ્ન, અગર એવા જ માત્ર નામને ખાતર કરેલા બીજા સાજ્ઞિક લગ્નનો સમાવેશ થતો નથી.*

*(૩) "ન્યાયાધીશ" એટલે મહાલ ન્યાયાધીશ અગર જૈન વખતો વખત અધિકાર આપવામાં આવે તે,*

બાળ લગ્ન કરવાની પરવાનગી મળવાની અરજી કીના તરફ કરવી.

(૪) 'વહિવટદાર' એ શબ્દમાં "મહાલકારી" નો પણ સમાવેશ થાય છે એમ સમજવું.

૪. જે કોઈ માણસને પોતાની અજ્ઞાન કન્યા અથવા પુત્રનું અથવા જે અજ્ઞાન છોકરી અથવા છોકરાનો તે પાલક હોય તે છોકરી અથવા  છોકરાનુ લગ્ન કરવું હોય તેણે જે તાલુકામાં તે રહેતો હોય, અથવા સદર લગ્ન જે તાલુકામાં કરવાનો તેનો ઉદેશ હોય, તે તાલુકાના ન્યાયાધીશ તરફ એવુ લગ્ન કરવાની પરવાનગી મળવા સારુ લેખી અરજી કરવી.

**ખુલાસો**

વધૂ અથવા વર બંન્ને અજ્ઞાન હોય તેવે પ્રસંગે પક્ષકારો સંયુકત અરજી કરે તો હરકત નથી.

અરજી કેટલી લાગતના કાગળ ઉપર કરવી જોઈએ .

૫. કલમ ૪ માં કહેલી પરવાનગી મલવા સારુ અરજી કરવાની તે બે રૂપિયાના  ન્યાયાધિશીની લાગતના કાગળ ઉપર કરવી.

૬. કલમ ૪ પ્રમાણે કરવાની અરજીમાં નીચે લખાવ્યા પ્રમાણે અરજીમાં તપશીલ હોવી જોઈએ.:-

**અરજીમાં હોવાની તપસીલ.**

(ક) મુકરર કરેલા વધૂવરોના નામ, ઉમ્મર તથા જ્ઞાત,

(ખ) વધૂ વરોના બાપના નામ, અગર બાપ ન હોય તો, બીજા પાલકના નામ.

(ગ) મુકરર કર્યા પ્રમાણે લગ્ન ન થાય તો આવનારી અડચણો નુ ખુલાસાવાર નિરુપણ.

(ઘ) મુકરર કર્યા પ્રમાણે લગ્ન ન થાય તો આવનારી અડચણો નુ ખુલાસાવાર નિરુપણ.

૭. કલમ ૪ પ્રમાણે અરજી આવ્યા પછી ન્યાયાધીશે નીચે પ્રમાણે તુરત જ અરજી કરવી :-

**અરજી આવ્યા પછી કરવાની તજવીજ**

(ક) અરજીની સુનાવણીની તારીખ ૧૪ દિવસની અંદરની નિમવી.

(ખ) અરજદારની જ્ઞાતના ત્રણ સદગૃહસ્થો એસેસર નીમવા, તથા

(ગ) નીમેલી તારીખે ન્યાયાધિશીના હાજર થવા તેમને આહવાન કરવું.

એમની ખાત્રી થાય કે સદર લગ્ન મુકરર કરેલી મિતિએ થશે નહી તો.

૮.

**અરજીની ચોકસી** (૧) સુનાવણીની તારીખે સદર અરજીની ચોકસી ન્યાયાધીશ એમણે હાજર હોય તે અસેસરોની મદદથી કરવી, તથા રાજુ હોય તે અરજીદા નો પુરાવો લઈ ચોકશી નું કામ તે જ દિવસે પૂરુ કરી નિકાલ કરવો.

(૨) ન્યાયાધીશ તથા હાજર હોય તે સર્વ અંસેસરો, અગર તેમાંના બે અંસેસરો

(ક) તે બન્ને વધૂવરો નુ અગર તેમાંના કોઈ એકનુ અજ્ઞાન થયેલી એક વર્ષની અંદર અગર સમુલગુ લગ્ન થવાનો સંભવ નથી, કિંવા

(ખ) પરણાવનાર માબાપ કે વાલી વયોવૃધ્ધતાથી અથવા રોગગ્રસ્ત હોવાથી જે છોકરીને તે પરણાવનારા હોય તેની મહાન સ્થિતિ પુરી થતાં સુધી તે જીવતો રહેવાનો સંભવ ન હોય અને તે છોકરીનો તેના વગર બીજો લાયક ઈસમ પાલન કરવા સરખો નહીં હોય, અથવા

(ગ) એવાજ પ્રકારની બીજી અનિવાર્ય અડચણો ઉત્પન્ન થતી હોય, તો ન્યાયાધીશ એમને લગ્નને અહી સિક્કાવાવી લેખી પરવાનગી આ નિબંધ ને જોડેલા પરિશિષ્ટ અંક-૧ ના નમૂના પ્રમાણે આપવી.

**ખુલાસો**

કલમ (ખ) અને (ગ).ના કારણો પરથી જે પરવાનગી આપવાની તે છોકરીની ઉમ્મર નવ વર્ષથી વધારે હોય તો ન આપવી.

૩. પરંતુ એમ ઠરાવવામાં આવે છે કે આ નિબંધ અમલમાં આવ્યા પહેલાં જે કન્યાનો વિવાહ થયો હશે, યે અન્વયે બાળલગ્ન કરવા આ નિબંધ અમલમાં આવ્યા પછી. ત્રણ મહિનાની અંદર પરવાનગી માગવામાં આવે તો, સદર વિવાહ આ નિબંધ અમલમાં આવ્યા પહેલાં થયો છે. એટલીક ફકત ખાત્રી કરી ન્યાયાધીશે પરવાનગી આપવી.

૯. આ નિબંધ મુજબ જે ચોકસી ચલાવવામાં આવે અગર તપાસ કરવામાં આવે

**વર અને શારીરિક** તેમાં વર અગર વધૂ ને શારીરિક તપાસ માટે

| | |
|---|---|
| તપાસની ફરજ પાડવી નહી. | અને વધૂને બીજી કોઈ પણ તપાસ માટે હાજર રાખવાની કે રહેવાની ફરજ પાડવી નહી. |

૧૦. (૧) ન્યાયાધીશ તથા હાજર હોય તે એસેસરો માં બધાનો અગર બેનો

| | |
|---|---|
| ન્યાયાધીશ તથા એસેસર એમનો મતભેદ થએ કરવાની તજવીજ | મતભેદ થાય તો તેમણે પોતાનાનો અભિપ્રાય તે કામમાં કારણોસર નાબુદ કરી તે કામ હુકમતવાલા પ્રાંત ન્યાયાધીશ એમના તરફ ન્યાયાધીશ એમણે મોકલવું. |

(૨) સદરહું કામ પ્રાંત ન્યાયાધીશ તરફ દાખલ થવાથી આઠ દિવસ ની અંદર તે કામનો તેમણે નિકાલ કરવો તેમનો અભિપ્રાય પરવાનગી આપવાનો થાય તો તેમણે કલમ - ૮ માં કહયા પ્રમાણે પોતાની સહી સિક્કાવાલી લેખી પરવાનગી આપવી.

૧૧. કલમ ૮ તથા કલમ ૧૦ પ્રમાણે પરવાનગી આપવામાં આવ્યા પછી તેની

| | |
|---|---|
| પરવાનગી નકલ સુબા તરફ મોકલવી. | એક નકલ પરવાનગી આપ્યાથી આઠ દિવસની અંદર હુકમતવાલા પ્રાતના સુબા તરફ પરવાનગી ન્યાયાધીશે અગર પ્રાત ન્યાયાધિશે મોકલવી. |

૧૨. જો કોઈ માણસ કલમ ૮ અગર ૧૦ પ્રમાણે જે બાળ લગ્નને પરવાનગી

| | |
|---|---|
| શિક્ષા : | મળેલી નથી, ગેળુ બાળલગ્ન કરશે અથવા એવા બાળલગ્નને જાણી બુઝીને ગાયકવાડ સરકારના ફોજદારી નિબંધમાં 'મદદગારી કરવી' એ શબ્દોની વ્યાખ્યા આપી છે. તે પ્રમાણે મદદગારી કરશે, તે દરેકને સો રૂપિયાથી વધારે નહીં એટલી દંડની શિક્ષા કરવામાં આવશે. |

અપવાદ :

(૧) વધૂ તથા

(૨) વર પોતે પોતે જ થઈ ને લગ્ન કરનાર ન હોય તો તે.

આ શખ્શોઆ કલમ અન્વયે શિક્ષાને પાત્ર નથી એમ સમજવું

૧૩. લગ્નની તારીખથી બે વર્ષ પછી કોઈપણ ન્યાયાધીશે આ નિબંધ માં કહેલા કોઈપણ

ગુન્હાની ચોકસીની મુદત ગુન્હાની ચોકસીની શરૂઆત કરવી નહી.

૧૪. (૧) આ રાજયના દરેક શહેરમાં, કસ્બામાં તથા ગામમાં થયેલા લગ્નની નોંધ

કરવા માટે આ નિબંધને જોડેલા પરિશિષ્ટ અંક ૨ ના નમૂના પ્રમાણે નીચે

| | |
|---|---|
| લગ્નની નોંધ અથવા તે સબંધ ખબર | એક નોંધવહી રાખવી. અને તેમા કલમ ૧૫ મુજબ જે માહિતી મલે તે પ્રમાણે લગ્નની નોંધ કરવી, તથા તે ખોટા છે એમ લાગે તો તેવો શેરો નોંધવહીના શેરાના આસનમાં કરવો. |

(ક) વડોદરા શહેરમાં દરેક જિલ્હાના સુધરાઈ ઈન્સ્પેકટરે,

(ખ) જે કસબામાં સુધરાઈ સ્થાપન થઈ હોય ત્યાં સુધરાઈ કામદારે,

(ગ) જે કસ્બામાં સુધરાઈ સ્થાપના થયેલી ન હોય તે કસ્બામાં તથા ગામમાં મુલકી પટેલે,

(ઘ) ઈનામી અગર પરભાર્યા વહીવટના ગામમાં જે તે ગામના મુખીએ અને મુખી ન હોય તો ઈનામદારે અગર વહીવટ કરનારે.

(૨) પેટાકલમ (૧) પ્રમાણે રાખેલી નોંધ જે મહિનાની હોય તે પછીના મહિનાની ૧૦મી તારીખથી સદર સદરહુ નોંધની નકલ સદરહુ અમલદારો એ પોતાના તાલુકાના વહિવટદાર મારફત જે તે પ્રાતના સુબા તરફ મોકલવી. તેમજ સદરહુ નમુદ કરેલાં લગ્નોમાંથી જે લગ્ન આ નિબંધ ના ઠરાવ વિરુધ્ધ થયા હોય તે લગ્નની નોંધની નકલ તાબડતોડ હુકમતવાલા ન્યાયાધીશ તરફ મોકલવી.

(૩) પેટાકલમ (૨) પ્રમાણે આવેલી નકલ ઉપરથી સુબાએ આ સાથે જોડેલા પરિશિષ્ટ અંક ૩ ના નમૂના પ્રમાણે એક પત્રક તૈયાર કરી સાલ આખર બે માસની અંદર સરસુબા તરફ મોકલવું.

(૪) બીજા હુકમને અભાવે પેટાકલમ (૨) પ્રમાણે જે ન્યાયાધીશ તરફ લગ્નની નોંધની નકલ આવી હોય તેણે તે ઉપરથી આ નિબંધની કલમ ૧૨ પ્રમાણે બનેલા ગુન્હાની ફરિયાદ પોતાના તરફ આવી એને સમજી ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધ પ્રમાણે સદરહુ ગુન્હાની ચોકસીનું પછીનું સઘળુ કામ સંક્ષિપ્ત રીતે ચલાવવું પરંતુ ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધની કલમ ૫૬ મુજબ પોલીસ તરફથી સદરહુ ગુન્હાનો તપાસ કરાવવો નહી.

(૫) પેટાકલમ (૪) પ્રમાણે ચોકસી કર્યા પછી શિક્ષાનો ઠરાવ કરવામાં આવે તો તેનો દાખલો આ સોબત જોડેલા પરિશિષ્ટ અંક ૪ ના નમૂના પ્રમાણે હકુમતવાલા સુબા તરફ ઠરાવની તારીખથી આઠ દિવસની અંદર ન્યાયાધીશ મોકલવો.

**લગ્ન નોંધવા બાબત.**

૧૫. આ રાજયના કોઈપણ ભાગમાં જે લગ્ન થશે તે થયા પછી આઠ દિવસની અંદર વધૂના બાપે અગર પાલકે ત્યાંના લગ્નની નોંધ રાખનાર અમલદાર તરફ તે લગ્ન થયા બાબતની ખબર આપવી. તથા તેમ કર્યા બાબત આ સાથે જોડેલા પરિશિષ્ટ અંક ૫ ના નમૂના પ્રમાણે જો તેના તરફથી દાખલો લેવો.

**લગ્ન નહી નોંધવા બાબત શિક્ષા.**

૧૬. ઉપરથી છેલ્લી કલમ પ્રમાણે વધૂનો બાપ અગર પાલક નોંધ રાખનાર અમલદારને લગ્ન થયાની ખબર આપશે નહી અગર તેણે પૂછી છતાં જોઈતી હકીકત જણાવશે નહી, અથવા જાણીબુજીને ખોટી હકીકત લખાવશે તથા તે અમલદાર ની ફરિયાદ ઉપરથી તેનુ કૃત્ય તેણે કર્યાનુ હકુમતવાલા માહક ફોજદારી ન્યાયાધીશ આગળ સાબીત કરવામાં આવશે તો તેને દસ રૂપિયા સુધી દંડની શિક્ષા કરવામાં આવશે.

**લગ્નની નોંધ સબંધે જવાબદારી**

૧૭. કલમ ૧૪ માં કહેલી નોંધ બરાબર કરવામાં આવે એવી તજવીજ, યોગ્ય તે ઈલાજો વખતોવખત લઈને રાખવાની સર્વજવાબદારી મહાલના વહીવટદાર ઉપર રહેશે.

**બાળ લગ્ન રદ થતુ નથી.**

૧૮. આ નિબંધમાં શિક્ષા ઠરાવવામાં આવી છે. એટલા જ થયેલુ કારણથી કોઈપણ થયેલ બાળલગ્ન રદ થાય છે એમ સમજવું નહીં.

## પરિશિષ્ટ - ૧
## લગ્નની પરવાનગીનો નમુનો
(જુઓ કલમ -૮)

**શ્રી**

*શ્રીમંત સરકાર ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદૂર*

*વિદ્યમાન .................................. ન્યાયાધિશી.*

અરજદાર, રહેનાર

*એમણે (અહીંયા વધૂ તથા વર ના નામ લખવા) નું બાળ લગ્ન કરવા પરવાનગી મળવા માટે અરજી કરી. તે અરજીની ચોકસી કરતાં તેને પરવાનગી આપવાને સબળ કારણો જણાઈ આવ્યાં તે નીચે પ્રમાણે :-*

<u>કારણો</u>

માટે અરજદારે સદરહું બાળલગ્ન કરવું એવી તેમને પરવાનગી આપવામાં આવે છે.

*તારીખ માહે સન.*

*સહી........................................*

*ન્યાયાધીશ.*

# પરિશિષ્ટ - અંક - ૨
## લગ્નની નોંધવહી
(જુઓ કલમ -૧૪(૧))

| અનુક્રમ નંબર | વધૂ તથા વરનુ નામ, જાત,ધંધો,તથા રહેવાને બાપાનું નામ, અટક, ઠેકાણું | લગ્ન વખતની વધૂ તથા વર ની ઉંમર | | | વધૂ તથા વર એમને પરણવના નામ,ઉંમર જાત, ધંધો,તથા રહેવાનું ઠેકાણું | નોંધ કરાવનાર ઈસમની સહી તથા તારીખ, મહિનો માસ, | નિબંધમાં ઠરાવેલ ઉમંરની પત્તા પછી લગ્ન થયેલુ છે કે નથી | નિબંધમાં ઠરાવેલી ઉમંરની પત્તાની અંદર લગ્ન થયું હોય તો પરવાનગી મોકલી છે કે નહી. | શાસન ૯ માં દર્શાવ્યા પ્રમાણે પરવાનગી મેળવી ન હોય તો બોધ રાખનારે તજવીજ કરીને તથા તારીખ મહિનો,સન. | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધર્મ | મહિના | દિવસ | | | | | | |
| | | | | | | | | | | |

# પરિશિષ્ટ - અંક - ૩

## પ્રાંતના સુબાએ લગ્ન સબંધી મોકલવાનું પત્રક

(જુઓ કલમ -૧૪(૩))

| જે સ્થળે લગ્ન થયુ તે સ્થળનું નામ, મહાલ તથા પ્રાંત | નિબંધ માં ઠરાવેલી ઉંમર ની પત્તા પછી લગ્ન થયા હોય તેની સંખ્યા | નિબંધમાં ઠરાવેલી ઉંમરની પત્યાની અંદર લગ્ન થયા હોય તેવી સંખ્યા | | શેરો |
|---|---|---|---|---|
| | | પરવાનગી મેળવીને | શિક્ષા થઈને | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| | | | | |

# પરિશિષ્ટ - અંક - ૪
## ન્યાયાધિશે મોકલવાનું નિકાલનું પત્રક
(જુઓ કલમ -૧૪(૫))

| અન. | વધૂ તથા વરના નામ, બાપના નામ,અટક, જાતિ ધંધો,તથા રહેવાનું ઠેકાણું | લગ્નના વખતની વધૂ તથા વરની ઉંમર | | | વધૂ તથા એમણે પરણાવનાર નામ, ઉંમર,જાતિ,ધંધો, તથા રહેવાનું ઠેકાણું | નિબંધમાં ઠરાવેલી ઉંમરની પત્તાની ઉંમરલગ્ન થયું છતાં પરવાનગી મેળવેલ ન હોય | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ | મહિના | દિવસ | | ગુનેગારનું નામ | શિક્ષા | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
| | | | | | | | | |

## પરિશિષ્ટ - અંક - ૫

## લગ્ન નોધાવ્યા બાબતનો દાખલો.

(જુઓ કલમ -૧૫ ) આપવાની પત્ર

- પરણાવનારનાં નામ, જાત તથા ધંધો ........................................
- રહેવાનું ઠેકાણું ........................................
- વધૂ તથા વરના નામ તથા ઉંમર ........................................
- લગ્ન થયુ તે સ્થળ ........................................
- લગ્ન થયાની તારીખ , માસ , સન. ........................................
- સદરહુ પ્રમાણે મળેલી માહિતી તારીખ ........................................

ના રોજ નોધવાહીમાં નોંધી દર

તારીખ..................... માહે .....................સન. .........................

સહી ........................................

નોધરાખનારની.

## પરિશિષ્ટ - અંક - ૫

## લગ્ન નોધાવ્યા બાબતનો દાખલો.

(જુઓ કલમ -૧૫ ) સ્થળ પત્ર

- પરણાવનારનાં નામ, જાત તથા ધંધો ..............................................
- રહેવાનું ઠેકાણું ..............................................
- વધૂ તથા વરના નામ તથા ઉંમર ..............................................
- લગ્ન થયુ તે સ્થળ ..............................................
- લગ્ન થયાની તારીખ , માસ , સન. ..............................................
- સદરહુ પ્રમાણે મળેલી માહિતી તારીખ ..............................................

ના રોજ નોધવાહીમાં નોંધી છે.

તારીખ..................... માહે .....................સન. ..........................

સહી ..............................................

નોધરાખનારની.

# હિંદુ વિધવા વિવાહ નિબંધ

**ઉદ્દેશો :**

કેટલાક હિંદુ લોકો વિધવા સ્ત્રીઓનો પુર્નવિવાહ કરવો જો કે રૂઢિ વિરુધ્ધ છે, તો પણ તે વાસ્તવિક શાસ્ત્રાર્થ ને અનુસરીને છે એમ માને છે. પરંતુ બીજા કેટલાક હિંદુ લોકોની સમજ એવી છે કે પુનઃવિવાહ કરવો શાસ્ત્રથી નિષિધ્ધ છે અને તેનાથી થનારી સંતતિ ગેરકાયદેસર હોવાથી વારસાઈના હક્કને પાત્ર નથી. આ સમજ ને લીધે, પુનઃવિવાહ સશાસ્ત્ર માનીને કરવાની જેમની ઈચ્છા હોય છે. તેમને અડચણો આવે છે. એવા વિવાહને કાયદા સબંધે જે હરકતો આવતી હશે તે સર્વ દૂર કરવી યોગ્ય છે ને એ હરકતો દૂર કર્યાથી લોકોની નીતિમાં સુધારો થઈ સાર્વજનિક સુખની વૃધ્ધિ થશે એમ જાણી શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ, સેના ખાસખેલ સમશેર બહાદૂર, એમણે નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

### ભાગ - ૧લો
### પ્રારંભના નિયમ

૧. આ નિબંધ ને "હિંદુ વિધવા વિવાહ નિબંધ" કહેવો

**સંજ્ઞા**

**શરૂઆત** ૨. (૧) આ નિબંધ ના દ્દઠ્ઠા ભાગ સિવાયનો બીજો બધો નિબંધ શ્રાવણ શરૂઆત વદી ૩૦ સંવત ૧૯૫૮ સાલે તારીખ ૧૨ મેહ સપ્ટેમ્બર સન ૧૯૦૧ ના રોજ અમલમાં આવશે.

(૨) પરંતુ એમ ઠરાવવામાં આવે છે કે, જે જ્ઞાતિઓમાં અથવા જ્ઞાતિઓના પેટાવર્ગમાં પુનઃવિવાહનો રિવાજ હાલ ચાલુ છે તે જ્ઞાતિઓમાં અથવા તેમના પેટાવર્ગમાં

(અ) પુનવિવાહ કરવાની જે પધ્ધતિ હશે, અથવા

(આ) હરએક પ્રકારના પુનવિવાહ સબંધના અથવા પુનવિવાહ પછી પ્રાપ્ત થનારા કિંવા કાયમ રેહેનારા વિધવા સ્ત્રીના હક્ક પ્રચારમાં હશે.

તે પધ્ધતિ અથવા હક્કને આ નિબંધના કોઈપણ ઠરાવથી બાધ કિંવા કમીપણું આવશે નહીં.

(૩) આ નિબંધ નો ૬ઠ્ઠો ભાગ શ્રીમંત સરકાર હવે પછી ફરમાવે તે તારીખથી અમલમાં આવશે.

## ભાગ - ૨ જો

### પુનઃવિવાહ તથા તેથી થયેલી સંતતિ કાયદેસર ઠરાવવા વિશે.

**પુનઃવિવાહ અથવા વાગ્દાન પછી અને વિવાહ થયા અગાઉ વર મૈયત થયો હોય તેવી સ્ત્રીનો વિવાહ કાયદેસર છે.**

૩. કોઈપણ હિંદુ વિધવા સ્ત્રી અને પુરુષ એમના વચ્ચે થયેલો પુનઃર્વિવાહ અથવા વાગ્દાન પછી અને વિવાહ થયા પહેલાં વર મરી ગયેલો હોય એવી કોઈપણ હિંદુ સ્ત્રી પુરુષ એમના વચ્ચે થયેલો વિવાહ, તે સ્ત્રી પુરુષને લાગૂ હોવનાર

(અ) શાસ્ત્રાર્થ પ્રમાણે, અથવા

(આ) રિવાજ પ્રમાણે

તે પુનર્વિવાહ અથવા વિવાહ કરવો કાયદેસર થયા એવા સબંધથી ગેરકાયદેસર થશે નહીં તેમજ આવો પુનર્વિવાહથી અથવા વિવાહથી થયેલી સંતતિ ગેરકાયદેસર થશે નહીં.

૪. એકાદી સ્ત્રી કુમારી એટલે સાવિવાહીત છતાં તેનુ લગ્ન થતી વખતે જે

| | |
|---|---|
| **પુનર્વિવાહ કરવાની** | (અ) શબ્દોચાર |
| **રીત** | (આ) વિધિ, અથવા |
| | (ઈ) કરાર, |

કરવાથી કાયદેસર લગ્ન થાય તે શબ્દોચ્ચાર, વિવિધ અથવા કરાર વિધવા સ્ત્રીનો પુનર્વિવાહ થતી વખતે કર્યા હોય તો એ તે પુનર્વિવાહ આ કાયદાના ઈતર ઠરાવોને અનુસરો ને કાયદેસર થાય છે. એમ સમજવુ અને સેવા શબ્દ અથવા વિધિ અથવા કરાર વિધવા સ્ત્રીના પુનર્વિવાહ ને લાગૂ નથી એવી તકરાર કર્યાથી તે માન્ય કરવામાં આવશે નહીં.

૬. ઉપરની કલમમાં કહયા પ્રમાણે સંમતિ મેળવ્યા વગર થયેલી પુનર્વિવાહ ન્યાયાધિશી તરફથી રદ ઠરાવવાને પાત્ર છે.

## અપવાદ

સંમતિ વગર થયેલો પુનર્વિવાહ તે સ્ત્રીને પુનર્વિવાહ પછી પતિસંભોગ થયો હોય ત્યારે રદ ઠરાવવાને પાત્ર નથી.

૭. (અ) જેની ઉંમરનાં સોળ વર્ષ પૂરાં થયા હોય અગર

(આ) જેને પતિસંભોગ થયો હોય.

| | |
|---|---|
| **સંમતિની** | એવી વિધવા સ્ત્રી કાયદેસર પુનર્વિવાહ કરવાને મુખત્યાર છે. |
| **કયારે** | તેના પુનર્વિવાહ ને બીજા કોઈની પણ સંમતિની જરૂર નથી. |
| **જરૂર નથી.** | |

## ભાગ - ૩ જો

## પુનર્વિવાહ સંબંધે પ્રતિબંધ

૫. (અ) જેની ઉમરના સોળ વર્ષ પૂરાં થયાં ન છતાં

(આ) જેને પતિસંભોગ થયો ન હોય.

**પુનર્વિવાહને સંમતિ કયારે જોઈએ.** એવી કોઈપણ વિધવાએ અગર વિધવા સાથે અનુક્રમે નીચે દર્શાવેલા શખ્સોની સંમતિ વગર પુનર્વિવાહ કરવો નહી :-

(૧) બાપ,

(૨) બાપ જીવતો ન હોય તો દાદો (બાપનો બાપ)

(૩) દાદો જીવતો ન હોય તો માં,

(૪) મા જીવતી ન હોય તો સજ્ઞાન મોટો ભાઈ.

(૫) એવો ભાઈ ન હોય તો જેની પાસે તે વિધવા સ્ત્રી રહેતી હોય તો સજ્ઞાન અગો પુરુષ, અથવા

(૬) એવા કોઈ સગો ન હોય તો વખતોવખત સરકારશ્રી અધિકાર આપવામાં આવે તો ઈસમ.

## ખુલાસો

**આ કલમમાં અજ્ઞાત શબ્દનો અર્થ** અજ્ઞાત એટલે જેની ઉંમરના ૨૧ વર્ષ પૂરાં થયાં હોય તે, એમ સમજવું,

## ભાગ - ૪ થો
## વારસાઈ ના તથા ઈતર હક્ક વિષે

૮. (અ) જે સ્ત્રીનો પુનર્વિવાહ થયો હશે તથા

**પુનર્વિવાહ ને લીધે હક્કને બાધન આવતો** (આ) તે પુનર્વિવાહ આ કાયદામાં દર્શાવેલા અગર ઈતર કોઈપણ કારણથી રદ ઠરાવ્યો ન હોય ત્યારે તે સ્ત્રીને જે વારસાઈના તથા ઈતર હક્ક હોય તે હક્કને તે પુનર્વિવાહથી બાધ આવે છે. એમ સમજવું નહી અને તે સ્ત્રીનું તે પહેલુંજ કાયદેસર

લગ્ન હોય તો તે હક્ક જેવી રીતે કાયમ રહી શકયા હોય તેજ પ્રમાણે કાયમ રહેશે.

અપવાદ :- (૧) પુનર્વિવાહ થયેલો હોય એવી વિધવા સ્ત્રી જાણે કે તે મૈયત થઈ છે એ પ્રમાણે તેનો

(ક) પોતાના પહેલા ધણીની મિલક્તમાંથી અથવા તેના સગાં તરફથી ભરણ-પોષણ મળવાનો, તથા

(ખ) પહેલો ધણીની અથવા તેના પુત્રની, પુત્રીની અથવા બીજા સગાની મિલક્ત ઉપર વારસાના અથવા મૃત્યુપત્ર ઉપરથી હાલ પ્રાપ્ત થયેલો અથવા આગળ ઉપર પ્રાપ્ત થનારો તથા

(ગ) -અ. મૈયત ધણીના અવિભક્ત કુટુંબમાં સહભાગી તરીકેના તથા આ. તે કુટુંબની અવિભક્ત મિલકતમાંથી અગર તેના મૈયત ધણીની સ્વાર્જિત મિલકતમાંથી વહેંચણી કરવાનો હક્ક નષ્ટ થાય છે. પરંતુ પુનર્વિવાહ કરવા વિશે સ્પષ્ટ પરવાનગી આપીને અથવા પુનઃર્વિવાહ કર્યાની ખબર હોવા છતાં પણ કોઈપણ મૃત્યુપત્ર ઉપરથી એકાદી મિલક્ત તે સ્ત્રીને આપી હોય તો તે મિલક્ત ઉપરના તેના હક્કને બાધ આવે છે એમ સમજવું નહીં.

(૨) ૧. મૈયત ધણીના કુટુંબની છેવટની હયાત સહભાગી તરીકે પ્રાપ્ત થયેલી અગર

૨. વહેંચણી કરાવીને મેળવેલી મિલક્ત ઉપરનું તેવી સ્ત્રીનું સ્વામિત્વ નષ્ટ થાય છે. અને તે મિલક્ત તેના મૈયત ધણીના વારસોને ઉતરે છે.

## ખુલાસો

| | |
|---|---|
| પોષણ શબ્દનો અર્થ | આગલના ધણી પાસેથી અથવા તેના સગા પાસેથી મળેલા સ્ત્રીધનનો અથવા પલ્લાનો અવેજ તે ધણીની હયાતીમાં તે સ્ત્રીના કબજામાં આવી ચૂકયો ન હોય એવા અવેજ નો પણ ઉપરના 'પોષણ' શબ્દ માં સમાવેશ થાય છે એમ સમજવું. |

| | |
|---|---|
| પાલન કરવાનો હક્ક નષ્ટ થો. | ૯. જે વિધવા સ્ત્રીએ પુનર્વિવાહ કર્યો હોય, તેનો પોતાના પહેલાના ધણીથી થયેલા છોકરાઓનુ, તેમની માના નાતાથી પાલન કરવાનો હક્ક નષ્ટ થાય છે. એમ સમજવું અને ધણીએ મૃત્યુ પત્ર કરાવીને તેને પાલન કરનાર નીમી હોય તો પણ યોગ્ય ન્યાયાધિસીએ તેને પાલન કરનાર.<br><br>(અ) નિમ્યા વગર, અગર<br>(આ) મંજૂર કર્યા વગર<br>તેને પાલન કરવાનો હક્ક પ્રાપ્ત થયો નહીં. |
| પુનઃ વિવાહ ને લીધે જ્ઞાત બહાર મૂકવાથી હક્કને બાધ ન આવવો | ૧૦. (અ) જે વિધવા સ્ત્રીનો તથા પુરુષનો પુનર્વિવાહ થયો હોય, અને (આ)તે પુનર્વિવાહ આ કાયદામાં દર્શાવેલા અથવા ઈતર કોઈપણ કારણો થી રદ ઠરાવેલો ન હોય, તે સ્ત્રી પુરુષ ને કિંવા તેમની સંતતીને અગર સગાં ને અથવા ઈતર લોકોને<br>(ક) એવો પુન વિવાહ કર્યા ને લીધે, અથવા<br>(ખ) તે કચવામાં સહાય કર્યા ને લીધે, અથવા<br>(ગ) તેમની સાથે બીજા કોઈપણ પ્રકારે સંબંધ હોવાને લીધે જ્ઞાત બહાર મૂકવામાં આવે તો તેટલાજ કારણથી તેમના વારસાઈ સંબંધીના હક્કેને કોઈપણ રીતે બાધ આવે છે. અથવા મિલકત ઉપરનો અગર ઈતર હક્ક નષ્ટ થાય છે એમ સમજવું નહીં. |

## શિક્ષા તથા કામ ચલાવવાની રીત

| | |
|---|---|
| ૧૧. પાંચમી કલમના ઠરાવ વિરુધ્ધ પુન વિવાહ કરે તો શિક્ષા | (ક) પાંચમી કલમમાં કહયા પ્રમાણે યોગ્ય સખસની સંમતિ વગર<br>(અ) સોલ વર્ષ થી ઓછી ઉંમરની તથા<br>(આ) પતિ સંભોગ થયો નથી.<br>એવી વિધવા સાથે જે ઈસમ પુનર્વિવાહ કરશે તે, તથા |
| | (ખ) તેના કૃત્ય ને જાણી જોઈને સહાય કરનારા સર્વ ઈસમો, એઓ બે માંથી ગમે તે પ્રકારની એક વર્ષ સુધીની કેદની શિક્ષાને અથવા દંડ ને અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે. |
| ગુન્હા બદલ ચોકસી કયારે તથા કોની આગળ ચલાવવી. | ૧૨. ઉપરની કલમમાં કહેલા ગુન્હા બદલનું કામ જે સખસની સંમતિ લેવી જોઈતી હતી. તેની ફરિયાદ વગર ચલાવવું નહી, અને સદર ગુન્હાની ચોકસી જેને વખતો વખત અધિકાર આપવામાં આવશે તે ફોજદારી જેને વખતો વખત અધિકાર આપવામાં આવશે તે ફોજદારી ન્યાયાધીશે કરવી. |
| | ૧૩. (અ) અગયારમી કલમમાં કહેલા ગુન્હાના કામમા, તથા |
| સંમતિ હતી એવુ અનુમાન કરવું જોઈએ. | (આ) સંમતિ વગર થયેલો પુનર્વિવાહ રદ કરવા બાબતના દાવામાં સાબિત કરવામાં આવે ત્યારે સુધી કાયદેસર સંમતિ હતી એમ માનવું જોઈએ. |
| પુનર્વિવાહ રદ કરવા સારુ દાવો કરવાનો અધિકાર | ૧૪. (૧) પાંચમી, કલમની ઠરાવ વિરુધ્ધ કરેલો પુનર્વિવાહ રદ ઠરાવવા સારુ દાવો આપવાનો અધિકાર જે સખસની સંમતિ લેવી જોઈતી હતી તેનેજ માત્ર છે. |

(૨) પરંતુ એવુ ઠરાવવામાં આવે છે કે સદરહુ સખસે આણેલા દાવામાં છેવટ ઠરાવ થતાં પહેલાં કોઈપણ વખતે તે વિધવાની ઉમરનાં સોળ વર્ષ પૂરા થયાં છે એમ ન્યાયાધિશીના જાણવામાં આવે તો તેની સંમતિ વગર દાવાનું કામ આગળ ચલાવવું નહીં.

૧૫. પુનર્વિવાહ રદ ઠરાવવા વિશેનો દાવો જેને વખતો અધિકાર આપવામાં આવશે તે ન્યાયાધીશ આગળ ચાલશે. જે ન્યાયાધિશમાં એ પ્રમાણે દાવો આપવામાં આવશે તે ન્યાયાધીશે પોતાના ઠરાવનો અમલ કરતાં પહેલાં તે કામ ઠરાવ સહ વરિષ્ઠ ન્યાયાધિશી તરફ મોકલવું, અને ન્યાયાધિશી તરફ મોકલવું, અને ન્યાયાધિશીનો હુકમ થશે તે પ્રમાણે અમલ કરવો.

**એવો દાવો કઈ ન્યાયાધીશીમાં કરવો જોઈએ.**

૧૬. (અ) ૧૧ મી કલમ કહેલા ગુન્હાની ફરિયાદ, તથા મુદત વિશે.

(આ) ૧૪મી કલમમાં નિર્દિષ્ઠ કરેલો દાવો આણવો તે વખતોવખત ઠરાવવામાં  આવે તેટલી મુદત ની અંદર પુનર્વિવાહ થવાની તારીખથી આણવો જોઈએ.

ભાગ - ૬ઠ્ઠો

## પુનર્વિવાહ ની નોંધ કરી રાખવા વિષે વિગેરે

પુન વિવાહ નોંધણી કામદારોની નિમર્ણૂકો.

૧૭.આ નિબંધ અન્વયે વિવિક્ષિત સ્થલ સિમા માટે એક અથવા વધારે પુનર્વિવાહ નોંધણી કામદારોની નામથી અગર હુદદાથી,નિમણુક કરવામાં આવશે. જે માટે જે નોંધણી કામદાર નીમવામાં આવશેતે સ્થલસીમા તે નોંધણી કામદાર પ્રાંતનો સમજવો.

નોંધણી કામદારો વિધવા સ્ત્રી તથા પુરુષ એ પૈકી એકે સૂચના આપવી.

૧૮. (૧) આ નિબંધ મુજબ વિવાહ કરવાની ઈચ્છા રાખનાર વિધવા સ્ત્રી તથા પુરુષ આ બન્ને પૈકી એક જેને નોંધણી કામદારના પ્રાંત માં તે વિવાહ થવાનો હોય તેને તે બદલની આ નિબંધમાં જોડેલા ક પરિશિષ્ઠમાં આપેલા નમૂના પ્રમાણે લેવી સૂચના આપવી.

(૨) સદરહુ સૂચના જે નોંધણી કામદારને આપવાની તેના પ્રાતમાં વિવાહ કરનાર વિધવા સ્ત્રી, અને પુરુષ પેકી નિદાન એક પણ સૂચના આપ્યા પહેલાં વખતો વખત ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી રહેલું હોવુ જોઈએ.

સૂચના દાખલ કરીને પુનર્વિવાહ સૂચના વહીમાં નકલ નોંધણી.

૧૯. (૧) કલમ ૧૮ માં નિર્દિષ્ટ કરેલી લેખી સૂચના આપયા પછી નોંધણી કામદારોસૂચના આપનાર ઈસમ પાસેથી વખતોવખત ઠરાવવામાં આવે તે લાગત લઈને તે સૂચના દાખલ કરીને પોતાના દફતરમાં રાખવી અને 'પુર્નવિવાહ સૂચનાવહી' આ નામની એક વહી રાખવી તેમાં તેણે તેની ખરી નકલ તાબડતોબ નોંધવી.

(૨) કોઈપણ ઈસમને આવહી જોવાની હોય તો નોંધણી કામદાર તે તેને દેખાડવી જોઈએ.

પુનવિવાહ ને હરકતો

૨૦. કલમ ૧૮ પ્રમાણે પુનવિવાહ ની સૂચના આપ્યા પછી સરકાર હુકમથી તેને હરકત કરવામાં આવે નહી તો તે સૂચના આપ્યાની તારીખથી વખતોવખત ઠરાવવામાં આવે તે મુદત વિત્યા બાદ તે સૂચનામાં જણાવ્યા પ્રમાણે પુનવિવાહ કરવાને હરકત નથી.

## પરિશિષ્ટ - અ

કલમ ૧૨ અન્વયે હાલ જે ફોજદારી ન્યાયાધીશોને અધિકાર આપવામાં આવે છે તે.

| કલમ અંક | બાબત | હાલ જેને અધિકાર આપવામાં આવેલો છે તે ફોજદારી ન્યાયાધીશ |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૧૨. | સંમતિ વગર પુનર્વિવાહ કર્યા બદલના ગુન્હાની ચોકસી કરવી | પહેલા વર્ગના ફોજદારી ન્યાયાધીશ થી કયા દરજજાના નહી એવા ફોજદારી ન્યાયાધીશ. |

## પરિશિષ્ટ - બ

કલમ ૧૫ અન્વયે હાલ જે ફોજદારી ન્યાયાધીશોને અધિકાર આપ્યો છે તે.

| કલમ અંક | બાબત | હાલ જેને અધિકાર આપ્યા છે તે ન્યાયાધિશો |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૧૫. | પુન ર્વિવાહ રદ ઠરાવવા વિશેના દાવાનુ કામ ચલાવવું | પ્રાંત ન્યાયાધીશ |

## પરિશિષ્ટ - ક

કલમ ૧૮ અન્વયે આપવાની સૂચનાનો નમૂનો પુનવિવાહ નોંધણી કામદાર પ્રાંત. ખબર આપવાની કે આગળના કોષ્ટક માં નિર્દીષ્ટ કરેલી વિધવા સ્ત્રીનો પુનવિશ્વાસ તે જ કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલા પુરુષ સાથે હિન્દુ વિધવા નિબંધ અન્વયે કરવાનું નિશ્ચિત કર્યું છે.

| નામ | સ્થિતિ | ધંધો | વય | કાંની સંમતિથી | રહેવાનું ઠેકાણુ | આ પ્રાન્તમાં રહયાની મુદત |
|---|---|---|---|---|---|---|
| અ,બ | વિધવા | - | અજ્ઞાત | વડીલભાઈની | " | |

## પરિશિષ્ટ - ડ

કલમ ૧૬ - ૧૮ - ૧૯ - ૨૦

હાલ કરેલી મુદત અને લાગત નીચે મુજબ

| નંબર | બાબત | મુદત | લાગત |
|---|---|---|---|
| ૧. | ૧૬ મી કલમ પ્રમાણે<br>(૧) ૧૧ મી કલમ માં ગુન્હાની ફરીયાદ<br>(૨) ૧૪ મી કલમમાં નિર્દિષ્ટ કરેલો દાવો | ૪ મહિના<br>૬ મહિના | |
| ૨. | ૧૮મી કલમ પ્રમાણે નોંધણી કામદાર ને સૂચના આપ્યા આવેલ તથા રહેવાનું | ૧૪ દિવસ<br>૧૪ દિવસ | |
| ૩. | ૨૦મી કલમ પ્રમાણે પુનવિવાહ ને હરકત કરવી | | |
| ૪. | ૧૯મી કલમ પ્રમાણે લેવાની લાગત | | ૧ રૂપિયો |

## શ્રી.

# દાયણો સંબંધી નિબંધ

ઉદ્દેશ : પ્રસૂતિ સમયે અશિક્ષિત અને દિન અનુભવી દાયણોની મદદ લેવાતી હોવાના પરિણામે પ્રજામાં સ્ત્રીઓ અને બાળકોનાં મરણ અને માંદગીનાં પ્રમાણમાં વધારો થાય છે એમ જણાયાથી અને તેના ઉપાય અર્થે પ્રસૂતિ સમયે અશિક્ષિત દાયણની મદદ લેવાની રૂઢિઓ પ્રતિબંધ કરવાનું ઈષ્ટ જણાયાથી શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદૂર જી.સી.એચ.આઈ.જી.સી.આય.ઈ, ફરજંદે - ખાસ. ઈ.દોલત - ઈંગ્લીશિયા એમણે નીચે પ્રમાણે ઠરાવ્યું છે. :-

## ભાગ - ૧ લો

## પ્રારંભ ના નિયમો

**સંજ્ઞા :-** ૧. આ નિબંધ ને દાયણો સંબંધી નિબંધ કહેવો.

**શરૂઆત :-** ૨. જે પ્રદેશમાં જે તારીખથી અને એટલે અંશે આ નિબંધ લાગુ પાડવામાં આવ્યો છે. એવી જાહેરાત આજ્ઞાપત્રિકામાં વખતો વખત પ્રસિધ્ધ કરવામાં આવે તે તે પ્રદેશમાં તે તારીખથી અને તેટલે અંશે આ નિબંધ અમલમાં આવેશે.

આવી જાહેરાત જે તે સ્થળની સુધરાઈ અગર વિશિષ્ટ પંચાયતનો અભિપ્રાય મેળવી દવાખાનાના મુખ્ય અધિકારીએ હજૂર મંજૂરીથી પ્રસિધ્ધ કરવી.

**વ્યાખ્યા :-**૩.

(૧) આ નિબંધમાં વિષય ઉપરથી અગર પૂર્વાપર સબંધથી કાંઈ બાધ આવતો ન હોય તો દાયણ એટલે પ્રસૂતિ કરાવવાનું કામ કરનારી સ્ત્રી સમજવી.

(૨) પરંતુ એમ ઠરાવવામાં આવે છે કે, આ કલમ ઉપરથી, જેણે મુંબઈ યુનિવરર્સિટી ની એલ.એમ.એસ.અગર એમ.બી.બી.એસ અગર તેન મળતી બીજી કોઈપણ યુનિવરર્સિટી ની વૈધક ખાતાની પરીક્ષા પસાર કરેલી હશે તે ઈસમ દાયણ ગણાશે નહી.

નોંધણી :-૪. દાયણ તથા પરવાનાવાલી દાયણ

(૧) કોઈપણ સખસને દાયણનું કામ કરવાનો ઈરાદો હોય તેણે આ નિબંધ અન્વયે.

(અ) પોતાનું નામ નોધાવવુ, અગર

(બ) તે કામ કરવા પરવાનો મેળવવો જોઈએ.

(૨) કોઈપણ પ્રસિધ્ધ પ્રસૂતિશાળા અગર સુવાવડખાતામાં શિક્ષણ મેળવ્યા બાબત જેની પાસે દાખલો હશે તે પોતાનું નામ 'બ' નિબંધ અન્વયે શિક્ષિત દાયણ તરીકે નોધાવી શકશે.

(૩) જે સખસ પાસે તેવો કોઈ દાખલો ન છતાં દાયણનું કામ કરવા તેને પરવાનો આપવામાં આવે તેનો પરવાના વાલી દાયણ ગણવામાં આવશે.

## ભાગ - ૨જો

## દાયણનો ધંધો અને તે કરવા બાબત પરવાનો

શિક્ષિત દાયણે પોતાનું નામ નોંધાવવા માટે કરવાની અરજી

૫. જે શિક્ષિત દાયણને પોતાનું નામ આ નિબંધ અન્વયે નોધાવવું હશે તેણે દવાખાનાના મુખ્ય અધિકારી તરફ પોતે મેળવેલા શિક્ષણના જે પ્રમાણપત્રો હોય તેની નકલ સાથે એક આનાની ન્યાયાધિશીની લગતના કાગળ ઉપર અરજી કરવી. અરજીદારની લાયકાત બાબત પ્રમાણપત્રો ઉપરથી ખાત્રી થતાં તેનું નામ શિક્ષિત દાયણ તરીકે નોંધી તેને તે બાબત તે અમલદારની સહી તથા કચેરીના સિક્કા સાથેનો દાખલો આપવામાં આવશે.

પરવાનો મળવા માટે અરજી તથા તે ઉપરથી કરવાની તજવીજ

૬. (૧) દાયણનો ધંધો અગર કામ કરવાની ઈચ્છા રાખનાર દરેક સખસ કે જેની પાસે તે શિક્ષણના પ્રમાણપત્ર ન હોય તેણે પોતાના પ્રદેશના નજીકના વૈધકીય અમલદાર તરફ સદરહુ ધંધો અગર કામ કરવા માટે પરવાનો મળવાથી અરજી કરવી. તે અરજીમાં પરિશિષ્ટ ૧ માં બતાવ્યા પ્રમાણે માહિતી હોવી જોઈએ.

**પરવાનો મળવા માટે અરજી તથા તે ઉપરથી કરવાની તજવીજ**

૬.(૨) અરજી આવ્યા પછી સદર વૈધકીય અમલદારે અરજીદારની હકીકત તથા સાસ કામના કાંઈ દાખલા હોય તો તે ખરા કરી લઈ તે દવાખાનાના મુખ્ય અધિકારી તરફ મોકલવી અને સદર દાખલા ઉપરથી અગર બીજી રીતે અમલદાર દાયણનો ધંધો કરવા લાયકી ધરાવે છે. એવી તેની ખાત્રી થાય તો અમલદારને ન્યાયાધિશીની લાગતના આઠ આનાના સ્ટોપ ઉપર પરવાનો આપવો.

(૩) વખતોવખત આજ્ઞાપત્રિકામાં પ્રસિધ્ધ કરીને અગર બીજી રીતે ઠરાવવામાં આવે નહી તો વડોદરા શહેર ને માટે નજીક નો વૈધકીય અમલદાર તે શ્રી જમનાબાઈ દવાખાનાની લેડી ડૉકટર અને તાલુકાઓ માટે જે તે તાલુકાના દવાખાનાનો મુખ્ય ડૉકટર સમજવો.

**પરવાનાવાલી નોંધવહી**

૭. આ નિબંધ પ્રમાણે જે શિક્ષિત દાયણો નોધાયલી હશે તેમને દાયણોની માટે, તથા જેને પરવાના આપવામાં આવ્યા હશે તે નોંધવા માટે જુદી જુદી નોંધવહી રાખવી, અને તેમાં તે દાખલા તથા પરવાના સબંધી હકીકત દાખલ કરવી, અને તેને નોંધવહી નો અનુક્રમ અંક અને તેતે દાખલા અગર પરવાના ઉપર લખવો.

**દાયણોની યાદી પ્રસિધ્ધ કરવા અંગે**

૮. (૧) આ નિબંધ પ્રમાણે નોંધેલી શિક્ષિત દાયણ તથા જેને પરવાનો આપવામાં આવ્યો હોય તે ક્લમ ૯ પ્રમાણે સરકારમાંથી અગર સુધરાઈ તરફથી નિમેલી દેખરેખ રાખનારી શિક્ષિતદાયણના નામની યાદી તેમનાં રહેવાના ઠેકાણા સાથે, દવાખાનામાં, સુધરાઈના બંધબારણે તથા બીજી પ્રસિધ્ધ જગ્યાએ જાહેર રીતે, પ્રજાની જાણ માટે હંમેશ ઓઢીને રાખવી.

(૨) પોતાનાં રહેવાના ઠેકાણામાં ફેરફાર થાય તો તૂર્ત સદર દાયણે તેની ખબર નજીકના વૈધકીય અમલદારને આપવી જોઈએ.

## શિક્ષિત દાયણોની નિમણૂક તથા તેમણે આપવાની મદદ

| | |
|---|---|
| શિક્ષિત દાયણની નિમણૂક | ૯. (૧) આ નિબંધ જે જે સ્થળે સંપૂર્ણ લાગૂ કરવામાં આવશે તેને સ્થળ સરકાર અગર સુધરાઈ તરફથી જરૂર પ્રમાણે એક અથવા વધારે દેખરેખ રાખનારી શિક્ષિત દાયણોની નિમણૂક કરવામાં આવશે.<br>(૨) સદર દાયણે તેમની મદદ કોઈ ભાગે એટલે તૂર્ત કાંઈપણ લાગત લીધા વિના તેને તે આપવી જોઈએ. |
| પ્રસૂતિ થયા બદલની ખબર કોણે | ૧૦. (૧) જે કુટુંબમાં પ્રસૂતિ પોતે કરાવી હોય તે બદલ ની ખબર પ્રસવ થયા પછી અડતાલીસ કલાકની અંદર જે તે સ્થલની દેખરેખ રાખનારી શિક્ષિત દાયણને પરવાનાવાલી દાયણે લેખી અગર મોઢેથી આપવી.<br>(૨) જો કોઈ દાયણે સદર પ્રસૂતિ કરાવી ન હોય તો તે કુટુંબના મુખ્ય માણસે પ્રસવ થયા પછી અડતાલીસ કલાકની અંદર જે તે સ્થલની દેખરેખ રાખનારી શિક્ષિતં દાયણને તે વિષેની ખબર લેખી અગર મોઢેથી આપવી જોઈએ. |
| શિક્ષિત દાયણે પ્રસૂત થયેલી સ્ત્રીને કરવાની મદદ | ૧૧. (૧) ઉપર ની છેલ્લી કલમ પ્રમાણે ખબર મલે એટલે દેખરેખ રાખનારી શિક્ષિત દાયણે પ્રસૂતિશાળાઘરની મુલાકાત લઈ પ્રસૂત થયેલી સ્ત્રી તથા બાળકને તપાસર્વા અને કાંઈ ખામી જણાય તો તેની નોંધ કરવી. આવી રીતે કરેલી નોંધ<br>એ કામ માટે રાખેલી નોંધવહીમાં દાખલ કરી તે નોંધવહી માં નકલ પંદર દિવસે દવાખાનામા મુખ્ય અધિકાશી તશફ મોકલવી.<br>(૨) જો કોઈ પ્રસૂતિ દાયણની મદદ વિના કરાવેલી હોય ત્યાં પ્રસૂત થયેલી સ્ત્રી  તથા બાળકની સહી સલામતી અગર તદુરસ્તી માટે મદદની જરૂર છે. એવુ તે દેખરેખ રાખનારી શિક્ષિત દાયણને |

કામ ગંભીર હોય તો શિક્ષિત દાયણને ખબર આપવી.

જણાયતો તેવી મદદ વખતોવખત તેણે આપવી જોઈએ.

૧૨. પરવાનાવાલી દાયણ પ્રસૂતિ કરાવવા જાય ત્યા તેને એમ માલમ પડે કે, તે કામ ગંભીર છે. અગર શિક્ષિત દાયણની મદદ વગર પોતાનાથી થઈ શકે તેવુ નથી, તે તેણીએ તરત દેખરેખ રાખનારી શિક્ષિત દાયણને તે બદલ ખબર આપવી.

શિક્ષિત દાયણે ખબર મલે કામ હાથ ઉપર લેવુ.

૧૩. ઉપરની કલમ ૧૨ પ્રમાણે ખબર મલ્યા ઉપરથી દેખરેખ રાખનારી શિક્ષિત દાયણે પ્રસૂતિશાળા ઘેર જવું અને તે કામ તેણીએ પોતાના હાથ ઉપર લેવું.

## ભાગ - ૪થો

## ગુન્હા અને શિક્ષા

પરવાના તહકુબ અગર રદ કયારે થશે.

૧૪. (૧) સરાકરી અગર સુધરાઈ તરફથી નિમેલી દાયણે તેની મદદ માગેલી છતાં ગઈ નહી, અગર કોઈપણ પરવાનાવાલી દાયણે પોતાના ધંધાને નહી છાજતું વર્તન કર્યું છે. અગર કલમ ૧૦ માં કહયા પ્રમાણે ખબર આપી નથી અગર પ્રસૂતિનુ કામ કરવાની બેદરકારી કર્યાથી પ્રસવ થયેલી સ્ત્રી અથવા બીજી કોઈપણ પ્રકારની ગંભીર કેસૂર કરી છે. એવી દવાખાતાના મુખ્ય અધિકારીની ખાત્રી થાય તો, તે દાયણનો પરવાનો યોગ્ય લાગે તેટલી મુદત સુધી તહકુબ રાખવા સદરહુ અધિકારી મુખત્યાર છે, પરંતુ તે મુદત એક વર્ષ કરતા વધારે હોવી ન જોઈએ.

(૨) તહકુબ રાખવામાં આવેલી મુદત વિત્યા પછી સદર દાયણે પોતાના જ્ઞાન તેમજ અનુભવમાં સારો સુધારો વધારો કર્યો છે. તેની ખાત્રી કરીને તેનો પરવાનો દવાખાનાના મુખ્ય અધિકારી ફરી તાજો કરી આપશે.

(૩) એ પ્રમાણે એકવાર પરવાનો તાજો કરી આપ્યા પછી ફરીથી પેટાકલમ (૧) પ્રમાણે કસૂર જણાશે તો આપેલો પરવાનો રદ થશે અને તે દાયણ પાસેથી પાછો લઈ લેવામાં આવશે.

(૪) આ કલમ પ્રમાણે જે જે તજવીજ કરવામાં આવે તેની નોંધ પરવાનામાં તથા નોંધવહીમાં કરવી અને દાયણોની પ્રસિધ્ધ કરેલી યાદીમાં તે બાબતની નોંધ કરવી.

પરવાના વગર કામ કરનારને શિક્ષા

૧૫.(૧) આ નિબંધ મુજબ પરવાનો ધારણ કર્યા સિવાય કલમ ૩ની પેટા કલમ (૨) માં દર્શાવેલી સખસો સિવાય કોઈ સખસ પ્રસૂતિ કરાવવાનું કામ કરશે તો તેની વિરુધ્ધ દવાખાતાના મુખ્ય અધિકારી આ કામ જેને વખતો વખત સોપે તેની ફરિયાદ ઉપરથી કામ ચલાવી શકશે અને ગુન્હો સાબિત થયેલી તેન રૂપિયા ૧૦૦ સુધીના દંડની શિક્ષા થશે.

અપવાદ :-

કુટુંબના માણસ, સગાવહાલાં અગર આડોશી પાડોશીની મદદથી જો પ્રસૂતિ થઈ હોય તો તેવા સખસે પ્રસૂતિ કરાવ્યું નુ કામ કર્યુ એવુ ગણાશે નહી.

(૨) એવી ફરિયાદ બીજી વર્ગ કરતાં કમી નહીં એવા દરજ્જાના ફોજદારી ન્યાયાધીશ ને સાંભળવાનો અધિકાર છે.

## ભાગ - ૫ મો

## વિવાદ

| | |
|---|---|
| પરવાનો મેળવ્યા વગર કામ કર્યા થયેલી શિક્ષાના ઠરાવ ઉપર વિવાદ | ૧૬. ઉપરની કલમ ૧૫ મુજબ થયેલી શિક્ષાના ઠરાવ ઉપર પ્રાંત ફોજદારી ન્યાયાધિશીમાં માત્ર એકજ વિવાદ ચાલશે. |
| પરવાનો તહકબ અથવા રદ કરવામા આવે તે ઉપર વિવાહ ચાલશે નહિ. | ૧૭. કલમ ૧૪ મુજબ પરવાનો નહકૂબ અગર રદ કરવામાં આવે તો તે ઠરાવ ઉપર વિવાહ ચાલશે નહીં |

## ભાગ - ૬ ઠ્ઠો

## કિરકોલ

| | |
|---|---|
| શિક્ષણનો વર્ગ ખોલવા વિષે | ૧૮. દાયણના ધંધાનું શિક્ષણ આપવા માટે સરકાર તરફથી દવાખાનાના મુખ્ય અધિકારીની નીચે વડોદરામાં એક વર્ગ ખોલવામાં આવશે, અને તેમાં કોઈપણ અઢાર વર્ષ ઉપરાંતની સ્ત્રીને દાખલ કરવામાં આવશે. |
| શિક્ષણ પરીક્ષા | ૧૯. આ વર્ગમાં શિક્ષણ લેનારી સ્ત્રીઓની દવાખાના તરફથી પરીક્ષા લેવામાં આવશે અને પરીક્ષામાં ઉતીર્ણ થનારી સ્ત્રી તે બાબતનુ પ્રમાણપત્ર આપવામાં આવે છે. |

નિયમ કરવાનો અધિકાર

૨૦. આ નિબંધના ઠરાવો અન્વયે નીચે જણાવેલી બાબતો વિષે દવાખાનાના મુખ્ય અધિકારી યોગ્ય લાગે તેવા નિયમો હજુર મંજૂરીથી કરી શકશે :-

(ક) પરવાનો આપવાનો સબંધમાં તજવીજ કરવા વિશે

(ખ) દેખરેખ રાખનારી શિક્ષિત દાયણની ફરજો ઠરાવવા વિષે તેથી તેણીએ રાખવાની નોંધવહી વિશે.

(ગ) દાયણના ધંધાનું શિક્ષણ આપવાની તજવીજ કરવા વિષે, તથા તેમની પરીક્ષા લેવા વિષે, તથા

(ઘ) આ નિબંધના હેતૂ પાર પાડવા માટે બીજી યોગ્ય તે તજવીજો કરવા વિષે.

## પરિશિષ્ટ -૧ લુ

(જુઓ કલમ ૫)

પરવાનો મલવા માટે અરજી

સરનામું :-

૧. અરજદારનું નામ, બાપનું નામ, અટક, ઉંમર, જાત તથા ધંધો.

૨. અરજદારનું રહેવાનું ઠેકાણું, તથા

૩. પરવાનો હાલવા માટે લાયકી દર્શાવનારી હકીક્ત.

ટીપ :- સારુ કામ કર્યા બદલના દાખલા મળ્યા હોય તો તેની નકલો સામેલ રાખવી તેમજ આ નિબંધ, પ્રમાણે શિક્ષિણ લઈ પરીક્ષા પસાર કર્યા બદલ પ્રમાણપત્ર મેળવ્યું હોય તો તે પણ સામેલ રાખવું.

## પરિશિષ્ટ - ૫

## બાળ લગ્ન પ્રતિબંધક વિશેના અભિપ્રાયો

( વિસનગર નાગર સમાજ, પાટણ નાગર સમાજ, કડી વિશા શ્રીમાળી શ્રાવક વાણિયા સમાજ, તથા પાટણ મુસ્લિમ સમાજના અભિપ્રાયો. )

### : વિસનગર ચ નાગર :

મહેરબાન રાવબહાદુર વડોદરા રાજયના નાયબ દિવાન સાહેબની હજુરમાં.

સેવામાં વિસનગરના રહેનારા વિસનગર નાગરોની અરજ એ છે જે, તારીખ ૭ મી મે સને. ૧૯૦૩ ના શ્રી સયાજી વિજય નામના પેપરમાં વિવાહ સબંધનો ખરડો પ્રસિધ્ધ કરેલો છે. તેમાં કન્યાના વિવાહનો કાળ ૧૪ વરસની ઉમરનો ને વરના વિવાહનો કાળ ૧૮ વરસની ઉમરનો ઠરાવેલો છે. ને એ નિયમ વિરુધ્ધ વર્તનારને શિક્ષા કરવાની અવધ ઠેરવેલી છે. તેમજ સદરહુ ઉમર અંદરના વર કન્યાનો વિવાહ કરવાનો હોય તો પાંચ રૂપિયાના સ્ટાપ ઉપર મહાલ ન્યાયાધીશ તરફ અરજ કરવાનું અને તે ખરડા બાબતમાં જેને પોતાનો મત જણાવવો હોય તેણે બે માસની અંદર આપ નામદારની કચેરી તરફ લખી મોકલવા ફરમાવેલું છે. તે આધારે તળ વિસનગરની અમારી સમગ્ર ન્યાત શ્રી નીલકંઠેશ્વર મહાદેવજીમાં એકઠા થઈ એક મતથી અરજ કરીએ છીએ.

૧. અમારી જ્ઞાતિ વૈશ્ય કે શુદ્ર નથી. પણ ઉત્તમ બ્રાહ્મણ વર્ગની છે. તેથી સદરહુ ખરડો અમારી જ્ઞાતિને લાગુ હોય એમ અમે ધારતા નથી પણ ખરડામાં મોઘમ છે ને કદાપિ તેમાંજ અમારી જ્ઞાતિનો સમાસ ગણ્યો હોય તો તે ખરડો શાસ્ત્ર વિરૂધ્ધ છે તે અમારાથી કબુલ રાખી શકાય તેમ નથી.

૨. અમારી જ્ઞાતિ એક વિસનગરમાં જ છે એમ નથી. પરરાજયોમાં પણ ઘણો મોટો જથ્થો છે જયાં આપણા માનવંતા મહારાજા સાહેબની બિલકુલ હુકમત નથી તેને જયા સાથે અમારો ભોજન વ્યવહાર તથા કન્યા વ્યવહાર છે. એટલે વિસનગરનો વર પરરાજયમાં જઈ ચાલતી રૂઢીને અનુસરી કન્યા પરણી આવશે અથવા કોઈ ગરીબ માણસ પૈસાની સવડ ન હોવાથી સામા કન્યા પરરાજયમાં જઈ પરણાવશે તો પછી ગુન્હો શી રીતે

ગણાશે પરરાજયમાં અમારી જ્ઞાતિવાળા છે. તેઓ કદાપિ લાચારીથી અમે ઉપર જણાવેલા ખરડા મુજબ વરતીએ તેવાત નાપસંદ કરી અમારી સાથેનો સઘળો વ્યવહાર બંધ કરે તો અમારે લગ્ન વ્યવહાર તથા ભોજન વ્યવહાર કોની સાથે રાખવો એ બાબત ફરીયાદ થવો.

૩. હિંદુસ્થાનમાં રજપુત, મરેઠા , મુસલમાન અને અંગ્રેજો વિગેરેનાં રાજયો છે, તેઓ રાજયોવાળાઓએ કોઈ જગોએ કોઈના ઘરમાં અથવા વિવાહ જેવા ખાનગી સબંધમાં હાથ નાખ્યો નથી ને નખાય પણ નહીં તે જો એવી ફરજ પાડવામાં આવે તો તેનું કેવું પરિણામ આવે તે કહી શકાય નહીં.

૪. સત્તા આગળ શાણપણ કામનું નથી એ વાત નિર્વિવાદ છે. પણ આજ કાલ સર્વોપરી સત્તા અંગ્રેજ સરકારની છે. તે સરકાર વિવાહ જેવા પ્રસંગમાં કોઈને હાલના ખરડાની માફક ફરજ પાડતા નથી. પણ સન ૧૮૫૭ ના બળવા વખતે ઢંઢેરો બહાર પાડયો તેમાં સર્વેના ધર્મનું રક્ષણ કરવાનું વચન આપેલું તે આઘાપ પળાતું આવે છે. તો આપણા માનવંતા મહારજા સાહેબે પણ ખરડાવાલી અયોગ્ય ફરજ અમારી જ્ઞાતિને નહીં પાડવી જોઈએ.

૫. હિંદુસ્થાનમાં જુદી જુદી જ્ઞાતિઓ ઘણી છે. તે બધાને એક જ જ્ઞાતના બનાવવા સત્તાનું બળ વાપરવામાં આવે તો તે વાજબી શી રીતે ગણાય.

૬. બાળ લગ્ન તથા કન્યા વિક્રય બંધ થાય તો એ સારી વાત છે. પરંતુ કાળે કરી જયારે બંધ થવાની હશે ત્યારે પોતાની મેળે થશે. કારણ જમાનો પોણાનું કામ કરતો આવે છે એવું અમો પૈકીના ઘરડાઓ પોતાના અનુભવ ઉપરથી ખાત્રી આપે છે કે બૈરીઓ આગળ ઉપર ભાવસારના ઘરના છાપેલા સાડલા પહેરતીઓ, પગમાં રુપાનાં નકર કડલાં અને ખભા સુધી ચુડાઓ પહેરતીઓ, પગમાં રુપાનાં નકર કડલાં અને ખભા સુધી ચુડાઓ પહેરતીઓ હતી. તે ચાલ હાલ તદ્દન નિર્મુળ થઈ પહેર વેશમાં ઘણો જ ફેરફાર થયો છે. તે કાંઈ સતાના બળથી નહીં પણ જમાનાનો ફેરફાર પોતાની સબળતા બતાવે છે.

૭. અમે લોકો તવંગર નથી ગરીબ સ્થિતિવાળા છીએ નામદાર સરકારે ખરડામાં

બતાવેલી ઉમરથી ઓછી ઉમરના વર કન્યાનાં લગ્ન કરવાનાં હોય તો પાંચ રૂપિયાના સ્ટામ્પ કાગળ ઉપર મહાલ ન્યાયાધીશને અરજી કરવા ફરમાવેલું છે. તો જે ઘણી કંકુને કન્યાદાન કરવાનો હોય તે સરકારને પાંચ રૂપિયા સ્ટાંપના કયાંથી લાવી આપશે ? કેમ કે કન્યાદાન અંગે વરને આપવા માટે કંકુ અક્ષત વગર કાંઈ હોય નહીં માટે એ બાબત ફરિયાદ થવો જોઈએ.

૮. આ રાજયમાં આગળના તરીયા લોકોમાં નાતરૂ થવાનું હોય ત્યારે નાતરાં ચિઠ્ઠીની લાગતના પાંચ રૂપિયા સરકારમાં લેવાતા હતા જે હાલ તે લાગત લેવાતી મોકૂફ થઈ છે. ઉપર જણાવેલા ખરડામાં પાંચ રૂપિયાવાળા સ્ટાંપ કાગળ ઉપર અરજ કરવા ફરમાવેલું છે. તે નીકળી ગયેલી નાત્રા ચિઠ્ઠીની લાગતના બદલા માટે હશે. તે અમારી જ્ઞાતિ ઉપર નવીન રીતે પડી શકશે નહીં એમ અમે માનીએ છીએ. તુરત ના માટે અમે ઉપર જણાવેલી હકીકત વિદિત કરીએ છીએ અને વિશેષ હકીકત આપને જાહેર કરવા સરખી હશે તે પાછળથી જણાવીશું.

તારીખ માહે મે સન. ૧૯૦૩ મુકામ વિસનગર.

(સહી) છગનલાલ જેઠારામ.

તથા

બીજી ૫૭ સહીઓ છે.

**પટ્ટન નાગર સમસ્ત**

**શ્રી હાટકેશ્વર પ્રસન્નોસ્તું.**

શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેરબહાદુર વિ.મે.રા.બા. નાયબ દિવાન સાહેબની હજૂર - વડોદરા.

સેવામાં શહેર પાટણની સમસ્ત નાગરજ્ઞાતિની અરજ એ છે જે -

તારીખ ૩૦ એપ્રિલ સન ૧૯૦૩ ની આજ્ઞાપત્રિકામાં પ્રસિધ્ધ થયેલા

'બાળવિવાહ પ્રતિબંધ' નિબંધના મસુદાના સબંધમાં આપસાહેબે માગ્યા પ્રમાણે અમારા સર્વના જે જે અભિપ્રાયો થયા છે, તે શ્રીમંત સરકાર હજૂર સાધત નિવેદન કરવા રજુ કરીએ છીએ :-

૧. આ કાયદો અમારા સનાતન ધર્મની તથા પરા પૂર્વથી ચાલતી આવેલી રૂઢી વિરુધ્ધ છે. કોઈપણ ધર્મશાસ્ત્ર માં રજોદર્શનના કાળ પછી લગ્ન કરવાનું ફરમાન નથી. માટે આ નિબંધ અમને સર્વને કેવળ ધર્મ વિમુખ બનાવવા જેવો તથા સંસારી અડચણોમાં નાખવા જેવો છે. અને પોતપોતાના ધર્મ પ્રમાણે ચાલવામાં આડે આવવાની શ્રીમંત સરકારની ઈચ્છા થવાની સર્વ કોઈ નારાજ અને ભયભીત થયા છીએ.

૨. બાળલગ્નની પ્રજા નિર્બળ થાય છે. એ વાત અમે માનતા નથી. કેમકે ઘણા પ્રાચીન કાળથી જ સ્મૃતિકારોએ વિવાહ આદીના કાળનો નિશ્ચય કરેલો છે. અને તદ્નુસાર હજારો વરસથી હાલની રૂઢી ચાલી આવે છે. અને આંથી જ પ્રજા વર્ગ નબળો પડી ગયો એવું કોઈ સાબિત કરી શક્યું પણ નથી. લગ્ન થવાની સાથે જ શરીર સંબંધ કદી થતો નથી એ તો પુખ્ત વયે જ થાય છે. તેથી વહેલાં લગ્ન થવાની પ્રજા નબળી થાય છે. એ કારણ કેવળ અસ્થાને અને દેખીતું જ અમાન્ય છે. પ્રાચીન કાળમાં પ્રજા સશક્ત હતી તેનું કારણ લોકોમાં આજના જેટલો ભૂખમરો, અભ્યાસ કે ધંધા રોજગારના માર્ગ બંધ નહતા. આજે ઈશ્વર તરફથી તેમજ સરકાર તરફથી રૈયતને નીચોવવાનો જ સતતક્રમ ચાલ્યો છે. તેથી જ સર્વ લોક નિર્ધન થયે જાય છે, ભુખે મરે છે અને નિર્બળ બને છે એ વાત સુપ્રસિધ્ધ છે.

૩. નિબંધ કરવાના કારણોમાંજ વધુવરના તથા વિધવા અને વિધુરનાજ આંકડાઓ આપવામાં આવ્યા છે, તે કેવળ આડે મારગે દોરાવનાર છે. તે આંકડા ન્યાત જાત વાર અને પ્રકાર સમજાય તેમ આપવામાં આવ્યા હોત તો તે ઉપરથી અમને તે સબંધી વિવેચન કરવા ઠીક પડતા વળી કાયદો કરવાથી વિધવાઓની સંખ્યા ઓછી થશે, તેની પ્રજાને બિલકુલ ખાત્રી નથી.

૪. પાશ્ચમાત્ય દેશો કે જેને આજ સુધરેલા કહેવામાં આવે છે તે દેશોના વિવાહ કેવળ ખાનગી કરાર જેવા છે અને તે રીવાજો કે રૂઢસઓનું અનુકરણ અમારાથી કદી પણ થઈ

શકશે નહીં. તેમજ મહીસુરના રાજય જેવી કેળવાઈને તૈયાર થયેલી પોતાની પ્રજાને ઈસરકારજ ધારતી નથી ત્યારે મહીસુરના નિબંધ કે કાનુનો આ રાજયમાં લાગુ પાડવા યોગ્ય પણ નથી.

૫. આ નિબંધ બાંધવાના કારણ તરીકે જે કેટલાક મત એકઠા કરેલા કેહેવામાં આવે છે તે મતો કયા લોકોના છે તે અમે કશું જાણતા નથી. અને આવી અમારા ધર્મ સંબંધી અને સંસાર વ્યવહાર સંબંધી બાબતમાં વચ્ચે પડવાના મતો શ્રીમંત સરકારે એકઠા કર્યા હોય તો અમને મુદ્દૂલ બંધન કારક નથી.

૬. આ કાયદો જો પસાર કરવામાં આવશે તો તેની અમલ બજાવણી કરવા જતાં જતાં સારાં સારાં કુટુંબો, બૈરાં, છોકરાં સર્વની આબરુપર હાથ નાંખવાના અધિકાર આ કાયદાથી હલકાથી ભાર સરકારી નોકરોને મળશે. એ સર્વત્ર જુલમ કર્તા અને ભયંકર થશે.

૭. આ કાયદો શ્રીમંત સરકારે પરોપકાર બુધ્ધિથી કરવા ધારેલો હશે તો તેમાં જે અરજી, સ્ટેમ્પ, અને દંડ સંબંધી કલમો યોજીને મુકવામાં આવેલી છે, તે જોઈ સર્વ પ્રજા ધારે છે કે રાજયમાં થનાર કોઈપણ લગ્ન સ્ટેમ્પ દંડથી બચવાનું નથી. અર્થાત આ કાયદાનો પરોપકારી ઉદેશ ભુલાઈને માત્ર એક નવો કર નાંખવાની જ આ યુક્તિ ભાસે છે. તેથી પ્રજા લૂંટાઈ જઈને ઉલટું ભુખમરો અને નિર્બળતા વધશે.

માટે આપ નામદાર સાહેબ અમારી તરફથી શ્રીમંત પરમ કૃપાળુ સરકાર હજૂર આ બાળવિવાહ પ્રતિબંધક કાયદો પસાર નહિ કરવાના અમારા સકારક અભિપ્રાયો નમ્રતા પૂર્વક નિવેદન કરવા મેહેરબાની કરશો એ જ અરજ.તા. જૂન ૧૯૦૩

(સહી) દેસાઈ હરીધર રણછોડજી

તથા

બીજી ૪૬ સહીઓ છે.

શ્રી.

શ્રીમંત સરકાર વિ. મે. રા. બ. નાયબ દિવાન સાહેબની હજૂરમાં

અમો શહેર પાટણ પ્રાંત કડીના વીસા શ્રીમાળીની શ્રાવક વાણિકાની નાત સમસ્ત બાલ વિવાહ પ્રતિબંધક નિબંધના મુસદાની બાબતમાં નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ.

બીજા દેશો સાથે સરખામણી કરવામાં ભુલ થાય છે તે બદલ.

૧. હિંદુસ્થાન સિવાય ઈતર દેશોમાં વિવાહનું સામાન્ય સ્વરૂપ કરારનું માનવામાં આવે છે. અને અમો હિંદુઓમાં સદરહુ સ્વરૂપ કરારનું નસ્તાં ધાર્મિક સંસ્કારનું છે તેથી બીજા દેશો સાથે આ દેશની સરખામણી કરવામાં ભૂલ થાય છે.

મૈસુરનો કાયદો.

૨. મૈસુરમાં આ બાબતમાં જે કાયદો છે, તે બાલ વિવાહ પ્રતિબંધનો નસ્તાં બાલા વરવધુ વિવાહ પ્રતિબંધનો ને તે પણ પ્રજાની સંમતિથી કરવામાં આવેલો છે.

શીત કટિબંધ અને ઉષ્ણ કટિબંધ

૩. શીત કટિબંધમાં રહેનાર લોકો કરતાં ઉષ્ણ કટિબંધમાં રહેનાર માણસના શરીર ઉપર કેટલાક પ્રકારની જલદી અસર થાય છે. અને તેજ પ્રમાણે વયના કાળમાં અને પૌઢ વયના કાળમાં પણ ઘણો ફેર છે તેમજ સુધરેલા દેશોમાં પ્રજાની સંમતિથી કાયદા કરવામાં આવે છે.

૪. આજ સુધીમાં જેટલા રાજયકર્તા થયા પછી તેઓમાં દેશી હોય કે વિદેશી હોય, તમણે

પ્રજાની ધાર્મિક બાબતોમાં આજ સુધી હાથ ઘાલ્યો

ધરમની બાબતોમાં હાથ ન ઘાલવાના કારણો.

અને અપવાદ દાખલ કેટલાએકે મુસલમાન રાજયકર્તા થયા છે તો પણ તેનો પરિણામ સારો થયો નથી એમ આપણને ઈતિહાસ સાક્ષી આપે છે. હાલના સર્વત્રને ઈગ્રેજ સરકારે પણ આવી બાબતોમાં કાયદો કરી પ્રજાનું મત દુખવવાનો પ્રયત્ન કર્યો નથી તેમ છતાં આ રાજય, કે જે દેશી હોઈ, ગો બ્રાહ્મણ પ્રતિપાળ કહેવાય છે. તે રાજયમાં અને હાલમાંના હિંદુસ્થાનમાં પ્રખ્યાતી પામેલા રાજય કર્તાના અમલ તળે આવો કાયદો બહાર પાડી અમારી ધાર્મિક બાબતોમાં ખલેલ પહોંચે અને આજ સુધી ચાલતી આવેલી રૂઢીમાં કાયદાના જોરથી ફેરફાર કરવાનું પગલું ભરાય તે અમારા ધારવા પ્રમાણે બરાબર નથી.

લગ્ન કયારે કરવામાં આવે છે તે

૫. અમારા શાસ્ત્ર પ્રમાણે અને ચાલતી રૂઢી કે જે શાસ્ત્ર જેવી બલવતર થયેલા તે મુજબ સ્ત્રીને રૂતુ પ્રાપ્ત થયાં પહેલાં તેનું લગ્ન કરવું અવસ્ય છે. તેમ છતાં હાલના કાયદાના લીધે ૧૪ ચૌદ વર્ષ સુધી છોકરાઓને રાખવાથી રજો દર્શના થયા પછી લગ્ન કરવાનો પ્રસંગ આવવાનો. તેમ રજો દર્શનો થયાં છતાં લગ્ન કરવાથી માઠા પરિણામ આવવાનો. તેમ રજો દર્શનો થયાં છતાં લગ્ન કરવાથી માઠા પરિણામ આવવાનો સંભવ છે.

હાલનું સરકારનું ધોરણ

૬. હાલમાં સરકારનું ધોરણ ધાર્મિક બાબતોમાં હાથ ઘાલવા તરફ દોરાએલું એમ કહેવુ પડે છે. થોડા વખત ઉપર ગ્રહણની રજા ન પાળવા બાબત સરકારે બહાર પાડેલો વટહુકમ તથા પુનર્વિવાહનો મંજુર કરેલો કાયદો અને હાલ જે કાયદો કરવા સરકાર ધારે છે એ ઉપરની

બાબતને સાક્ષી આપે છે. સદરહુ વળણ અમારા ધારવા પ્રમાણે ભય ભરેલું અને ના પસંદ કરવા જેવું છે.

**ધાર્મિક બાબતોમાં સરકારે હાથ ન ઘાલતા**

૭. અમે અમારી ધાર્મિક કે સંસારિક બાબતોમાં કોઈ પણ સરકારને વચ્ચે આવવાનું પસંદ કરતા નથી. અને એ બાબતમાં અમારો સખ્તમાં સખ્ત વાંધો છે. ધાર્મિક તથા સંસારિક બાબતોમાં સરકારે હાથ ન ઘાલતાં જે પરિણામ થાય તે અમો આજ સુધી ખમતા આવ્યા છીએ એજ પ્રમાણે આગળ પણ ખમવા તૈયાર છીએ.

**કાયદાનો અમલ મુશ્કેલ છે તે બદલ**

૮. સદરહુ કાયદો અમલમાં આવવો પણ ઘણો કઠણ છે. ને તેનો ભંગ ડગલે ડગલે થવાનો સંભવ છે. ને તેનો પરિણામ પ્રજાને ખરચના ખાડામાં ઉતરવા સિવાય બીજો કાંઈ આવવાનો નથી. હાલ એ પ્રજાની સંમતિ વગરનો અને સખ્ત વિરુધ્ધતાનો કાયદો કોઈ પણ વખત અમલમાં આવી શકશે નહીં. તે તેથી વારંવાર દંડ થશે તે પણ પ્રજા ભરી શકશે નહી ને આખર પ્રજા કંગાલ સ્થિતીમાં આવી જશે.

**પ્રજા નિર્બળ થવાનું**

૯. પ્રજા નિર્બળ થવાનુંજ કારણ બાલ વિવાહનું બતાવ્યું છે તે અમને માન્ય તથા હાલનું જે વિવાહનું ધોરણ કારણ પ્રથમથી ચાલતું આવેલું છતાં પ્રથમ પ્રજા નિર્બળ નહોતી. તે હાલ નિર્બળ થતી જાય છે. તેનું કારણ બધા કરતાં પ્રજાની હાલની કઢંગી સ્થિતીમાં પોતાનું ગુજરાન કરવું ઘણું કઠણ થઈ પડયું છે એજ મુખ્ય છે.

૧૦. હિંદુની વસ્તી આ રાજયમાં જ નસ્તાં આખા કાયદા નથી.

**અમલમાં આવતાં આવનારી હરકતો.**

હિંદુસ્થાનમાં છે. તેથી હિંદુસ્થાનની સદરહું કોમની જે સ્થિતી છે અથવા થશે તેજ સ્થિતી અમારી છે. અને થશે. તેમજ વિવાહનો સંબંધ આ રાજય ની પ્રજાનો આ રાજયની સાથે નસ્તાં આ રાજય સિવાય બીજા રાજયની પ્રજા સાથે પણ છે. તેથી બીજા રાજયમાં આવો કાયદો ન હોવાથી અને આ રાજયમાં કાયદો થાય તો તેથી બીજા રાજયની પ્રજા સાથે લગ્નના સંબંધે જોડાવવાનું આ રાજયના પ્રજાને મુશ્કેલી થશે. તેથી આ કાયદો અમલમાં આવતાં હરકત આવશેજ.

**કરનો વધતો જતો બોજો.**

૧૧. પ્રજા ઉપર જોઈએ તે કરતાં વધારે કર છેજ. તેમ છતાં હાલમાં કેટલાક વખતથી કોઈ પણ બહાને કરનો વધારો થતો જાય છે. આ કાયદામાં પણ ઉત્પન્ન વધારવા તરફ લક્ષ દોરાએલું છે. તે પણ અમો ગરીબ પ્રજા ઉપર સખ્તી કરવા જેવું છે. કે જેનું પરિણામ પ્રજાનો નાશ થયા સિવાય બીજો આવવાનો સંભવ નથી.

**છેવટનું માંગણું.**

ઉપરના કારણોથી શ્રીમંત કૃપાળુ મહારાજા સાહેબ પાસે અમારી નમ્રતા પૂર્વક વિનંતી એ છે જે અમારા ધર્મમાં હાથ ઘાલનારો અને પ્રજા વર્ગમાં ભય ફેલાવનારો સદરહુ કાયદો મંજૂર કરવાનું માંડીવાળવામાં આવશે એવી આશા છે. તા.

(સહી) શેઠ મંગળચંદ ઉત્તમચંદ,
અને બીજો ૬૮ સહીઓ છે.

## <u>પરિશિષ્ટ - ૬</u>

## અંગ્રેજી વર્તમાનપત્રો એ રજૂ કરેલો 'બાળલગ્ન પ્રતિબંધ કાયદા' અંગેનો અભિપ્રાય

### EDITORIAL NOTES

23-5-03

It is satisfactory to note that the opinious expressed in the Native press on the Baroda Early Marraige Prevention Bill have not so far ben aggressively hostile, and the reason obvionsly is that the bill does not fix an inflexible age- limit for the marraige of girls ;

it only seeks to raise that limit as high as custom and certain other considerations permit, but not higher than fourteen years. The only question is whether, where marriges hava to be performed, as contemplated by the bill bellow that age, they should be sanctioned by a magistrate after requiring evilence not of a particularly desirable character, or by the law itself by fixing a lower age limit for such special case. The former course does not improve the remedy provided by the bill for an existing evil, but introduces a new evil. Educted opinion is generlly in full sympthy with the object with which the age. limit is sought to be raised, but under the policy of the bill, which is to provide for the exigencies of custom, that object whold be more certainly

attained by raising the age of consent really, and not of marraige nominally, to 14 years in cases where excommunication has to be avoided, the age of marraige being fixed at a point which makes recourse to the magistrate generally unneccessary. The punishment for infrimging the law of consent such cases may be mild. A law, so framed, would be just to presents, and in consonance a like with the principles of the bill and with the substance of what society reguires.

## THE STATESMAN

21-5-03

EARLY MARRAIGE IN INDIA PROPOSE
REFORM IN BARODA

HIS highness The gaekwad of Baroda is to be congratulated an his resolve to discourage the marraige of boy and girls at an Unduly and unnecessar ily early age. The law proposed to be enacted in Baroda differe from the Mysore Infant Marraige Prevention law in one important respect. The Mysore Act preseribles an age limit below which a marrage shall under no circunstances be prescribes but that limit is very low. The proposed Baroda Regulation prescribles a higher limit - 14 years for girls and 18 for boys - but it

allows marraige at an earlier age provided that they are sanctined by a magisterial license. The magistrate to wham anapplicaton is made for the license shall invite three assessors from the applicant's cammunity and appoint a day for the hearing. the shall consider the reasons given and evidence adduced by the applicant, with the aid of the assessors and shall issue a license for the marraige provided that at least two of the assessors and himself are canvinced

(a) That the post ponment of the marraige would involve riskof excommunication or

(b) That the intended bride ar bridegroom will have no chance of marraige for unother Twelve years if the intended alliance is not allowed, or

(c) That the parent or guadian cannot expect to live until the boy or girl reaches the legal age limit, or

(d) That similar other reasons.

# સંદર્ભગ્રંથસૂચિ

**દફતરકચેરી (કોઠી બિલ્ડીંગ , વડોદરા)માંથી પ્રાપ્ત થયેલ માહિતી :-**

**(૧) દફતરો :**

- હજૂર હુકમની ફાઈલો
- ન્યાયમંત્રીની કચેરીની ફાઈલો
- આજ્ઞાપત્રિકાઓ
- કોન્ફિડેન્સીયલ ફાઈલો

**(૨) અહેવાલો :**

- બરોડા એડમિનીસ્ટ્રેશનના રિપોર્ટ્સ

**(૩) અપ્રગટ પત્રો :**

**(૪) સરકારી સાધનો :**

- ગેઝેટિયર્સ
- રેકોર્ડ્સ

**- વિગતે બાબતો (દફતર કચેરીમાંથી મળેલી) :-**

**(૧) ન્યાયમંત્રીની કચેરીની ફાઈલો :**

ફાઈલ નં : ૨૨૧ / ૨, ઈ.સ. ૧૯૦૨-૦૩
૨૨૫ / ૨, ઈ.સ. ૧૯૦૨-૦૩
૨૨૩
૨૮ , ઈ.સ. ૧૯૦૮ થી ૧૯૨૩

દફતર નંબર : ૩૬૬

ફાઈલ નં : ૭ , ઈ.સ. ૧૯૩૪ , ૩૫
૪૨૨ , ઈ.સ. ૧૯૩૨ - ૩૩
૨૮ , ઈ.સ. ૧૯૦૮ , ૧૯૨૩
૪૦૬ , ઈ.સ. ૧૯૨૮ , ૨૯

**નિબંધો (કાયદાઓ) :-**

*ફાઈલ નં - ૨૩૭*

*પારસી લગ્ન તથા લગ્ન વિચ્છેદ નિબંધ*

**ન્યાયમંત્રીની કચેરી :-**

*૨૩૭ : ફાઈલ નં - ૨૩૭ પાન નં - ૬૫૭*

**આજ્ઞાપત્રિકાઓ :-**

**દફતર નંબર : ૧૧, ૨૬૯**

*ફાઈલ નંબર : ૪ , -*

*ઈ.સ. ૧૯૦૧, ૧૯૧૮-૧૯, ૧૯૩૨-૩૩*

*(વિધવા વિવાહ અંગે ટૂંકસાર)*

**બાળલગ્ન પ્રતિબંધક નિબંધ :**

*ફાઈલ નંબર : ૨૩૯*

*ભાગ - ૨*

*ઈ.સ. ૧૯૦૨-૦૩, ૧૯૦૪, ૧૯૨૦-૨૧*

**લગ્ન વિચ્છેદ કાયદો :-**

*૨૮ - ૧ - ૧૯૩૨*

**જ્ઞાતિત્રાસ નિવારણ નિવેદન :-**

*૧૪ - ૧૨ - ૧૯૩૩*

**(૨) અહેવાલો :**

*બરોડા એડમિનીસ્ટ્રેશન રિપોટર્સ*

*ઈ.સ ૧૮૮૫ થી ૧૯૩૯ સુધી*

**(૩) અપ્રગટ પત્રો :- (દફતરકચેરીમાંથી)**

*મુસલમાન પાટણ સમાજ, પાટણ*

પાટણ નાગર સમાજ, પાટણ

વિસનગર નાગર સમાજ, વિસનગર

ફાઈલ નંબર : ૨૩૯, ઈ.સ. ૧૯૦૩-૦૪

## (૪) સરકાર સાધનો(પ્રકાશનો)

**ગેજેટીયર્સ :**

- ગેજેટીયર્સ ઓફ ધ બોમ્બ પ્રેસિડેન્સી, વોલ્યુમ-૧ અને ૫
- ગેજેટીયર્સ ઓફ ધ બરોડા સ્ટેટ, વોલ્યુમસ - ૧ અને ૨
- ગુજરાત સ્ટેટ ગેજેટીયર્સ, મહેસાણા

**રેકોડર્સ :**

ધ ગાયકવાડ ઓફ બરોડા

હિસ્ટોરીકલ સિલેકશન ફ્રોમ બરોડા સ્ટેટ રેકોડર્સ

**પુસ્તકો :**

- વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજા - ભાગ - ૧લો અને ભાગ - ૨ જો
- હિરક વડોદરા
- ગુજરાતનો અર્વાચિન ઈતિહાસ
- વડોદરામાં ચાલીસ વર્ષ
- શ્રી સયાજી હીરક મહોત્સવ નિવેદન ભાગ - ૧ અને ૨
- વડોદરા રાજયનો ઈતિહાસ
- ગુજરાતનો સ્થાનિક ઈતિહાસ ગ્રંથ - ૧
- અર્વાચિન ગુજરાતનું રેખાદર્શન
- વડોદરા રાજયની ઐતિહાસિક વાતો
- શ્રી સયાજી ગૌરવગ્રંથ
- આધુનિક ભારતમાં સ્ત્રી - જાગૃતિનો ઉદ્દભવ અને વિકાસ
- વડોદરા

- વડોદરા રાજ્ય બંધારણ
- શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યનો ઈતિહાસ
- ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળ
- વિસનગર અને વડોદરા રાજ્યની ટૂંક હકીકત
- ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ
- સયાજીરાવ ગાયકવાડ
- સમાજ સુધારણાનું રેખાદર્શન
- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસના ગ્રંથો
- ભગવતદ્રોમંડળ
- અપ્રગટ મહાશોધ નિબંધો અને લઘુશોધ નિબંધો



# લેખકનો પરિચય

ડૉ.નરેશ જે.પરીખનો જન્મ ઉત્તર ગુજરાતની શિક્ષણ નગરી વિસનગરમાં તા.૨૦-૬-૧૯૬૭ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ વિસનગરમાં અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકનું શિક્ષણ પ્રાચીન રાજધાની પાટણમાં લીધું. વિસનગર એમ.એન.કોલેજમાં તેઓ બી.એ. પ્રથમ કક્ષાએ પાસ કર્યું. તેઓ ઇતિહાસ વિષયમાં કોલેજમાં પ્રથમ હતા. ત્યારબાદ અનુસ્નાતક મધ્યકાલીન ગુજરાતનું પાટનગર અમદાવાદમાં પ્રથમ વર્ગમા પસાર કર્યું.

ઇતિહાસની ભૂખને સંતોષવા ઉત્તર ગુજરાતના જાણીતા ઇતિહાસકાર ડૉ.આઇ.જી.ઓઝાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પૂર્ણ કર્યું.સતત છ વર્ષના સંશોધન બાદ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા પીએચ.ડીની ડીગ્રી મેળવી.તેઓ આ યુનિવર્સિટીમાં ઇતિહાસ વિષયમાં પ્રથમ પીએચ.ડી થનાર છે.

વિસનગર - મહિલા કોલેજ, માણસા - આર્ટ્સ કોલેજ અને કડી - સાયન્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં પાર્ટ ટાઇમ ઇતિહાસ વિષયના અધ્યાપક તરીકે સેવાઓ આપી. ત્યારબાદ તેઓ પૂર્ણ સમયના અધ્યાપક તરીકે કડી કોલેજમાં ઇ.સ.૧૯૯૪થી કાર્યરત છે. સરકારી કોલેજ - વિસનગર, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ- પાટણમાં અનુસ્નાતકના મુલાકાતે અધ્યાપક તરીકે સતત ૧૦ વર્ષ સુધી સેવાઓ આપી. અત્યારે કડી કોલેજમાં અનુસ્નાતકમાં સેવાઓ આપી રહ્યા છે.

સંશોધન તેમને પ્રિય વિષય છે.ઇન્ટરનેશનલ, નેશનલ અને સ્ટેટ લેવલના સેમિનાર, પરિસંવાદમાં સંશોધન પેપરો રજૂ કર્યા છે તથા સંશોધન લેખો ઇન્ટરનેશનલ,નેશનલ અને સ્ટેટ લેવલના સામયિકોમાં પ્રકાશિત થયા છે. તેમણે વિષયોને લગતા ૯ પુસ્તકો લખ્યા છે અને સહ લેખક તરીકે તેમના ૧૨ પુસ્તકો પ્રકાશિત થયા છે.યુ.જી.સી.અને અન્ય યુનિવર્સિટીના ત્રણ માઇનોર પ્રોજક્ટ પૂર્ણ કર્યા છે. તેઓ પીએચ.ડી.અને એમ.ફીલના માર્ગદર્શક છે.તેમના માર્ગદર્શન હેઠળ ૭ વિદ્યાર્થીઓ પીએચ.ડી. અને ૨૬ વિદ્યાર્થીઓ એમ.ફીલની પદવી મેળવેલ છે. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક રીતે જોડાયેલા છે. શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં તજજ્ઞ વ્યાખ્યાનો આપેલા છે. ગુજરાત અને ગુજરાત બહાર પ્રગટ થતાં સામયિકોમાં વિષયના માર્ગદર્શક તરીકે કામગીરી બજાવે છે.

ડૉ.પરીખ સંશોધન ક્ષેત્રે ખેડાણ કરી શિક્ષણ જગતમાં નામના મેળવી એ જ અભ્યર્થના.



પ્રિ. એચ.વાય. ખરવાસીયા

દ્વારા

ISBN : 978 - 93 - 5126 - 047 - 9